# વાઈબ્રન્ટ રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા
ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ.
ઓગષ્ટ-૨૦૨૩




## કેકેવી ચોક ખાતે નિર્માણ પામેલ મલ્ટિલેવલ ફ્લાયઓવર બ્રિજનું માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે લોકાર્પણ

## રાજકોટને ઈન્ટરનેશનલ એરપોર્ટની ભેટ


લાઈટ હાઉસ


લાઈબ્રેરી


સિવિલ હોસ્પિટલ ચોક બ્રિજ



# રૂપરેખા-At a Glance


રાજકોટને ઈન્ટરનેશનલ એરપોર્ટની ભેટ : કેકેવી ચોક મલ્ટિલેવલ ફ્લાયઓવર બ્રિજનું માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે લોકાર્પણ... ૦૯

રાજકોટ મહાનગરપાલિકાની OTP આધારીત ફરિયાદ નિવારણ સિસ્ટમને નેશનલ ઈ-ગવર્નન્સ એવોર્ડ... ૧૪

'રામવન' અર્બન ફોરેસ્ટ, ઈલે. બસ ચાર્જિંગ સ્ટેશન, ૨૩ ઈલે. બસ સહિતના વિકાસ કામોના માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે લોકાર્પણ તથા ખાતમુહૂર્ત... ૧૫

લાઈટહાઉસ પ્રોજેક્ટ અને સિવિલ હોસ્પિટલ ચોક સહિતના ત્રણ ઓવરબ્રિજનું માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે લોકાર્પણ :... ૧૯

રાજકોટમાં નેશનલ ગેઈમ્સ-૨૦૨૨નું શાનદાર સફળ આયોજન : તા. ૧૫ થી ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમ્યાન સ્પોર્ટ્સ કાર્નિવલ યોજાયો... ૨૩

જડુસ ઓવરબ્રિજનું માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં લોકાર્પણ : RMC-RUDAના રૂ. ૧૪૧ કરોડના પ્રોજેક્ટના લોકાર્પણ, ખાતમુહૂર્ત અને આવાસોનો ડ્રો... ૨૭

રાજકોટમાં નેશનલ અર્બન હાઉસિંગ કોન્કલેવ - ૨૦૨૨ યોજાઈ : માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે ઉદ્દઘાટન... ૨૯

ક્લાઈમેટ ચેન્જ... એક પડકાર... યુએસ એજન્સી (USAID) દ્વારા વર્કશોપ યોજાયો : એશિયાના ચાર પૈકી ભારતના એક માત્ર રાજકોટની પસંદગી :... ૩૧

સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૧ : ગાર્બેજ ફ્રી સિટી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાને થ્રી સ્ટાર સર્ટિફિકેટ એનાયત :... ૩૪

વિકાસ પથ પર રાજકોટની તેજ રફતાર : સ્ટેન્ડિંગ કમિટી દ્વારા અઢી વર્ષમાં રૂા. ૮૫૪ કરોડના કામો મંજુર : ૨.૫ વર્ષની વિકાસ ગાથાની આછેરી ઝલક... ૩૫

અમૃત આવાસોત્સવ : ૧૫૪૮ આવાસોનું ઈ-લોકાર્પણ : ૧૦૧૦ આવાસોનું માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે ઈ-ખાતમુહૂર્ત... ૪૯

PMSVAnidhi યોજનામાં ૧૭૧૯૦ શેરી ફેરિયાઓને લોન મળી : લાભાર્થીઓ સાથે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓનો સંવાદ યોજાયો... ૬૪



- **પ્રકાશક** :– રાજકોટ મહાનગરપાલિકા, ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ.
  ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ૨૨૩૯૯૭૩, ફેક્સ: ૦૨૮૧-૨૨૨૪૨૫૮
  ઈ-મેઈલ : mc_rmc@rmc.gov.in, વેબસાઇટ : www.rmc.gov.in
- **પરામર્શ** :– ડૉ. પ્રદિપ ડવ, મેયરશ્રી,
  શ્રી પુષ્કરભાઇ પટેલ, ચેરમેનશ્રી સ્ટેન્ડિંગ કમિટી,
  શ્રી આનંદ પટેલ, IAS મ્યુનિ. કમિશનરશ્રી
- **સંપાદન અને સંકલન** :– શ્રી ભૂપેશ ટી. રાઠોડ, જન સંપર્ક અધિકારી
  શ્રી રાકેશ બી. શીલુ, પીઆરઓ ઓફિસ
- **મુદ્રક** :– બાલાજી પ્રિન્ટ સોલ્યુશન્સ, રાજકોટ



# શુભેચ્છા સંદેશ

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
**માનનીય પ્રધાનમંત્રીશ્રી,**
**ભારત**

सत्यमेव जयते

प्रधान मंत्री
Prime Minister

**સંદેશ**

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા શહેરના વિકાસલક્ષી કાર્યોની માહિતી આપતી 'વાઈબ્રન્ટ રાજકોટ' પુસ્તિકા પ્રકાશિત થઈ રહી છે તે જાણી આનંદ થયો.

રાજકોટ પરંપરાનો વારસો જાળવીને આગળ વધી રહેલું આધુનિક શહેર છે. સૌરાષ્ટ્રના હૃદય સમું આ શહેર ખંત, ખમીર અને કૌશલ્યના બળે મોખરાના શહેરોમાં આગવું સ્થાન ધરાવે છે.

નાના મોટા ઉદ્યોગોથી માંડી વિશાળ ઉદ્યોગ સામ્રાજ્ય માટે રાજકોટ ફ્લેગશીપ સિટી બની રહ્યું છે. ફૂડ પ્રોસેસિંગ, કૃષિ ટેક્નોલોજી, મશીનરી ઉત્પાદન માટેના હબથી માંડી બાંધણી અને રેશમી ભરતકામ જેવા હુન્નર ઉદ્યોગ રાજકોટની ઓળખ છે. મેક ઈન ઈન્ડિયા વિઝનને ઝડપથી આત્મસાત કરી વિકાસની ગતિમાં રાજકોટ આગેકુચ કરી રહ્યું છે. આત્મનિર્ભર ભારતના સંકલ્પને રાજકોટ જેવા ઉદ્યમી નગર દ્વારા એક નવો આયામ મળશે એની મને ખાતરી છે.

રંગીલું શહેર રાજકોટ હવે ઓવરબ્રિજોના શહેર તરીકે ઓળખાઈ રહ્યું છે. લાઈટ હાઉસ પ્રોજેક્ટ, અર્બન ફોરેસ્ટ 'રામવન' અને અટલ સરોવર શહેરની નવી ઓળખ બનવા જઈ રહી છે. આ ઉદ્યમી શહેરમાં નાનકડા ઉદ્યોગ સાહસોએ આગળ જઈને દુનિયાભરમાં ડંકો વગાડ્યો હોય એવા ઘણા ઉદાહરણો છે.

ઐતિહાસિક રાજકોટ શહેર ગાંધીજી અને સરદારસિંહ રાણા સહિત અનેક પ્રતિભાઓના જીવન પડાવમાં મહત્વનું સ્થાન ધરાવે છે. વ્યક્તિગત રીતે સાર્વજનિક જીવન અને રાજકીય કારકિર્દીમાં મારા માટે રાજકોટનું અનોખું સ્થાન છે.

રાજકોટ શ્રમનું ગૌરવ કરનારી અને સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપનારી ભૂમિ છે. ભારતની વિકાસ યાત્રામાં રાજકોટનો સહયોગ મળતો રહેશે એવી મને શ્રદ્ધા છે.

શુભેચ્છા સહિત,

(નરેન્દ્ર મોદી)

નવી દિલ્હી
૧૨ શ્રાવણ, શક સંવત ૧૯૪૫
૦૩ ઓગષ્ટ, ૨૦૨૩

Dr. Pradip Dav
Mayor
Rajkot Mahanagar Palika
Dhebarbhai Road, Rajkot
Gujarat



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય

# શુભેચ્છા સંદેશ

સત્યમેવ જયતે

**ભૂપેન્દ્ર પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૦૩-૦૭-૨૦૨૩

## સંદેશ

સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય વિકાસના મોડેલ તરીકે પ્રગતિના વિવિધ માપદંડો હાંસલ કરવાની સાથે અગ્રેસર રહ્યું છે. વિકાસની આ આગેકૂચમાં નાગરિકોના જીવનધોરણમાં વધુ સગવડો અને સુરક્ષાનું સ્તર ઊંચું આવે ત્યારે વિકાસની અસરકારકતાની સોડમ સમાજમાં ચારે બાજુ ફેલાઈ જતી હોય છે.

ગુજરાતના ખૂણે-ખૂણે વિકાસના નવા આયામો સર કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજ્યના છેવાડાના માનવીને વિકાસની આ હરણફાળનો લાભ મળી રહે અને દરેકના જીવનધોરણમાં સુધારો આવે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટાયેલી પાંખના પ્રથમ અઢી વર્ષના કાર્યકાળનો ચિતાર વર્ણવતું "વાઈબ્રન્ટ રાજકોટ મેગેઝિન" બહાર પાડવામાં આવી રહ્યું છે તે જાણી આનંદ થયો. મેગેઝિનમાં મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારોના વિકાસકાર્યોને આવરી લઈ તેને વર્ણવવાનો પ્રયાસ આવકાર્ય છે. આ મેગેઝિન લોકો સુધી માહિતી પહોંચાડવાનું માધ્યમ બને અને મનપાના વહીવટી તંત્રને જનતા તરફથી પ્રોત્સાહન મળી રહે તેવી શુભકામના. આ મેગેઝિન રાજ્ય સરકારની કલ્યાણલક્ષી યોજનાઓને પણ વધુમાં વધુ લોકો સુધી પહોંચાડી પોતાના પ્રકાશન કાર્યને સફળ બનાવે તેવી શુભેચ્છા.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

To,
**Dr. Pradip Dav,** *Mayor,*
Rajkot Municipal Corporation,
Dr. Ambedkar Bhavan, Dhebarbhai Road,
Rajkot-360001.
Email: mayor_rmc@rmc.gov.in
Mo: 9624701201, 9924800001



**ડૉ. મનસુખભાઈ માંડવિયા**
**માનનીય મંત્રીશ્રી,**
**સ્વાસ્થ્ય અને**
**પરિવાર કલ્યાણ**
**તથા રસાયણ અને**
**ખાતર વિભાગ,**
**ભારત સરકાર**

# શુભેચ્છા સંદેશ


डॉ. मनसुख मांडविया
DR. MANSUKH MANDAVIYA

सत्यमेव जयते

मंत्री
स्वास्थ्य एवं परिवार कल्याण
व रसायन एवं उर्वरक
भारत सरकार
Minister
Health & Family Welfare
and Chemicals & Fertilizers
Government of India


લોકશાહી શાસન વ્યવસ્થામાં નાગરીકોને હિસાબ મળે, પારદર્શિતા સાથે માહિતી મળે અને ચૂંટાયેલ સરકાર જવાબદેહી સાથે કાર્ય કરે તે ખૂબ જરૂરી છે. ચૂંટાયેલ સરકારે પણ પ્રયત્ન કરવો જોઈએ કે તેઓ નિષ્ઠાપૂર્વક મતદારોને માહિતી આપે, હિસાબ આપે અને તેમના કરેલા કાર્યોનું સરવૈયું પહોંચાડે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આવા જ એક પ્રયાસના ભાગરૂપે 'વાયબ્રન્ટ રાજકોટ મેગેઝીન'નું સંપાદન કરવામાં આવે છે. આ મેગેઝીનના માધ્યમથી તેઓ રાજકોટના નાગરીકોને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહેલા કાર્યો, વિકાસની યોજનાઓ અને મહત્વના માહિતી અને સમાચાર આપવાની કોશિશ કરે છે. આ પગલું ખૂબજ સરાહનીય અને અનુકરણીય છે.

મને આશા અને વિશ્વાસ છે કે જે રીતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વાયબ્રન્ટ રાજકોટ મેગેઝીન મારફતે જે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે તે અન્ય મહાનગરપાલિકા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને એક માર્ગદર્શન પુરૂ પાડશે અને તેઓ પણ આ પ્રયાસમાંથી પ્રેરણા લઇ પોતાના વિસ્તારના નાગરીકને આ રીતે જ હિસાબ અને માહિતી આપવાનો પ્રયાસ કરશે.

આ મેગેઝીનના સંપાદન કાર્ય સાથે જોડાયેલ તમામ ચૂંટાયેલ પદાધિકારીઓ, રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓ તથા પ્રિન્ટીંગ સ્ટાફને મારી અંતઃકારણ પૂર્વકની શુભેચ્છા પાઠવું છું અને ભગવાનને પ્રાર્થના કરું છું કે આપના આ પ્રયાસમાં આપને ખૂબ સફળતા મળે.

(મનસુખ માંડવિયા)


कार्यालय: 348, ए-स्कंध, निर्माण भवन, नई दिल्ली - 110011 • Office: 348, A-Wing, Nirman Bhawan, New Delhi - 110011
Tele.: (O): +91-11-23061661, 23063513 • Telefax : 23062358 • E-mail : india-hfm@gov.in



**શ્રી સી. આર. પાટીલ**
**માનનીય સાંસદશ્રી,**
**લોકસભા**

# શુભેચ્છા સંદેશ

## શુભેચ્છા સંદેશ

નમસ્કાર,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસલક્ષી કામોની માહિતીના પ્રચાર-પ્રસાર માટે ''વાઈબ્રન્ટ રાજકોટ'' મેગેઝીન પ્રસિદ્ધ કરવામાં આવે છે તે જાણી આનંદ થયો.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'વાઈબ્રન્ટ રાજકોટ' મેગેઝીનમાં મહાનગરપાલિકા દ્વારા સરકારશ્રીના સહયોગ સાથે વિકાસલક્ષી કેટલા પ્રોજેક્ટો જેવા કે, લાઈટહાઉસ પ્રોજેક્ટ, ઓવરબ્રીજ, અન્ડરબ્રીજ, કાલાવડ રોડ પર જડુસ જંક્શન ખાતે ઓવરબ્રીજ, આવાસ યોજનાઓ, અર્બન ફોરેસ્ટ 'રામવન', તથા પૂર્ણતાને આરે આવેલ સ્માર્ટસિટી એરીયામાં અટલ સરોવર, જેવા વિવિધ પ્રોજેક્ટોની માહિતી સચિત્ર પ્રસિદ્ધ કરનાર છો. આ માહિતી દ્વારા મહાનગરની ચૂંટાયેલી પાંખ દ્વારા કેટલા કામો કરવામાં આવ્યા છે તેની રાજકોટ મહાનગરના લોકોને માહિતી મળી રહેશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરને વિકાસના કામો કરી રાજ્યમાં અવ્વલ નંબરે લાવો એવી મારી હાર્દિક શુભેચ્છા...

ધન્યવાદ...

**સી આર પાટીલ**

**પ્રતિ,**
**ડો. પ્રદિપજી ડવ - મેયર**
રાજકોટ મહાનગર પાલિકા,
રાજકોટ.
તારીખ : ૩૧/૦૭/૨૦૨૩૧



**શ્રી રાઘવજીભાઈ પટેલ**
**માનનીય કેબિનેટ મંત્રીશ્રી,**
**કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન,**
**મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ**
**ગ્રામ વિકાસ અને રાજકોટના**
**માન.પ્રભારી મંત્રીશ્રી,**
**ગુજરાત**

# શુભેચ્છા સંદેશ

રાઘવજી પટેલ

ક્રમાંકઃ મં./કૃ.પ.ગૌ.મ./ગ્રા.ગૃ.નિ અને ગ્રા.વિ/VIP/ /૨૦૨

**મંત્રી,**
**કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ,**
**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ,**
**ગુજરાત સરકાર**
સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નં. : ૦૭૯-૨૩૨૫૦૧૧૫
ફેક્સ નં. : ૦૭૯-૨૩૨૫૧૯૭૯
તારીખ :

શુભેચ્છા

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસલક્ષી કામોની માહિતીના પ્રચાર પ્રસાર માટે ‘વાઈબ્રન્ટ રાજકોટ’ મેગેઝીન પ્રસિદ્ધ આવનાર છે જે જાણી આનંદ થયો.

ગુજરાત સરકાર તમામ શહેરોને સમાર્ટ સીટી બનાવવા માટે કટિબદ્ધ છે. ઘણા વર્ષોની ભાજપ સરકારની મહેનતને પરિણામે ગુજરાતના અનેક શહેરોની સાથે સ્વચ્છ, સુંદર અને સુવિધાપૂર્ણ રાજકોટ શહેર ગુજરાતની શાન બન્યું છે. આવનારા સમયમાં હજી વધુ આંતર માળખાકીય સુવિધાઓ રાજકોટ શહેરમાં વધવાથી રાજકોટ શહેરના નાગરિકોની સુખાકારીમાં ઘણો વધારો થશે.

આજે રાજકોટ સૌરાષ્ટ્રનું દરેક ક્ષેત્રે હબ બની રહેલ છે. હાલમાં જ માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ રાજકોટને હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટની ભેટ આપી છે. જે ખૂબ જ ગર્વની વાત છે.

વધુમાં રાજકોટ મહાનગરપાલિકાની વર્તમાન ચૂંટાયેલી પાંખનો પ્રથમ અઢી વર્ષનો કાર્યકાળ પૂર્ણ થઇ રહ્યો છે. આ સમયગાળાના સમાપન અવસરે પ્રસિદ્ધ થનાર ‘વાઈબ્રન્ટ રાજકોટ’ મેગેઝીનમાં લાઈટ હાઉસ પ્રોજેક્ટ, ઓવરબ્રિજ, અન્ડર બ્રીજ, આવાસ યોજનાઓ, અર્બન ફોરેસ્ટ ‘રામવન’ અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટની સચિત્ર વિગતો કંડારવામાં આવનાર છે. જે વિશેષ આનંદની વાત છે. આવનારા વર્ષોમાં પણ ગુજરાત સરકાર રાજકોટ શહેરના વિકાસ માટે કટિબદ્ધ છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સબકા સાથ સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ અંતર્ગત આધુનિક ભારતના નિર્માણનો એમણે જે પાયો નાખ્યો છે તેમાં યોગદાન આપવાનું ગુજરાતનું સુકાન માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારને સોંપ્યુ છે. તેમનો સરળ અને સાલસ સ્વભાવ ટીમ ગુજરાતની આગવી ઓળખ બની છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રસિદ્ધ થનાર ‘વાઈબ્રન્ટ રાજકોટ’ મેગેઝીન સૌને આકર્ષિત કરશે જેનો મને સંપૂર્ણ વિશ્વાસ છે. રાજકોટ આવનારા સમયમાં સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાત માટે પણ વિકાસની દિશા અને રાહ દેખાડે તેવી હું ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

(રાઘવજી પટેલ)

પ્રતિ
શ્રી પ્રદીપભાઈ ડવ, મેયરશ્રી, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ



**શ્રી ભાનુબેન બાબરીયા**
**માનનીય કેબિનેટ મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, ગુજરાત**

# શુભેચ્છા સંદેશ

**શ્રીમતી ભાનુબેન બાબરીયા**

ક્રમાંક: મં./સા.ન્યા.અને અ.,મ.અને બા.ક./ VIP/ - /૨૦૨૩

**મંત્રી,**
**સામાજિક ન્યાય અને અધિકારીતા,**
**મહિલા અને બાળ કલ્યાણ,**
**ગુજરાત સરકાર.**
સ્વર્ણિમ સંકુલ-૧, પહેલો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
તારીખ : 04 AUG 2023

## શુભેચ્છા સંદેશ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિકાસલક્ષી કામોની માહિતીના પ્રચાર પ્રસાર માટે તબક્કાવાર "વાઈબ્રન્ટ રાજકોટ" મેગેઝીન પ્રસિદ્ધ કરવામાં આવે છે. જે જાણી હું ખુબ જ ગર્વની લાગણી અનુભવું છું. રાજકોટ મહાનગર પાલિકાના દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના વિસ્તારમાં ઘણા સારા વિકાસલક્ષી કાર્યો કરી રાજકોટ શહેરની સુવિધાઓનો વ્યાપ વધાર્યો છે તે ઉપરાંત "લાઈટ હાઉસ પ્રોજેકટ", નવા ઓવરબ્રીજ .તેમજ અંડરબ્રીજનું નિર્માણ, આવાસ યોજનાઓ, અર્બન ફોરેસ્ટ "રામવન"અને અટલ સરોવર વગેરે વિકાસલક્ષી પ્રોજેક્ટો થકી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરને સ્માર્ટ શહેર બનાવવામાં ઉપયોગી નિવડશે. જે રાજકોટ શહેરની જનતા માટે ખુબ જ લાભકારક બની રહેશે. અને હજુ પણ શહેરની આમ જનતાને પણ નાનામાં નાની પાયાની જરુરીયાત મળી રહે તેવા કાર્યો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા થતા રહે તેવી આશા સાથે શુભકામનાઓ પાઠવું છું.

**આપની સ્નેહાધિન,**

B M Babaliya

**(ભાનુબેન બાબરીયા)**

પ્રતિ,
**ડૉ. પ્રદિપ ડવ,**
**મેયરશ્રી-રાજકોટ મહાનગરપાલિકા,**
ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ,
રાજકોટ-૧

# આ અંકની વાત



વિકાસ પથ પર ઝડપભેર આગળ ધપી રહેલ રાજકોટ શહેર આજે માત્ર રાષ્ટ્રીય સ્તરે જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ પ્રતિષ્ઠા ધરાવે છે. રાજકોટને આવું ગૌરવ પ્રાપ્ત થયું છે તેમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તરીકે રાજકોટ મહાનગરપાલિકાનું યોગદાન ઘણું મહત્વપૂર્ણ બની રહ્યું છે. અહીં એ હકિકત તરફ ધ્યાન દોરવું અત્યંત જરૂરી જણાય છે કે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આર્થિકરીતે વધુ મજબુત કરવા વખતોવખત જરૂરી ફંડ આપવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી દ્વારા ખાસ નીતિ અપનાવવામાં આવેલ છે, જેના પરિણામે વિકાસ પ્રક્રિયાને ઝડપથી આગળ ધપાવવામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વધુ સક્ષમ બની શકી છે. રાજકોટનું જ ઉદાહરણ ટાંકીએ તો કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીના સતત આર્થિક સહયોગ અને માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકા અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ પૂર્ણ કરી ચુકી છે અને વિવિધ પ્રોજેક્ટ્સ હાલ પ્રગતિમાં છે.

વખતોવખત રાજકોટ શહેરની હદ વધી છે અને આજુબાજુના ગામોના નવા નવા વિસ્તારો રાજકોટમાં ભળતા રાજકોટ મહાનગરપાલિકાની જવાબદારીમાં નોંધપાત્ર વધારો થયો છે. અત્યારે ઝડપી શહેરીકરણનો દૌર ચાલે છે. સ્વાભાવિક રીતે જ વહીવટી તંત્ર પાસેથી લોકોની અપેક્ષાઓ પણ વધી રહી છે. જોકે મને એ કહેતા આનંદ થાય છે કે, શહેરના વિકાસના સંદર્ભમાં લોકોની અપેક્ષાઓ સંતોષવા રાજકોટ મહાનગરપાલિકા સફળતાપૂર્વક આગેકૂચ કરી રહી છે. રાજકોટ મહાનગરપાલિકામાં નવા વિસ્તારો ભળતાં શહેરનું કુલ ક્ષેત્રફળ વધીને ૧૬૧.૮૬ ચો.કિ.મી. થયું છે. આ વિસ્તારના લોકોને પણ પ્રાથમિક સુવિધાઓની સાથોસાથ અન્ય વિકાસ કામોના લાભ મળે તે માટે રાજકોટ મહાનગરપાલિકા કટિબદ્ધ છે.

આપ સૌ એ હકિકતથી વિદિત છો કે, સરકારશ્રીના સહકાર સાથે રાજકોટનાં ઝડપી વિકાસ માટે ''સૌની યોજના'', એઈમ્સ, ઈન્ટરનેશનલ એરપોર્ટ, બસ પોર્ટ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ, ઓડિટોરિયમ, લાઈબ્રેરી, મહાત્મા ગાંધી મ્યુઝિયમ, BRTS, બગીચાઓ, ઝૂ, રેસકોર્સ-૨, સ્માર્ટ સિટી હેઠળના વિવિધ પ્રોજેક્ટ્સ, રામ વન અર્બન ફોરેસ્ટ, વિવિધ આવાસ યોજનાઓ, જુદાજુદા સ્થળોએ બ્રિજ, સહિતના વિવિધ પ્રોજેક્ટ્સ રાજકોટને માણવાલાયક રહેવાલાયક શહેર બનાવવામાં મહત્વપૂર્ણ બની રહ્યા છે. વિશેષમાં રાજકોટમાં હરવાફરવા માટે વધુ એક સુંદર સ્થળ ઉપલબ્ધ બનવા જઈ રહ્યું છે. સ્માર્ટ સિટી એરીયામાં અટલ સરોવર ડેવલપ કરવામાં આવેલ છે અને આ પ્રોજેક્ટ પૂર્ણ થવામાં છે અને હવે ટૂંક સમયમાં જ તે પ્રજાજનોને સમર્પિત કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરને વધુ ને વધુ સુવિધાપૂર્ણ બનાવવા માટે નવું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, નવા સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ, લાયન્સ સફારી પાર્ક, આવાસ યોજનાઓ, રાજકોટની જનતાને આરોગ્યલક્ષી સેવાઓ માટે આરોગ્ય કેન્દ્રો, સામાજિક કાર્યો માટે કોમ્યુનિટી હોલ, આધુનિક ઓડિટોરિયમ, તેમજ મહાનગરપાલિકાનાં વિવિધ કામો માટે ત્રણ મુખ્ય ઝોન ઓફિસ, તેમજ દરેક વોર્ડમાં વોર્ડ ઓફિસની સુવિધા ઉપલબ્ધ છે. શહેરીજનોની સુખાકારીમાં વૃદ્ધિ કરતા રહેવાની આ વિકાસ પ્રક્રિયા અવિરત ઝડપથી આગળ ધપાવવા રાજકોટ મહાનગરપાલિકા કટિબદ્ધ છે.

**ડૉ. પ્રદિપ ડવ**
મેયર
રાજકોટ મહાનગરપાલિકા



રાજકોટ ખુબ જ ઝડપથી વિકસી રહેલું શહેર છે અને તેની વિકાસ પ્રક્રિયામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા રાજકોટ મહાનગરપાલિકાની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ બની રહી છે. શહેરીકરણની પ્રક્રિયા પણ ઝડપી બની છે, પરિણામે મહાનગરપાલિકાની જવાબદારીઓ પણ વધી રહી છે. છેલ્લા અઢી દસકામાં રાજકોટની ભૌગોલિક હદનું ત્રણ વખત વિસ્તરણ થયું અને શહેરની જનસંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો. શહેરમાં નવા ભળેલા તમામ વિસ્તારોને પાયાની મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ બનાવવાની સાથોસાથ વર્તમાન સમયને અનુરૂપ આધુનિક ટેકનોલોજી સાથેની વહીવટી સેવાઓ અને સુવિધાઓ નાગરિકો માટે સરળતાથી પ્રાપ્ય બને તે નિશ્ચિત કરવું પણ જરૂરી છે.

સૌરાષ્ટ્રના હાર્દ સમા રાજકોટની વિકાસલક્ષી ક્ષિતિજ અત્યંત ઝડપથી વિસ્તરી રહી છે. તાજેતરમાં જ ભારતના માનનીય પ્રધાનમંત્રીશ્રીનાં શુભ હસ્તે રાજકોટના ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ થયું છે. કેન્દ્ર સરકારશ્રી દ્વારા રાજકોટને ફાળવવામાં આવેલ એઈમ્સનું નિર્માણ કાર્ય પણ પ્રગતિમાં છે. શહેરના ભવિષ્યને નજર સમક્ષ રાખી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના આ પ્રકારના પ્રોજેક્ટ ઉપરાંત શહેરીજનોની સુખસુવિધાઓમાં ક્રમશઃ વૃદ્ધિ કરવા માટે આવશ્યક એવા અન્ય પ્રકલ્પો પ્રાપ્ત થવા એ રાજકોટની ઝડપી પ્રગતિ સૂચવે છે. રાજકોટનું સામાજિક અને આર્થિક માળખું શહેરની વિકાસ પ્રક્રિયા માટે ખુબ જ સાનુકુળ છે. ઝડપી વિકસી રહેલા શહેર તરીકે રાજકોટને વિકાસ પથ પર વધુ ને વધુ આગળ લઈ જવા સ્વાભાવિક રીતે જ રાજકોટ મહાનગરપાલિકા વિશાળ ફલક પર જવાબદારીઓ નિભાવી રહી છે.

સરકારશ્રીના માર્ગદર્શન અનુસાર પ્રશાસન શહેરી વિકાસ માટે ભવિષ્યની અવધારણાઓને ધ્યાનમાં લઈને વિવિધ યોજનાઓ અને પ્રકલ્પોના આયોજન કરી તેના સફળ અમલીકરણ માટે પ્રયાસો કરે છે. તંત્ર દ્વારા નાગરિકોની સુખાકારીમાં ક્રમશઃ વૃદ્ધિ કરવા માટે વિવિધ સેવાઓ અને સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવે છે. જાહેર સુવિધાઓ અને સેવાઓ પ્રજાને સમર્પિત થયા બાદ તંત્ર દ્વારા તો તેની જાળવણી કરવામાં આવતી જ હોય છે, સાથોસાથ નગરજનો પણ તેનું જતન કરવા નાગરિક ફરજ નિભાવતા રહે તે પણ અત્યંત આવશ્યક છે. કેન્દ્ર સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશનના માધ્યમથી જાહેર સ્વચ્છતાની બાબતમાં નોંધપાત્ર જનજાગૃતિ કેળવાઈ છે. જાહેર સ્વચ્છતા જાળવવા માટે વહીવટી તંત્રની સાથે નાગરિકો પણ હાથ મિલાવે ત્યારે ખુબ નેત્રદીપક પરિણામો પ્રાપ્ત થાય છે અને તે આપણે સૌ અનુભવી ચુક્યા છીએ. સૌના સાથસહકાર સાથે વિકાસ પ્રક્રિયાને વધુ વેગીલી બનાવી શકીશું.

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટાયેલી પાંખના સાથસહકાર અને સંકલન સાથે ગત અઢી વર્ષના સમયગાળા દરમ્યાન શહેરને વિકાસ ક્ષેત્રે આગળ લઈ જનારા વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સહિતની માહિતી સાથે વાઈબ્રન્ટ રાજકોટ મેગેઝિન તૈયાર કરેલ છે. શહેરની વિકાસગાથાનું આ પ્રકારે દસ્તાવેજીકરણ એક સદર્ભ સાહિત્ય તરીકે પણ સૌને ઉપયોગી થઇ શકશે એવી આશા છે. રાજકોટ શહેરને વિકાસની નવી ઉંચાઈએ લઈ જવા રાજકોટ મહાનગરપાલિકા અને સૌ નાગરિકો સાથે મળીને પ્રયાસ કરશે એવી મને શ્રદ્ધા છે.

**આનંદ પટેલ, IAS**
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટની ઉંચી ઉડાન



## કેકેવી ચોક ખાતે નિર્માણ પામેલ મલ્ટિલેવલ ફલાયઓવર બ્રિજનું માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે લોકાર્પણ

## રાજકોટને ઈન્ટરનેશનલ એરપોર્ટની ભેટ

રાજકોટને આંતરરાષ્ટ્રીય ફલક ઉપર એક નવી ઓળખાણ આપનાર ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ, સૌની યોજના-૩ની પાઈપલાઈન તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ.૧૨૯.૫૩ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ મલ્ટિલેવલ ફલાયઓવરબ્રિજ, કોઠારીયા વિસ્તારમાં રૂ.૨૪.૭૨ કરોડના ખર્ચે ૧૫ MLD ક્ષમતાનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રૈયાધાર ખાતે રૂ.૨૯.૭૩ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ન્યારી ડેમથી રૂ.૪૧.૭૧ કરોડના ખર્ચે નાંખવામાં આવેલ પાણીની પાઈપલાઈનનું ઉપરાંત રૂ.૮.૩૯ કરોડના ખર્ચે વોર્ડ નં.૬માં બનાવવામાં આવેલ અદ્યતન લાઈબ્રેરી સહિત કુલ રૂા. ૨૦૩૦ કરોડથી વધુ રકમના વિવિધ વિકાસ પ્રકલ્પોનું તા.૨૭/૦૭/૨૦૨૩ના રોજ માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ.

રાજકોટમાં હિરાસર પાસે નવનિર્મિત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરાણ બાદ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી રેસકોર્સ ખાતે જનસભામાં પધાર્યા હતા. અહીંથી તેમણે વિવિધ વિકાસકાર્યોનું રિમોટથી લોકાર્પણ કર્યું હતું. આ તકે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, હિરાસર ખાતે નિર્માણ પામેલું આ માત્ર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જ નથી પરંતુ સૌરાષ્ટ્ર-ગુજરાતને નવી ઊર્જા આપનારું, નવી ઊડાન આપનારું પાવર હાઉસ બની રહેશે.

રાજકોટની ઓળખ સૌરાષ્ટ્રના 'ગ્રોથ એન્જિન' તરીકે થઈ રહી છે, તેમ જણાવતા વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, સર્વાંગી વિકાસની સાથે રાજકોટમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ બને તેવું રાજકોટવાસીઓનું સ્વપ્ન આજે પૂર્ણ થયું છે. આ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના કારણે રાજકોટ હવે દેશ-દુનિયાના અન્ય શહેરો સાથે સીધી ફલાઈટથી જોડાઈ શકશે. જેના કારણે ઉદ્યોગોને લાભ થશે, ખેડૂતો પણ તેમનું કૃષિ ઉત્પાદન વિદેશ મોકલી શકશે. સર્વાંગી વિકાસની સાથે ગુજરાત આજે એરોપ્લેન બનાવવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

**રાજકોટ મહાનગરપાલિકાના રૂા. ૨૩૪ કરોડના પ્રોજેકટસ સહિત કુલ રૂા. ૨૦૩૦ કરોડથી વધુ રકમના વિવિધ વિકાસ પ્રકલ્પો જનતાને સમર્પિત કરતા માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી**




વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે, Ease of Living, Quality of Life કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. છેલ્લા નવ વર્ષમાં કેન્દ્ર સરકારે ગૂડ ગવર્નન્સ-સુશાસન દ્વારા સમાજના દરેક વર્ગ, દરેક ક્ષેત્રમાં જીવનને સરળ બનાવવા માટે કામ કર્યું છે.

કેન્દ્ર સરકારશ્રી દ્વારા છેલ્લા નવ વર્ષમાં લોક-સુખાકારી માટે લેવાયેલા પગલાંઓની વિગતે વાત કરતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, સરકારની વિવિધ યોજનાના લાભો છેવાડાના પરિવારોને મળ્યા છે. જેના પરિણામે દેશમાં ગરીબી ઝડપથી ઘટી છે. એક રિપોર્ટ મુજબ છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં ૧૩.૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. જેના કારણે એક નવા મધ્યમ વર્ગનું સર્જન થયું છે.

વડાપ્રધાનશ્રીએ દેશમાં કનેક્ટિવિટીમાં થયેલા નોંધપાત્ર વધારાનો ઉલ્લેખ કરતાં ઉમેર્યું હતું કે, ૨૦૧૪માં દેશમાં માત્ર ચાર શહેરોમાં મેટ્રો રેલ નેટવર્ક હતું, આજે ૨૦થી વધુ શહેરોમાં મેટ્રો રેલ નેટવર્ક પહોંચ્યું છે અને ૨૫ અલગ અલગ રૂટ ઉપર વંદે ભારત જેવી ટ્રેનો દોડી રહી છે. તેવી જ રીતે દેશમાં પહેલા ૭૦ એરપોર્ટ હતા, આજે તેનાથી બમણી સંખ્યામાં એરપોર્ટ છે. એરલાઈન સેક્ટરમાં દેશ નવી ઊંચાઈએ પહોંચ્યો છે.



"ડિજિટલ ઈન્ડિયા" થકી સામાન્ય લોકોની હાલાકી ઘટાડવા માટે સરકારે લીધેલા પગલાં અંગે વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, સરકારે મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને ઘર મળે તેની પણ ચિંતા કરી છે. "પીએમ આવાસ યોજના"ના કારણે દેશના ૬ લાખથી વધુ પરિવાર અને ગુજરાતના ૬૦,૦૦૦થી વધુ પરિવારોના ઘરના ઘરનું સ્વપન સાકાર થયું છે. 'રેરા'નો કાયદો લાવી સરકારે ઘર ખરીદવાની પ્રક્રિયા સરળ અને સલામત બનાવી છે, અને લાખો લોકોના પૈસા ફસાઈ જતા, લૂંટાઈ જતા બચાવ્યા છે. પડોશી દેશોમાં ૨૫થી ૩૦ ટકાના દરે મોંઘવારી વધી રહી છે. ભારતમાં મોંઘવારી દરને લઈ, સરકારની સંવેદનશીલતા અને સંનિષ્ઠ પ્રયાસોના કારણે, કોરોના મહામારી, રશિયા-યુક્રેન યુદ્ધ જેવા કારણો છતાં મોંઘવારી કાબુમાં રાખવામાં સફળતા મળી છે. અગાઉ રૂપિયા બે લાખ જેટલી નાની રકમ પર પણ ટેક્સ લાગતો હતો, જ્યારે આજે સાત લાખ સુધીની આવક ઉપર કોઈપણ પ્રકારનો ટેક્સ લાગતો નથી. નાની બચત ઉપર વધુ વ્યાજ સહિતના પગલાંઓથી મધ્યમવર્ગની બચત વધે તેવા સરકારના પ્રયાસો રહ્યા છે.

દેશમાં આવેલી મોબાઈલ ડેટા ક્રાંતિનો ઉલ્લેખ કરતા વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, આજે દરેક ભારતીય દર મહિને સરેરાશ ૨૦ જીબી ડેટાનો ઉપયોગ કરે છે. વર્ષ ૨૦૧૪માં ૧ જી.બી. ડેટા માટે રૂ.૩૦૦ આપવા પડતા હતા. જો એ જ દરો આજે હોત તો, આજે આશરે મહિને રૂ.૬૦૦૦ જેટલું બિલ ચૂકવવું પડતું હોત. પરંતુ આજે ૨૦ જી.બી. ડેટા માટે મહિને રૂ. ૩૦૦-૪૦૦ જેટલું જ બિલ આવે છે. આમ દર મહિને મધ્યમ વર્ગના રૂપિયા ૫૦૦૦થી વધુ બચત થાય છે.

સિનિયર સિટીઝન્સ સહિતના લોકો માટે કેન્દ્ર સરકારે લીધેલા પગલાંનો ઉલ્લેખ કરતા વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, બીમાર સિનિયર સિટીઝન માટે પરિવારે બજારમાં ઊંચી કિંમત આપીને દર મહિને દવા લેવી પડતી હતી. તેઓનો ખર્ચ બચાવવા કેન્દ્ર સરકારે જનઔષધિ કેન્દ્રો શરૂ કરાવીને સસ્તી કિંમતમાં દવા ઉપલબ્ધ કરાવી છે. જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની આશરે ૨૦ હજાર કરોડ રૂપિયાની રકમની બચત થઈ છે. ગરીબ અને મધ્યમ વર્ગ માટે સંવેદનશીલ સરકાર એક પછી એક એવા પગલાં લઈ રહી છે, જેનાથી સામાન્ય લોકોના ખિસ્સા પર કોઈ બોજ ન પડે. ગુજરાત અને સૌરાષ્ટ્રના વિકાસ માટે પણ સરકાર પૂરી સંવેદનશીલતાથી કામ કરી રહી છે.

પાણીની અછતનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, "સૌની યોજના" પહેલા શું સ્થિતિ હતી અને સૌની યોજના પછી શું બદલાવ આવ્યો છે તે સૌરાષ્ટ્રમાં જોઈ શકીએ છીએ. સૌરાષ્ટ્રના સેંકડો ગામ અને હજારો ચેકડેમ આજે પાણીના સ્ત્રોત બની ચૂક્યા છે. "હર ઘર જલ" યોજના અંતર્ગત આજે ગુજરાતના કરોડો પરિવારોને નળથી જળ મળવા લાગ્યું છે.









Ease of Living, Quality of Life કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. છેલ્લા નવ વર્ષમાં કેન્દ્ર સરકારે ગુડ ગવર્નન્સ-સુશાસન દ્વારા સમાજના દરેક વર્ગ, દરેક ક્ષેત્રમાં જીવનને સરળ બનાવવા માટે કામ કર્યું છે. સરકારની વિવિધ યોજનાના લાભો છેવાડાના પરિવારોને મળ્યા છે. જેના પરિણામે દેશમાં ગરીબી ઝડપથી ઘટી છે. એક રિપોર્ટ મુજબ છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં ૧૩.૫૦ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. જેના કારણે એક નવા મધ્યમ વર્ગનું સર્જન થયું છે.

**- શ્રી નરેન્દ્રભાઈ મોદી, માન. પ્રધાનમંત્રીશ્રી**

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ નર્મદાના દરિયામાં નિરર્થક વહી જતા પાણીથી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતની સૂકી ધરતીને નવપલ્લવિત કરવા અને સિંચાઈ-પીવાના પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે ઈજનેરી કૌશલ્ય કામે લગાડ્યું. તેમણે એક મિલિયન એકર ફિટ નર્મદાના પાણી પહોંચાડવાના આયોજન સાથે સૌની યોજનાનો પ્રારંભ કરાવીને સૌરાષ્ટ્ર માટે દુકાળને ભૂતકાળમાં પરિવર્તિત કર્યો છે.

**- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત**

તેઓએ કહ્યું હતું કે, સુશાસનનું આ એક એવું મોડેલ છે, જેમાં સમાજના દરેક વર્ગ અને પરિવારની જરૂરિયાતો અને આકાંક્ષાઓને ધ્યાનમાં રખાય છે. આ જ વિકસિત ભારતના નિર્માણનો અમારો રસ્તો છે. આ જ માર્ગ પર ચાલીને આપણે આઝાદીના અમૃત કાળના સંકલ્પોને સિદ્ધ કરવાના છે. વડાપ્રધાનશ્રીએ વક્તવ્યના પ્રારંભમાં ગુજરાતમાં હાલમાં આવેલા વાવાઝોડા-પૂર જેવી કુદરતી આપત્તિના અસરગ્રસ્તો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે કહ્યું હતું કે, રાજકોટ ખાતે અદ્યતન ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટના માધ્યમથી સૌરાષ્ટ્રના નાગરિકો, ધંધા-વ્યવસાયો વિશ્વ સાથે જોડાશે અને નિકાસની તકો સરળ બનશે. મોરબી-થાનના સિરામીક ઉદ્યોગો, જામનગરના બ્રાસપાર્ટ ઉદ્યોગ, ભાવનગર અલંગના શિપ રિસાયકલિંગ ઉદ્યોગો કે રાજકોટના ઓટોમોબાઈલ પાર્ટ્સ અને મેટલ ઈન્ડસ્ટ્રીઝ ઉદ્યોગો સૌ માટે આ એરપોર્ટ નિકાસ અને વેપાર-ઉદ્યોગોના વિકાસ માટે વિવિધ તકો પૂરી પાડશે. વડાપ્રધાનશ્રીએ રાજકોટને અત્યાધુનિક એરપોર્ટના લોકાર્પણથી નભ, રાજકોટ શહેરના વિવિધ વિકાસ કાર્યોથી થલ તથા સૌની યોજના અન્વયે લિન્ક ૩ના ૮ અને ૯ એમ બે પેકેજના લોકાર્પણથી જલ એમ દરેક ક્ષેત્રે વિકાસના નવા-નવા પ્રકલ્પો, યોજનાઓ આપીને વિકાસ સાકાર કર્યો છે.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે, સરકારે છેલ્લા નવ વર્ષમાં દેશભરમાં નવા ૧૪૮ એરપોર્ટ્સ બનાવાયા છે. વર્ષ ૨૦૧૪માં પ્રતિ સપ્તાહ ૫૬ ફ્લાઈટ્સ અને ૧૯ શહેરો સાથેની કનેક્ટિવિટીની સામે ૨૦૨૩માં પ્રતિ સપ્તાહ ૧૩૦ ફ્લાઈટ્સ અને ૫૦ શહેરો સાથેની કનેક્ટિવિટી ઉપલબ્ધ બનવા જઈ રહી છે. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ટૂંક સમયમાં હવાઈ માર્ગે ઉદયપુર અને ઈન્દોર સાથે પણ જોડાઈ જશે.

વિકાસકાર્યોના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સાંસદશ્રી સી. આર. પાટીલના હસ્તે વિમાનની પ્રતિકૃતિ દ્વારા વડાપ્રધાનશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે જ નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પૂર્વ રાજ્યપાલશ્રી વજુભાઈ વાળા દ્વારા પણ ઈમિટેશનથી શણગારેલા વિમાનો દ્વારા વડાપ્રધાનશ્રીનું અભિવાદન કરાયું હતું.

આ પ્રસંગે રાજ્યના ઉદ્યોગ અને નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી બળવંતસિંહ રાજપુત, રાજ્યના કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ, પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા, મહિલા-બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, પૂર્વ રાજ્યપાલશ્રી વજુભાઈ વાળા, પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, મેયરશ્રી ડૉ. પ્રદીપભાઈ ડવ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભુપતભાઈ બોદર, સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, શ્રી રમેશભાઈ ધડુક, શ્રી રામભાઈ મોકરીયા, શ્રી વિનોદ ચાવડા, શ્રી કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્ય સર્વશ્રી ઉદયભાઈ કાનગડ, ડૉ. દર્શિતાબેન શાહ, શ્રી રમેશભાઈ ટીલાળા, શ્રીમતિ ગીતાબા જાડેજા, શ્રી જયેશભાઈ રાદડિયા, ડૉ. મહેન્દ્રભાઈ પાડલીયા, શ્રી દુર્લભજીભાઈ દેથરીયા, શ્રી જીતુભાઈ સોમાણી, શ્રી શામજીભાઈ ચૌહાણ, સૌની યોજનાના સચિવ શ્રી કે.એ. પટેલ, રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોશી, રાજકોટ શહેર પોલીસ કમિશનરશ્રી રાજુ ભાર્ગવ, મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરી, નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનર શ્રી ધીમંત વ્યાસ, અગ્રણીશ્રી સર્વશ્રીઓ મુકેશભાઈ દોશી, શ્રી ભરતભાઈ બોઘરા વગેરે પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટમાં કુલ ૧૯ બ્રિજ કાર્યરત : છેલ્લા અઢી વર્ષમાં પાંચ ઓવરબ્રિજ અને એક અન્ડરબ્રિજનું લોકાર્પણ થયું

રાજકોટમાં ટ્રાફિક સમસ્યામાં ક્રમશઃ ઘટાડો થાય તેવા હેતુથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદા-જુદા સ્થળોએ ઓવરબ્રિજ, અન્ડરબ્રિજ, રેલવે નાળા ખાતેના બ્રિજ બનાવવા આયોજન કરવામાં આવે છે.

છેલ્લા અઢી વર્ષમાં કુલ રૂ.૩૬૩.૫૩ કરોડના ખર્ચે બનેલા પાંચ ઓવરબ્રિજ / અન્ડરબ્રિજનું લોકાર્પણ થયું છે. જેની વિગત નીચે મુજબ છે :

- કાલાવડ રોડ ઉપર કે.કે.વી. ચોક મલ્ટીલેવલ ફ્લાયઓવર બ્રિજ
- કાલાવડ રોડ ઉપર જડુસ ફ્લાયઓવર બ્રિજ
- ૧૫૦ ફૂટ રીંગ પર નાના મવા ચોક ખાતે ફ્લાયઓવર બ્રિજ
- ૧૫૦ ફૂટ રીંગ પર રામાપીર ચોક ખાતે ફ્લાયઓવર બ્રિજ
- સિવિલ હોસ્પિટલ ચોક ખાતે થી આર્મ ફ્લાયઓવર બ્રિજ
- સી.ડી.એસ. જનરલ શ્રી બિપિન રાવત અન્ડરબ્રિજ (લક્ષ્મીનગર)

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ. ૨૩૪ કરોડના ખર્ચે નિર્માણ પામેલ પાંચ વિકાસકામોની વિગત

## કેકેવી ચોક ખાતે ફોરલેન મલ્ટી લેવલ ફ્લાયઓવર બ્રીજ

રાજકોટના ગૌરવપથ કાલાવડ રોડ ઉપર કેકેવી ચોક ખાતે સ્પિલ્ટ ફ્લાયઓવરની ઉપર ફોરલેન મલ્ટી લેવલ ફ્લાયઓવર બ્રીજ રૂ. ૧૨૯.૫૩ કરોડના ખર્ચે બનેલ છે. આ બ્રીજથી અંદાજીત ૨.૫૦ લાખ લોકો માટે પરિવહન સરળ બનશે. આ મલ્ટિ લેવલ ફ્લાયઑવર બ્રિજ ૧૧૫૨.૬૭ મી. લંબાઇ, ૧૫.૫૦ મી. પહોળાઈ તથા ૧૫ મી. ઊંચાઈએ પ્રિન્સેસ સ્કૂલથી શરૂ કરીને રાજકોટ મહાનગરપાલિકાના સ્વિમિંગ પુલ સુધી જોડતા રસ્તા પર બનાવાયો છે. બ્રિજની બંને બાજુ ૫.૫૦ મી.થી ૮.૫૦ મી.નો સર્વિસ રોડ, બ્રિજની નીચે ૭૫૦૦ ચો.મી.નું પાર્કિંગ, ફૂટપાથની વ્યવસ્થા, વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર લાઈન તથા સર્વિસ યુટિલિટી ડક્ટ તૈયાર કરાયા છે.



## ન્યારી-૧ ડેમથી રૈયાધાર સુધી નવી ૧૨૧૯ મી.મી. ડાયામીટર પાઈપલાઈન

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુલ રૂા. ૪૧.૭૧ કરોડનાં ખર્ચે ન્યારી-૧ ડેમથી રૈયાધાર સુધીની ૧૧ કિ.મી.ની નવી ૧૨૧૯ મી.મી. ડાયા મીટર પાઈપલાઈન નાખવાનો પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવેલ છે. જે ન્યારી-૧ ડેમથી રૈયાધાર નવા બનેલા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં રો-વોટર પહોચાડશે. ન્યારી-૧ ડેમથી રૈયાધાર સુધી અંદાજે ૮૦ એમ.એલ. પાણી ટ્રાન્સફર કરી શકાશે. રૈયાધાર જુનો ફીલ્ટર પ્લાન્ટ તથા નવો ફીલ્ટર પ્લાન્ટ બંને મળી કુલ ૧૦૦ એમ.એલ.ડી.ની ક્ષમતા થશે. આ પ્રોજેક્ટનો લાભ ૨,૪૦,૦૦૦ જેટલી વસતિને આ પાઈપલાઈન દ્વારા પાણી અપાશે.





## રૈયાધાર ખાતે ૫૦ MLD ક્ષમતા તથા આધુનિક ટેકનોલોજી ધરાવતો WTP

રૈયાધાર ખાતે ૫૦ MLD ક્ષમતા તથા આધુનિક ઝીરો લીક્વીડ ડીસ્ચાર્જ ટેકનોલોજી ધરાવતો WTP તથા આનુસાંગિક હેડવર્કસ રૂ. ૨૯.૭૩ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ છે. જેનાથી આશરે ૨.૫૦ લાખ લોકોને પીવાના શુધ્ધ પાણીનો લાભ મળશે.

## કોઠારિયામાં ૧૫ MLD ક્ષમતાનો SBR ટેકનોલોજીનો SCADA સંચાલિત STP

ગટરના પાણીના શુદ્ધિકરણ હેતુથી કોઠારિયા વિસ્તારમાં ૧૫ MLD ક્ષમતાનો SBR ટેકનોલોજીનો SCADA સંચાલિત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ રૂ. ૨૪.૭૨ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.




## આધુનિક લાઈબ્રેરી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ ૮ લાઈબ્રેરી કાર્યરત છે. આ સુવિધામાં વધુ એક લાઈબ્રેરીનો ઉમેરો થયો છે. જેમાં વોર્ડ નં.૬માં કુલ ૪૧૯૪.૮૪ ચો.મી. એરિયામાં રૂ. ૮.૩૯ કરોડના ખર્ચે બનેલી આ અદ્યતન લાઈબ્રેરીમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં વિવિધ વિષયો જેવા કે સાહિત્ય, ફીલોસોફી, ધર્મ, સામાજિક શાસ્ત્રો, વિવિધ ભાષાઓ, ટેક્નોલોજી, વિજ્ઞાન, વિવિધ કળાઓ, ભૂગોળ, ઈતિહાસ, જીવન ચરિત્રો, બાળ સાહિત્ય, વિદ્યાર્થીઓને ઉપયોગી વિષયોમાં ૩૩,૦૦૦ હજાર ગ્રંથોની સાથે સાથે ૩૨૦૦ જેટલા ડીજિટલ મીડિયા તેમજ બાળકો માટે ૧૯૩૦ જેટલા રમકડા-પઝલ્સનો સમાવેશ થાય છે.





## કેકેવી ફ્લાયઓવર બ્રિજ પર તિરંગા યાત્રા

માન. પ્રધાનમંત્રીશ્રીના વરદ્ હસ્તે વિવિધ પ્રોજેક્ટસનું લોકાર્પણ થયા બાદ મેયરશ્રી ડૉ. પ્રદીપ ડવ, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડૉ. ભરતભાઈ બોઘરા અને જીનિયસ સ્કુલના શ્રી ડી. વી. મહેતા તથા ૭૫ બાઈક સાથે ૧૫૦ યુવાનો દ્વારા કેકેવી ચોક ખાતેના ફ્લાયઓવર બ્રિજ પર તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. આ તકે મેયરશ્રી ડૉ. પ્રદીપ ડવ અને ડૉ. ભરતભાઈ બોઘરા પણ બાઈક ચલાવીને તિરંગા યાત્રામાં જોડાયા હતા.

# રાજકોટ મહાનગરપાલિકા માટે ગૌરવની વાત

## OTP આધારિત ફરિયાદ નિવારણ સિસ્ટમને નેશનલ ઈ-ગવર્નન્સ એવોર્ડ મળ્યો





**"ઓ.ટી.પી. આધારિત ફરિયાદ નિવારણ પધ્ધતિથી જાહેર સેવાઓ લગત શહેરીજનોની ફરિયાદોનું અસરકારક નિવારણ લાવવાના રાજકોટ મહાનગરપાલિકાના પ્રયાસો સફળ થયા તેનો આનંદ છે."**

**- શ્રી પુષ્કરભાઈ પટેલ, ચેરમેનશ્રી, સ્ટેન્ડિંગ કમિટી**

તારીખઃ ૦૯-૧૨-૨૦૨૨

રાજકોટ મહાનગરપાલિકામાં વહીવટી સુધારણા ક્ષેત્રે લેવામાં આવી રહેલા પગલાંઓ અંતર્ગત ગત વર્ષથી શરૂ કરવામાં આવેલી ઓટીપી આધારિત ફરિયાદ નિવારણ સિસ્ટમને ભારત સરકારશ્રી દ્વારા નેશનલ ઈ-ગવર્નન્સ એવોર્ડ આપવામાં આવતા રાષ્ટ્રીય સ્તરે રાજકોટ મહાનગરપાલિકાને ગૌરવ પ્રાપ્ત થયેલ છે, તેમ માન. મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવ, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા અને દંડક સુરેન્દ્રસિંહ વાળાએ જણાવી ખુશી વ્યક્ત કરતા તંત્રને અભિનંદન પાઠવ્યા હતા.

વર્તમાન સમયમાં ઈન્ટરનેટની સેવાઓ આધારિત મોબાઈલ ફોનના ઉપયોગ કરનાર લોકોની સંખ્યા પણ સતત વધી રહી છે. મોબાઈલ ફોન વડે પણ લોકો તેમના જુદાજુદા પ્રકારના કામો પૂર્ણ કરી શકે છે, અને તેમાં રાજકોટ મહાનગરપાલિકાએ ગત વર્ષ તા.૧૮/૦૮/૨૦૨૧ના રોજથી નાગરિકોને ઓટીપી આધારિત ફરિયાદ નિવારણ સિસ્ટમની સેવાઓ ઉપલબ્ધ બનાવી હતી. આ સેવા ખુબ જ લોકભોગ્ય બની. મહાનગરપાલિકાની વિવિધ સેવાઓ લગત ફરિયાદ નોંધાવતા શહેરીજનો ફરિયાદનો નિકાલ થાય ત્યારબાદ મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારી ફરિયાદી નાગરિક પાસેથી ઓટીપી મેળવે છે અને મહાનગરપાલિકાની સિસ્ટમમાં જે તે ફરિયાદનો નિકાલ થયાનું સ્ટેટસ અપડેટ કરી શકે છે.

રાજકોટ મહાનગરપાલિકાએ આ સેવા શરૂ કરી ત્યારથી આજ દિન સુધીમાં ૪,૨૬,૯૨૦ ફરિયાદ તેમાં નોંધાઈ છે. આ એવોર્ડ સંબંધી અન્ય માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલે વિશેષમાં જણાવ્યું હતું કે, ભારત સરકારશ્રી દ્વારા કેન્દ્ર સરકારના જુદા જુદા વિભાગો, રાજ્ય સરકારના વિભાગો, મહાનગરપાલિકાઓ તેમજ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા કરવામાં આવતા શ્રેષ્ઠ ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટને એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડ જુદી જુદી પાંચ કેટેગરીમાં આપવામાં આવે છે. જેમ કે, (૧) એક્સલન્સ ઈન ગવર્નમેન્ટ પ્રોસેસ રિએન્જીનિયરિંગ ફોર ડિજિટલ ટ્રાન્સફોર્મેશન (૨) એક્સલન્સ ઈન પ્રોવાઈડિંગ સિટિઝન સેન્ટ્રીક ડિલિવરી (૩) એક્સલન્સ ઈન ડીસ્ટ્રીક્ટ લેવલ ઈનિશિએટીવ ઈન ઈ-ગવર્નન્સ (૪) આઉટસ્ટેન્ડિંગ રિસર્ચ ઓન સિટિઝન સેન્ટ્રીક સર્વિસીઝ બાય એકેડેમિક/રિસર્ચ ઈન્સ્ટિટયૂટ્સ (૫) એક્સલન્સ ઈન એડોપ્ટિંગ ટેકનોલોજીસ રાજકોટ મહાનગરપાલિકાની ઓટીપી આધારિત ફરિયાદ નિવારણ સિસ્ટમને "એક્સલન્સ ઈન ડિસ્ટ્રીક્ટ લેવલ ઈનિશિએટીવ ઈન ઈ-ગવર્નન્સ" (Excellence in District level initiative in eGovernance) કેટેગરીમાં સિલ્વર એવોર્ડ આપવામાં આવેલ છે. આ એવોર્ડ નેશનલ ઈ-ગવર્નન્સ કોન્ફરન્સ દરમિયાન આપવામાં આવેલ. નેશનલ ઈ-ગવર્નન્સ કોન્ફરન્સ તા. ૨૬-૨૭ નવેમ્બરના રોજ જમ્મુ- કટરા ખાતે યોજવામાં આવેલ. રાજકોટ મહાનગરપાલિકાને આ એવોર્ડ ભારત સરકારના કેન્દ્રીય મંત્રી શ્રી જીતેન્દ્રસિંઘ (મીનીસ્ટ્રી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, મીનીસ્ટ્રી ઓફ અર્થ એન્ડ સાયન્સ, મીનીસ્ટ્રી ઓફ પબ્લીક ગ્રીવન્સીસ અને પેન્શન, ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી એન્ડ ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ) દ્વારા આપવામાં આવેલ. આ એવોર્ડમાં ભારત સરકારશ્રી દ્વારા રાજકોટ મહાનગરપાલિકાને એવોર્ડ ટ્રોફી, એવોર્ડ સર્ટીફીકેટ તેમજ રૂ.૩,૦૦,૦૦૦/- (રૂપિયા ત્રણ લાખ)નો પુરસ્કાર આપવામાં આવેલ તેમજ આ પ્રોજેક્ટના હેડ મ્યુનિ. કમિશનર શ્રી અમિત અરોરા તેમજ અન્ય ટીમ મેમ્બરને એવોર્ડ સર્ટીફીકેટ આપવામાં આવેલ. રાજકોટ મહાનગરપાલિકાના નાયબ કમિશનર શ્રી ચેતન નંદાણી તેમજ ડાયરેક્ટર આઈટી શ્રી સંજય ગોહિલ દ્વારા ભારત સરકારના માનનીય મંત્રીશ્રીના વરદ્ હસ્તે એવોર્ડ સ્વીકારેલ.

## OTP આધારીત ફરિયાદ નિવારણ સિસ્ટમ



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઓટીપી અને ફીડબેક આધારિત ફરિયાદ નિવારણ સિસ્ટમ શરૂ કરવામાં આવેલ છે. જેમાં લોકોને પોતાની ફરિયાદ નોંધાવવા માટે જુદા જુદા વિકલ્પો જેવા કે ૨૪×૭ કોલ સેન્ટર (ટોલ ફ્રી નંબર– ૧૮૦૦–૧૨૩–૧૯૭૩), વોટ્સએપ (૯૫૧૨૩૦૧૯૭૩), મોબાઈલ એપ, વેબસાઈટ વિગેરે આપેલ છે. તેમજ દરેક પ્રકારની ફરિયાદોની નિવારણ અંગેની સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ છે તેમજ મોબાઈલ એપ. મારફત નોધવામાં આવતી ફરિયાદોનું જીઓ રેફરન્સીંગ પણ કરવામા આવે છે. ફરિયાદોના નિકાલ સમયે ફરિયાદીને ઓટીપી મોકલવામાં આવે છે અને ઓટીપી રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીશ્રી દ્વારા પોતાની મોબાઈલ એપ પર એન્ટર કર્યા બાદ જ ફરિયાદનો નિકાલ થઈ શકે છે. લોકો પાસેથી તેઓની ફરિયાદ બાદ થયેલ કામગીરી તેમજ મનપાના સ્ટાફનાં વર્તન અંગે પણ ફીડબેક લેવામા આવે છે.

# માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે

# 'રામવન' અર્બન ફોરેસ્ટનું લોકાર્પણ

## ઈલેક્ટ્રિક બસ ચાર્જીંગ સ્ટેશન, ૨૩ ઈલેક્ટ્રિક બસ સહિતના વિકાસ કામોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત






"સિમેન્ટ કોંક્રીટના જંગલો વચ્ચે શહેરમાં રામવન-અર્બન ફોરેસ્ટ ઉભું કરી છોડમાં રણછોડ અને પુષ્પમાં પરમેશ્વર સુત્રને સાર્થક કર્યુ છે."

**- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ,**
**માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત.**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ રામવન - અર્બન ફોરેસ્ટ, ઈલેક્ટ્રિક બસ ચાર્જીંગ સ્ટેશન, ૨૩ ઈલેક્ટ્રિક બસોનું તેમજ વિવિધ કામોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત તા.૧૭-૦૮-૨૦૨૨ના રોજ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર ડૉ. પ્રદિપ ડવ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે કર્ણાટકના માન. પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, પૂર્વ મુખ્યમંત્રી માન. વિજયભાઈ રૂપાણી, રાજકોટના પ્રભારી મંત્રી તથા રાજ્યના માન. શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી, માન. વાહન વ્યવહાર મંત્રી અરવિંદભાઈ રૈયાણી, કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, રાજ્ય કક્ષાના શ્રમ અને રોજગારના મંત્રી શ્રી બ્રિજેશ મેરજા, માન. સાંસદ મોહનભાઈ કુંડારિયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, ડે. મેયર ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, વિરોધ પક્ષ નેતા ભાનુબેન સોરાણી, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ, પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, મ્યુનિ. કમિશનર અમિત અરોરા, બાંધકામ સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, ડ્રેનેજ સમિતિ ચેરમેન હિરેનભાઈ ખીમાણીયા, આરોગ્ય સમિતિ ચેરમેન ડૉ. રાજેશ્રીબેન ડોડીયા, ડે. કમિશનર આશિષકુમાર, એ.આર.સિંહ તેમજ જુદી જુદી સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજકોટ શહેર ગ્રીન રાજકોટ, ક્લીન રાજકોટના સંકલ્પ સાથે કામ કરી રહ્યું છે. પવિત્ર શ્રાવણ માસમાં શહેરીજનોને રામવનની સુંદર ભેટ મળેલ છે. જે અભિનંદનને પાત્ર છે. રામવનની ભેટ મળવાથી લોકોનો આનંદ બેવડાયો છે. રાજકોટ મહાનગરપાલિકાએ સંતુલિત વિકાસ કામો કર્યા છે. 'આઝાદીના અમૃત મહોત્સવ'માં શહેરમાં સિમેન્ટ કોંક્રીટના જંગલ વચ્ચે અર્બન ફોરેસ્ટ ઉભું કરી છોડમાં રણછોડ અને પુષ્પમાં પરમેશ્વરના સુત્રને સાર્થક કર્યું છે. ગુજરાત સરકાર દ્વારા દેશના વડાપ્રધાન માન.નરેન્દ્રભાઈ મોદીએ સાંસ્કૃતિક વનો, અર્બન ફોરેસ્ટ ઉભા કરવા પર ભાર મુક્યો છે. ગુજરાત સરકાર આ બાબતે અર્બન ફોરેસ્ટ નિર્માણ કરી રહી છે તેમજ "આઝાદી કા અમૃત મહોત્સવ" ૭૫ વર્ષને ધ્યાનમાં રાખી ૭૫ અમૃત સરોવર બનાવવાનો પ્રારંભ કરેલ છે. આ ઉપરાંત ગુજરાતમાં વધુમાં વધુ ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ થાય અને પ્રદુષણ ઘટે તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળથી ગુજરાત રાજ્ય દેશનું વિકાસની દિશામાં ગ્રોથ એન્જિન બનેલ છે.

આ પ્રસંગે માન.મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવેલ કે, જન્માષ્ટમીના શુભ પર્વએ રામના નામથી રામવન બને અને આજે જન્માષ્ટમી પર્વના

## રામવનમાં વિવિધ પ્રતિમાઓ













વાઈબ્રન્ટ રાજકોટ ઓગષ્ટ ૨૦૨૩




ભક્તિમય વાતાવરણમાં તેનું લોકાર્પણ થયેલ છે. તેમજ સૌરાષ્ટ્રનો મોટામાં મોટો લોકમેળો રાજકોટ ખાતે યોજાય છે તેનું પણ આજે ઉદ્ઘાટન થનાર છે. રાજકોટમાં અનેકવિધ વિકાસના કામો થયા છે આ માટે રાજકોટ મહાનગરપાલિકા અને વહીવટી તંત્રને અભિનંદન પાઠવું છું.

આ પ્રસંગે પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવેલ કે, ચાલુ તહેવારના દિવસોમાં રામવનનું લોકાર્પણ થયું તે ખુબ આનંદની વાત છે. શહેરમાં કોંક્રીટના જંગલો વધતા જાય છે ત્યારે તેની વચ્ચે અર્બન ફોરેસ્ટ ઉભું કરવામાં આવેલ છે. તે ખુબ જ સારી બાબત છે. સને ૨૦૧૯માં રામનવમીના દિવસે અયોધ્યા ખાતે રામમંદિરનું ખાતમુહૂર્ત માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલ તે જ દિવસે રાજકોટ ખાતે અર્બન ફોરેસ્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ અને તેને મર્યાદા પુરુષોતમ રામના નામ સાથે જોડી "રામવન" નામકરણ કરવામાં આવેલ. ભગવાન શ્રી રામ એ એકતા અને શ્રધ્ધાનું પ્રતિક છે. રાજકોટ મહાનગરપાલિકા હંમેશા નવી વ્યવસ્થા અને નવો ચીલો પાડતું આવ્યું છે. કોંક્રીટના જંગલો વચ્ચે કુદરતી વન ઉભું કર્યું છે. મહાનગરપાલિકા દ્વારા રસ્તા, ગટર, લાઈટ, પાણીની પ્રાથમિક સુવિધા જ નહી પરંતુ કલા, સાહિત્ય અને સંસ્કૃતિના કામો કરવામાં આવ્યા છે તે અભિનંદનને પાત્ર છે.

આ પ્રસંગે મેયર ડૉ.પ્રદિપ ડવે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવેલ કે,

શ્રી રામ કે દરબાર મેં દુનિયા બદલ જાતી હૈ,
રહમત સે હાથ કી લકીર બદલ જાતી હૈ,
લેતા હૈ જો ભી દિલ સે શ્રી રામ કા નામ,
એક પલ મેં ઉસકી તકદીર બદલ જાતી હૈ.

રામવનના લોકાર્પણથી ભગવાન રામની યાદો રાજકોટ શહેરમાં જોડાઈ છે. રામવનના લોકાર્પણથી સૌરાષ્ટ્ર, ગુજરાત અને દેશમાંથી લોકો મુલાકાત લેશે તેવો મને વિશ્વાસ છે.

રાજકોટ એ રંગીલા શહેરની સાથોસાથ એક ઐતિહાસિક નગરી છે. દેશના માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારના સહયોગથી શહેરનો વિકાસ હરણફાળ ભરી રહયો છે. શહેરમાં પ્રદુષણ ઘટે તે માટે અગાઉ ૨૩ બસોનું લોકાર્પણ કરવામાં આવેલ અને

## "રામવન" અર્બન ફોરેસ્ટ

૪૭ એકર જમીનમાં કુલ રૂ. ૧૮.૦૬ કરોડના ખર્ચે 'રામવન' અર્બન ફોરેસ્ટનું નિર્માણ કરવામાં આવેલ છે. જેમાં ભગવાન શ્રી રામનાં જીવન ચરિત્ર પર આધારિત વિવિધ પ્રતિકૃતિઓ મુકવામાં આવેલ છે સાથે સાથે ૮૦,૦૦૦ જેટલી પ્રજાતિના ૨૫ જેટલા બ્લોકમાં પ્લાન્ટેશન કરવામાં આવેલ. જે પૈકી ૨ બ્લોકમાં મીયાવાકી થીમ બેઈઝ પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે. ઉપરાંત રાશિ વન, કુલ ૧૫,૯૦૦ ચો.મી.ના ૨ તળાવો, ચિલ્ડ્રન પ્લે ગ્રાઉન્ડ, આઠ ગઝેબો, બે વોચ ટાવર, ૧૫૦ની કેપેસિટીનું એમ્ફીથિયેટર, રામ સેતુ અને એડવેન્ચર બ્રિજ વિગેરે સુવિધા ઉપલબ્ધ રહેશે તેમજ રામ વન ખાતે આવતા મુલાકાતીઓને વિશેષ આનંદ, જ્ઞાન અને મનોરંજનને ધ્યાનમાં રાખીને રામ વન અર્બન ફોરેસ્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે.

### વિવિધ પ્રતિમાઓ

- ધનુષ-બાણ સાથેનો મુખ્ય દરવાજો
- ભગવાન શ્રીરામની પ્રતિમા સ્ટેચ્યુ (૩૦ ફૂટ ઊંચાઈ)
- શ્રીરામ, સીતાજી અને લક્ષ્મણજીના સ્ટેચ્યુ
- જટાયુ દ્વાર
- શ્રીરામ અને કેવટજીના સ્ટેચ્યુ
- શ્રીરામ-સીતાજીના વનવાસના સ્ટેચ્યુ
- શ્રીરામ-લક્ષ્મણ અને શબરીના સ્ટેચ્યુ
- શ્રીરામની ચરણપાદુકા સ્ટેચ્યુ
- સુગ્રીવ અને જાંબુવન સાથે શ્રીરામના મિલાપનું સ્ટેચ્યુ
- વાનરસેના સાથે રામસેતુ બનાવવાનું સ્ટેચ્યુ
- શ્રી હનુમાનજી (સંજીવની પહાડ સાથે)નું સ્ટેચ્યુ
- શ્રી રામ રાજ્યાભિષેક(મ્યુરલ)
- યોગાસન કરતા બાળકોના સ્ટેચ્યુ



આજરોજ વિશેષ ૨૩ બસોનું લોકાર્પણ થનાર છે. રાજકોટ મહાનગરપાલિકા સ્પોર્ટ્સને પણ મહત્વ આપી રહ્યું છે. આગામી સમયમાં રાજકોટમાં નવું ઇન્ડોર સ્ટેડિયમ, સ્પોર્ટ્સ સંકુલ પણ મળનાર છે. આ ઉપરાંત જુદાજુદા વિસ્તારોમાં સ્વિમિંગ પુલો કાર્યરત છે જેમાં, બહેનો માટે અલગ સ્વિમિંગ પુલ બનાવેલ છે. વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી શકે તે માટે અદ્યતન લાઈબ્રેરી બનાવવામાં આવેલ છે. તેમજ શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી થાય તે માટે બ્રિજના કામ ચાલુ છે. આગામી ટૂંક સમયમાં ત્રણ બ્રિજનું લોકાર્પણ થશે.

અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે ત્યારે આજરોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રામવન માન.મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે લોકાર્પણ થયેલ છે, તો શહેરીજનોએ રામવનની મુલાકાત લેવા મેયરશ્રીએ અપીલ કરેલ છે.

આ કાર્યક્રમની શરૂઆતમાં માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા મંચસ્થ ઉપસ્થિત સૌ મહાનુભાવોના વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલે ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ. ડ્રેનેજ સમિતિ ચેરમેન હિરેનભાઈ ખીમાણીયા અને આરોગ્ય સમિતિ ચેરમેન ડૉ. રાજેશ્રીબેન ડોડીયા દ્વારા મહાનુભાવોને પુસ્તક અર્પણ કરી, સ્વાગત કરેલ. તેમજ કાર્યક્રમની રૂપરેખા મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ આપી હતી.

આ ઉપરાંત પદાધિકારીશ્રીઓ અને સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, શહેર સંગઠન, જિલ્લા કલેકટર શ્રી અરૂણ મહેશ બાબુ, મ્યુનિ. કમિશનર અમિત અરોરા, પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ તથા માન.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે રિમોટ કન્ટ્રોલ વડે ડિજિટલ તક્તીનું અનાવરણ કરવામાં આવેલ. ઉપસ્થિત અન્ય મંત્રીશ્રીઓ અને મહાનુભાવોનું રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## ઓગષ્ટ-૨૦૨૩ સુધીમાં ૫૦ ઇલેક્ટ્રિક બસ કાર્યરત

રાજકોટ શહેરની જાહેર પરિવહન સેવા માટે ઈ-મોબિલીટી (ઇલેક્ટ્રિક બસ)ની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સરકારશ્રીના એકમ Department of Heavy Industries (DHI)ની 'ફેમ' ઈન્ડિયા ફેઈઝ-૨ અંતર્ગત પ્રથમ તબક્કામાં ૫૦ ઇલેક્ટ્રિક બસ જ્યારે બીજા તબક્કામાં ૧૦૦ મીડી ઇલેક્ટ્રિક બસ મંજુર કરવામાં આવેલ, પ્રથમ તબક્કાની ૫૦ ઇલેક્ટ્રિક બસ પૈકી, અગાઉ ૨૩ બસનું લોકાર્પણ કરવામાં આવેલ છે. આ ઇલેક્ટ્રિક બસો BRTS રૂટ તથા AIIMS ના રૂટ પર ચલાવવામાં આવે છે. આજે અન્ય ૨૩ મીની ઇલેક્ટ્રિક બસનું લોકાર્પણ કરવામાં આવતા ઓગષ્ટ-૨૦૨૩ સુધીમાં કુલ ૫૦ બસ મળેલ છે. આ બસોમાં મુસાફરો માટે આરામદાયક બેસવાની સુવિધા, ફૂલ્લી ઓટોમેટિક પ્રવેશ દ્વાર, ઇમરજન્સી દ્વાર, GPS Tracking System, મુસાફરોની સલામતી માટે SOS Emergency Alarmની સુવિધા, કેમેરા, મનોરંજન માટે રેડિયો સિસ્ટમ, ફાયર સેફ્ટી, મેડીકલ કિટ વિગેરે જેવી સુવિધાઓ આપવામાં આવેલ છે. કેન્દ્ર સરકારશ્રીના ડીપાર્ટમેન્ટ ઓફ હેવી ઇન્ડસ્ટ્રીઝ એકમ દ્વારા FAME-II યોજના હેઠળ પ્રત્યેક મીડી એસી. ઇલેક્ટ્રિક બસ માટે મહત્તમ રૂ.૪૫ લાખ સુધીની મર્યાદામાં ઇલેક્ટ્રિક બસની એજન્સી M/s. PMI ને ગ્રાન્ટ આપવામાં આવે છે તેમજ રાજ્ય સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ CHIEF MINISTER URBAN BUS SERVICES યોજના અંતર્ગત પ્રત્યેક ઇલેક્ટ્રિક બસના જાહેર પરિવહન અન્વયે મહત્તમ રૂ.૨૫/-પ્રતિ કિ.મી. મુજબની ગ્રાન્ટ આપવામાં આવે છે. શહેરના પરિવહનમાં ઇલેક્ટ્રિક બસના ઉપયોગથી ડીઝલની બચત થશે, જેથી પ્રદૂષણની માત્રામાં ઘટાડો થશે.

## ઇલેક્ટ્રિક બસ ચાર્જિંગ સ્ટેશન

૮૦ ફુટ રોડ ખાતે રૂ. ૧૧.૬૩ કરોડના ખર્ચે ૧૫,૨૦૦ ચો.મી.માં ૫૦ ઇલેક્ટ્રિક બસ માટેનું ચાર્જિંગ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવેલ. આ ચાર્જિંગ સ્ટેશનમાં ૩૧૦૦ વોટનું HT વીજ કનેક્શન, ૨૫૦૦ વોટના ૨ ટ્રાન્સફોર્મર, પેનલ રૂમ, કેબલ ડક્ટ, ૨૪૦ કિલો વોટના ૧૪ ચાર્જર સહિતનો તમામ ઇલેક્ટ્રિક બસ માટેનો ચાર્જિંગ શેડ વિગેરે સહિતની સુવિધા ઉપલબ્ધ કરાયેલ છે.

## વિવિધ વિકાસ કામોના લોકાર્પણ

રૂ.૧૫.૭૧ કરોડના ખર્ચે વોર્ડ નં.૧૫, ૧૭, ૧૮માં ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન, રૂ.૮૦ લાખના ખર્ચે વોર્ડ નં. ૧૪માં ગુરુકુળ પમ્પીંગ સ્ટેશન ખાતે બનાવવામાં આવેલ ક્વોલિટી કંટ્રોલ સેલની લેબોરેટરી.

## વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત

રૂ.૧.૪૮ કરોડના ખર્ચે વોર્ડ નં.૩ અને વોર્ડ નં.૪માં વોર્ડ ઓફિસ, રૂ.૩.૬૬ કરોડના ખર્ચે રેલનગર વિસ્તારમાં રોડ વર્ક અને ESR તથા રૂ. ૮૦ લાખના ખર્ચે વોર્ડ નં.૨માં બજરંગવાડી ખાતે આરોગ્ય કેન્દ્ર.









રાજકોટ તા. ૧૯ ઑક્ટોબર ૨૦૨૨, દેશના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટવાસીઓને દિવાળીની રૂા. ૬૯૯૦ કરોડના વિકાસકાર્યોની ભેટ આપી હતી. આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના કુલ રૂા. ૩૭૯.૬૬ કરોડના વિવિધ પ્રોજેક્ટ જેવા કે ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ – ઈન્ડિયા (GHTC-1) અંતર્ગત લાઈટહાઉસ પ્રોજેક્ટ, સિવિલ હોસ્પિટલ ચોક ખાતે ફોરલેન ટ્રાઈએંગલ ફ્લાયઓવર બ્રિજ, ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાનામવા ચોક ખાતે ફ્લાયઓવર બ્રિજ, ૧૫૦ ફૂટ રિંગ રોડ પર રામદેવપીર ચોક ખાતે ફ્લાયઓવર બ્રિજ અને નિર્મળા કોન્વેન્ટ મેઈન રોડ પર ફાયર સ્ટેશન



## માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે

# લાઈટહાઉસ પ્રોજેક્ટ અને સિવિલ હોસ્પિટલ ચોક સહિતના ત્રણ ઓવરબ્રિજનું લોકાર્પણ



અને સ્ટાફ ક્વાર્ટર પ્રોજેક્ટ તેમજ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ(રૂડા)ના AIIMS હોસ્પિટલને જોડતા 30.00 મીટર ૪–માર્ગીય ડી.પી. રોડ અને AIIMS હોસ્પિટલને જોડતા ૯૦.00 મીટર ૬–માર્ગીય ડી. પી. રોડ પ્રોજેક્ટસનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મવડી મેઈન રોડ પાસે ઈન્ડોર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ અને મોટા મવા સ્મશાન પાસેના કાલાવડ રોડ પરનો બ્રિજ વાઈડનીંગ કરવાનું કામ (પાર્ટ–૧) તથા ભીમનગરથી મોટા મવાને જોડતા બ્રિજ (પાર્ટ–૨) બનાવવાના કામનો સમાવેશ થાય છે.



## લોકાર્પણ

- રામદેવપીર ચોક ઓવરબ્રિજ,
- નાના મવા ચોક ઓવરબ્રિજ
- ફાયર સ્ટેશન

## ખાતમુહૂર્ત

- વોર્ડ નં.૧૨માં ઈન્ડોર સ્પોર્ટસ કોમ્પલેક્ષ
- 'રૂડા' દ્વારા એઈમ્સને જોડતા બે રસ્તા

## રાજકોટ મહાનગરપાલિકા અને 'રૂડા'ના કુલ રૂા. ૩૭૯.૬૬ કરોડના પ્રોજેક્ટ સહિત કુલ રૂા. ૬૯૯૦ કરોડના વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત



આ પ્રસંગે વડાપ્રધાનશ્રી મોદીએ જણાવ્યું હતું કે, લોકોની સુવિધા સાથે જોડાયેલા વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પો રાજકોટને અનેકગણું શક્તિશાળી બનાવશે.

વડાપ્રધાનશ્રીએ સાંપ્રત પરિસ્થિતિનું તુલનાત્મક વિવરણ કરતા ઉમેર્યું હતું કે, પ્રવર્તમાન સરકારના સમયમાં નાગરિકોને કાયદો-વ્યવસ્થા-સુખ-શાંતિ-સહજ બન્યા છે તે સરકારની સક્ષમ કાર્યશૈલીની પારાશીશી છે. આ જ રાહ પર આગળ વધવા તેમણે સરકારની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી.

વડાપ્રધાનશ્રી મોદીએ કોરોના કાળમાં પણ દેશે જાળવેલી પ્રગતિનું બયાન કરતા કહ્યું હતું કે "ડિજિટલ ઈન્ડિયા" એ દેશની સૌથી મોટી તાકાત છે. આ બાબતના સમર્થનમાં વડાપ્રધાનશ્રીએ દેશભરમાં અમલી બનાવાયેલી વિવિધ યોજનાઓની ટૂંકી વિગતો રજૂ કરી હતી તથા તેનો લાભ લેવા પણ સૌને અનુરોધ કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ સહર્ષ જણાવ્યું હતું કે, સમાજને શક્તિશાળી બનાવવાના નિરંતર પ્રયાસો માટે વર્તમાન સરકાર સંકલ્પબદ્ધ છે. દેશના છ શહેરોમાં આધુનિક સુવિધાસભર વિકાસનું વાતાવરણ નિર્માણ કરવાના કેન્દ્ર સરકારના આયોજનમાં રાજકોટનો પણ સમાવેશ થયો છે.

રાજકોટ સાથેના પોતાના સંસ્મરણો વાગોળતા શ્રી મોદીએ રાજકોટને પોતાની પાઠશાળા ગણાવતા જણાવ્યું હતું કે, રાજકોટની ધરતીની તાકાત હંમેશા તેમના માટે પ્રેરણારૂપ રહી છે. આ તકે તેમણે ભૂતપૂર્વ રાજયપાલશ્રી વજુભાઈ વાળાનો ઋણ સ્વીકાર કર્યો હતો.

**"નાગરિકોને વિકાસના ફાયદા તેમજ કાયદો વ્યવસ્થા-સુખ-શાંતિ-સહજ બન્યા છે તે સરકારની સક્ષમ કાર્યશૈલીની પારાશીશી છે. આ જ રાહ પર આગળ વધવા સરકાર પ્રતિબધ્ધ છે."**

**- શ્રી નરેન્દ્રભાઈ મોદી, માન. પ્રધાનમંત્રીશ્રી**

ગુજરાતની સુરક્ષાની ચર્ચા વૈશ્વિક કક્ષાએ થઈ રહી હોવાની બાબતનો સગર્વ ઉલ્લેખ કરતા વડાપ્રધાનશ્રી મોદીએ સુરક્ષિત વાતાવરણનું સમગ્ર રાજયમાં સર્જન કરવાની સરકારની નેમ વ્યકત કરી હતી. મધ્યમ વર્ગના માનવીની તાકાત સમગ્ર સમાજની ધરોહર છે, એવો આશાવાદ પણ તેમણે આ તકે રજુ કર્યો હતો અને માથું ટેકવવા માટે મળેલા ઘરના ઘરથી સ્વમાનપૂર્ણ જીવનનો અનુભવ કરાવતા "પ્રધાનમંત્રી આવાસ યોજના"ના લાભાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

એન્જિનિયરિંગ ઉદ્યોગનું કેન્દ્ર એવા રાજકોટ અને સમગ્ર વિશ્વના સિરામિક ઉદ્યોગનો ૧૩ ટકા હિસ્સો ધરાવતા મોરબી જિલ્લાની તેમણે સરાહના કરી હતી તથા આંતરમાળખાકીય સુવિધાઓની પૂર્તિ માટે સરકારના તમામ સહકારની ખાતરી ઉચ્ચારી હતી.

રાજકોટના ઓટોપાર્ટ્સની માંગ વિશ્વભરમાં છે, ત્યારે આવનારા દિવસોમાં રાજકોટ ખાતે એવિએશન ઉદ્યોગના પાર્ટસ પણ નિર્માણ થાય તેવી શુભકામના રાજકોટના ઉદ્યોગ જગતના દિગ્ગજોને આપી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તથા કેન્દ્રીય મંત્રીશ્રી હરદીપસિંગ પૂરીએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

વડાપ્રધાનશ્રીના વરદ્ હસ્તે ડિજિટલી લોકાર્પિત કરાયેલા કુલ રૂ. ૬૯૯૦ કરોડના વિવિધ વિકાસ કામો અંતર્ગત રૂ. ૧૧૮.૮૯ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા લાઇટ હાઉસ પ્રોજેક્ટના ૧૧૪૪ આવાસો, રૂ. ૮૬.૪૬ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર, રૂ. ૨૫.૮૦ કરોડના ખર્ચે ફોર અને સીકસ લેન રોડ, અને રૂ. ૨૨૭.૨૪ કરોડના ખર્ચે રાજકોટમાં હોસ્પિટલ ચોક બ્રિજ, રામાપીર ચોકડી બ્રિજ, નાના મૌવા બ્રિજ અને રેલવે માટે પેસેન્જર સુવિધાઓ જેવા પ્રોજેક્ટના લોકાર્પણ પણ સામેલ છે. રાજકોટ, મોરબી અને જામનગર ખાતે રૂ. ૨૯૫૮.૫૭ કરોડના ખર્ચે તૈયાર થનારા જી. આઈ. ડી.સી., રૂ. ૧૨૦૪ કરોડના ખર્ચે જેતપુર-ગોંડલ- રાજકોટ ખાતે ૬ લેનના રસ્તાઓ, રૂ. ૫૦૦ કરોડના ખર્ચે રાજકોટમાં આવનારા અમુલ ડેરીનો માઈક્રો પ્રોસેસર પ્લાન્ટ, રૂ. ૯૪૧.૨૮ કરોડના ખર્ચે સાકાર થનારી પાણી પુરવઠા યોજનાઓ, રૂ. ૪૩૬ ખર્ચે રસ્તાઓનું ફોર લેનીંગ, નવું કોર્ટ બિલ્ડિંગ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ફાયર સ્ટેશન વગેરે જેવા વિવિધ વિકાસકામોના શિલાન્યાસ વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે કરવામાં આવ્યા હતા.

વડાપ્રધાનશ્રી મોદીએ રાજકોટમાં રૂ. ૨૮૦ કરોડના ખર્ચે મકનસર ગતિ શક્તિ ટર્મિનલ, ગોંડલ ખાતે રૂ. ૨૦૦ કરોડના ટેક્નોલોજી હબ સેન્ટર, રૂ. ૧૬૯.૯૪ કરોડના ખર્ચે રસ્તાઓ પહોળા કરીને રિ-સરફેસિંગ, નદીના પુલનું પુનઃ નિર્માણ, ચિલિંગ પ્લાન્ટના વિસ્તરણ અને ઓટોમેશન ડેરી યુનિટ જેવા વિવિધ વિકાસકાર્યોની જાહેરાત કરી હતી. એરપોર્ટથી રેસકોર્સ સ્થિત સભાસ્થળ સુધી યોજાયેલા વડાપ્રધાનશ્રી મોદીના રોડ શો દરમિયાન રાજકોટ શહેરની ઉત્સાહી જનતાએ વડાપ્રધાનશ્રીને આનંદ અને ઉમળકાભેર આવકાર આપ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રી કૌશલ કિશોર, ગુજરાતના મંત્રીશ્રીઓ સર્વશ્રી જીતુભાઈ વાઘાણી, શ્રી બ્રિજેશભાઈ મેરજા અને શ્રી અરવિંદભાઈ રૈયાણી, ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કર્ણાટકના પૂર્વ રાજયપાલશ્રી વજુભાઈ વાળા, મેયર ડૉ. પ્રદિપ ડવ, ચીફ સેક્રેટરીશ્રી પંકજ કુમાર, સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા અને શ્રી રામભાઈ મોકરિયા, ધારાસભ્યો સર્વશ્રી કુંવરજીભાઈ બાવળીયા, જયેશભાઈ રાદડિયા, ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા અને પરસોતમભાઈ સાબરીયા, રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભૂપતભાઈ બોદર, મોરબી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ચંદુભાઈ સિહોરા, અગ્રણીશ્રીઓ કમલેશભાઈ મીરાણી, શ્રી ભરતભાઈ બોઘરા, શ્રી દુર્લભજીભાઈ દેથરીયા, શ્રી જયંતીભાઈ કવાડિયા, રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી અરૂણ મહેશ બાબુ, રાજકોટ પોલીસ કમિશનરશ્રી રાજુ ભાર્ગવ તથા બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના રોડ-શોમાં વિશાળ જનમેદનીનું અભિવાદન ઝીલતા માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી

## એરપોર્ટથી રેસકોર્સ ગ્રાઉન્ડ સુધીના માર્ગમાં ઠેર ઠેર માન. વડાપ્રધાનશ્રીનું ભાવભર્યું સ્વાગત કરતા રાજકોટવાસીઓ



રાજકોટ તા. ૧૯ ઓક્ટોબર, ૨૦૨૨. રાજકોટ ખાતે રૂ. ૬,૯૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોની ભેટ આપવા પધારેલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનો ભવ્ય રોડ-શો એરપોર્ટથી રેસકોર્સ ગ્રાઉન્ડ સુધી યોજાયો હતો.

લોક લાડીલા વડાપ્રધાનશ્રીની એક ઝલક મેળવવા રાજકોટવાસીઓ રોડ-શોમાં ઉત્સાહપૂર્વક ઉમટી પડ્યા હતા. એરપોર્ટથી રેસકોર્સ ગ્રાઉન્ડ સુધીના સમગ્ર માર્ગમાં રાજકોટવાસીઓએ પ્રધાનમંત્રીશ્રીને ઉમંગ ઉલ્લાસથી આવકાર્યા હતા.

જન જનના મુખે એક જ નામ ‘‘મોદીજી આપકા સ્વાગત હૈ’’ સાંભળવા મળ્યું હતું. માર્ગમાં શહેરની વિવિધ સંસ્થાઓ, વિવિધ સમાજના અગ્રણીઓ દ્વારા વડાપ્રધાનશ્રીનું સ્વાગત-અભિવાદન કરવામાં આવ્યું હતું. ૬૦ જેટલા ફ્લોટસ પરથી વિવિધ જ્ઞાતિના લોકોએ પ્રધાનમંત્રીશ્રીને આવકાર્યા હતા. પ્રયાસ પેરેન્ટ્સ સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોએ પણ પ્રધાનમંત્રીશ્રીની પ્રતિકૃતિ બનાવી હર્ષ વ્યક્ત કર્યો હતો.

આ તકે કાયદા વ્યવસ્થાને સુદ્રઢ કરી અને મહિલાઓને કાયદાની વિવિધ સુવિધાઓ અને ગુજરાતમાં કાયદા વ્યવસ્થાને મજબુત કરી દીકરીઓને નિર્ભય જીવન દેવા બદલ રાજકોટના એડવોકેટ મહેશ્વરી ચૌહાણે સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. ગોવિંદભાઈ દંતાણીએ સમગ્ર દેવીપુજક સમાજવતી પ્રધાનમંત્રીશ્રીના હર હાથ કો કામના વિચારની સફળતા દર્શાવી રોજગારીની તકો આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર રૂટ પર વિવિધ શાળાના બાળકો દ્વારા થયેલી નૃત્ય સહિતની પ્રસ્તુતિઓએ ઉપસ્થિતજનોને આકર્ષિત કર્યા હતા. સ્વામિનારાયણ ગુરુકુળના શિષ્યો દ્વારા વેદોચ્ચાર થકી વડાપ્રધાનશ્રીને અનોખો આવકાર આપવામાં આવ્યો હતો.

રાજકોટની જનતા દ્વારા દર્શાવાયેલા આ પ્રેમનો પ્રધાનમંત્રીશ્રીએ પણ ઉષ્માસભર પ્રતિસાદ આપતા સમગ્ર રસ્તે હાથ હલાવી જનતાનું અભિવાદન ઝીલ્યું હતું અને અબાલ-વૃદ્ધ સૌ રંગીલા રાજકોટીયનોએ વ્યક્ત કરેલા પ્રેમ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ઉપસ્થિતજનોએ રાજકોટને સર્વ ક્ષેત્રે અગ્રીમ બનાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## રાજકોટને રાષ્ટ્રીય ગૌરવ અપાવતી ઈવેન્ટ

# નેશનલ ગેઈમ્સ-૨૦૨૨નું શાનદાર સફળ આયોજન




તા. ૨૭-સપ્ટેમ્બર થી તા. ૧૦ ઓક્ટોબર દરમ્યાન ગુજરાતમાં યોજાયેલ ૩૬મી નેશનલ ગેઈમ્સ ગુજરાત-૨૦૨૨ પૂર્વે રાજકોટના શહેરીજનોમાં સ્પોર્ટસ અને ફિટનેસ પ્રત્યે જાગૃતિ કેળવવા અને અનેરૂ વાતાવરણ અને લોકોત્સાહ સર્જવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૫ થી ૧૮ સપ્ટેમ્બર દરમ્યાન ‘‘સ્પોર્ટસ કાર્નિવલ’’નું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. નેશનલ ગેઈમ્સ, ગુજરાત -૨૦૨૨ની વિવિધ સ્પોર્ટસ સ્પર્ધાઓ ગુજરાતના જુદા-જુદા શહેરોમાં યોજાયેલ હતી, જેમાં બે સ્પોર્ટસ ઈવેન્ટ્સ - હોકી અને સ્વિમિંગની સ્પર્ધાઓનું યજમાન રાજકોટ બન્યું હતું. નેશનલ ગેઈમ્સના યજમાન બનવાનો ગૌરવપૂર્ણ અવસર રાજકોટ શહેરને મળતા તા.૧૫ થી ૧૮ સપ્ટેમ્બર દરમ્યાન શહેરમાં સ્પોર્ટ્સ કાર્નિવલ અંતર્ગત જુદી જુદી રમતોના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા.

ગુજરાતમાં યોજાયેલ ૩૬મી નેશનલ ગેમ્સ-૨૦૨૨ અંતર્ગત રાજકોટમાં હોકી અને સ્વિમિંગ ઈવેન્ટ્સ ફાળવવામાં આવેલ. તા.૦૨/૧૦/૨૦૨૨ના રોજ સવારે ૬:૪૫ વાગ્યે માનનીય મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવ, ધારાસભ્યશ્રી ગોવિંદભાઈ પટેલ, ડેપ્યુટી મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા અને રાજકોટ શહેર ભાજપ મહામંત્રી શ્રી નરેન્દ્રસિંહ ઠાકુરની ઉપસ્થિતિમાં મેજર ધ્યાનચંદ હોકી મેદાન, રેસકોર્સ ખાતે ઓડીશા અને ઉત્તર પ્રદેશની મહિલા હોકી ટીમો વચ્ચેના મેચ સાથે હોકી સ્પર્ધાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત મેયરશ્રી સહિતના મહાનુભાવો અને મ્યુનિ. કમિશનરશ્રી સાથે ઓડીશા અને ઉત્તર પ્રદેશની મહિલા હોકી ટીમના ખેલાડીની પરિચય વિધિ કરાવવામાં આવી હતી. પૂલ-એ માં ઓડીશા અને ઉત્તરપ્રદેશ વચ્ચે

### પ્રમોશનલ એકટીવિટી : રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૫ થી ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૨ દરમ્યાન ‘‘સ્પોર્ટ્સ કાર્નિવલ’’ યોજાયો







રમાયેલા મેચમાં રસાકસીભરી રમતને અંતે ઓડીશાએ ૩-૨ ગોલના માર્જિનથી દિલધડક વિજય સાથે પોતાના અભિયાનનો પ્રારંભ કર્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે ગુરૂવારે તા. ૧૫-૦૯-૨૦૨૨ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે રેસકોર્સ ખાતે મેજર ધ્યાનચંદ હોકી મેદાન ખાતે ગુજરાત-એ અને ગુજરાત-બી ટીમ વચ્ચે હોકી મેચ રમાયો હતો. જેમાં માન. મેયર ડૉ. પ્રદિપ ડવે ટોસ ઉછાળીને મેચનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે ડેપ્યુટી મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, ડેપ્યુટી કમિશનર શ્રી આશિષ કુમાર, શ્રી એ.આર. સિંહ તેમજ ગુજરાતની બંને હોકી ટીમોના પ્રતિનિધિઓ વગેરે ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે મેયર ડૉ.પ્રદિપ ડવે ગુજરાતની બે ટીમોના પ્રદર્શન મેચમાં રમી રહેલા તમામ ખેલાડીઓને શુભેચ્છા પાઠવતા પ્રાસંગિક ઉદબોધનમાં કહ્યું હતું કે, મેચમાં હારવું જીતવું એ રમતનો એક ભાગ છે અને હારવા-જીતવા કરતા, રમતમાં ભાગ લેવો એ વધુ મહત્વનું હોય છે. છેલ્લે સને-૨૦૧૫માં કેરલ ખાતે નેશનલ ગેમ્સ રમાઈ હતી, અને ૭ વર્ષ પછી હવે ગુજરાતને નેશનલ ગેમ્સના યજમાન બનવાનો ગૌરવપૂર્ણ અવસર પ્રાપ્ત થયો છે. દેશના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના લોકો ફિટનેસ પ્રત્યે જાગૃત રહે તે માટે ''ફિટ ઈન્ડિયા'' ઝુંબેશ હાથ ધરી હતી એ સૌ જાણે છે અને તેઓ ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે રાજ્ય કક્ષાના રમતોત્સવના ''ખેલ મહાકુંભ''ના આયોજનો કર્યા હતા અને સ્પોર્ટસ યુનિવર્સિટી માટે પણ ઈનિશિએટિવ લીધા છે. ઉપરાંત, સરકારી નોકરીઓમાં પણ સ્પોર્ટસ ક્વોટા રાખવામાં આવે છે. હવે તેઓ રાષ્ટ્રીય કક્ષાના આયોજનો કરી સ્પોર્ટ્સને ભરપૂર પ્રોત્સાહન આપી રહયા છે.

હોકી મેચની ઈવેન્ટ બાદ શ્રી શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી રેસકોર્સ ખાતે યોજાયેલ મેઈન સ્ટેજ પ્રોગ્રામનો પ્રારંભ થયો હતો. જેમાં મેયરશ્રી ડો. પ્રદિપ ડવ અને શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, ડેપ્યુટી મેયરશ્રી ડો. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલ, જિલ્લા કલેકટર શ્રી અરૂણ મહેશ બાબુ, મ્યુનિ. કમિશનર શ્રી અમિત અરોરા, ડીડીઓ શ્રી દેવ ચૌધરી, એડી. કલેકટર અને રૂડાના સી.ઈ.ઓ. શ્રી કેતનભાઈ ઠક્કર, શહેર ભાજપ મહામંત્રીઓ શ્રી કિશોરભાઈ રાઠોડ અને શ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, મ્યુનિ. શાસક પક્ષના દંડક શ્રી સુરેન્દ્રસિંહ વાળા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેનશ્રી પરેશભાઈ પીપળીયા, સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ શ્રી જયદેવ શાહ, ડેપ્યુટી કમિશનર શ્રી આશિષ કુમાર, અન્ય સૌ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરેલ. શ્રી પરેશભાઈ પીપળીયાએ મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક વડે સ્વાગત કર્યું હતું.



> **ભારત સરકારશ્રી દ્વારા ફીટ ઈન્ડિયા અભિયાન દ્વારા સમગ્ર દેશમાં જાહેર સ્વાસ્થ્ય તેમજ ખેલકૂદ ક્ષેત્રે એક નવો જ અભિગમ અપનાવેલ છે. આ અભિયાનમાં રાજકોટ મહાનગરપાલિકાએ પણ નેશનલ ગેમ્સના હોકી અને સ્વિમિંગ ઈવેન્ટનું આયોજન કરી પોતાનું યોગદાન આપ્યું છે.**
>
> **- ડૉ. પ્રદિપ ડવ, મેયરશ્રી, રાજકોટ**

# હોકીમાં કર્ણાટકની પુરુષ ટીમ અને હરિયાણાની મહિલા ટીમ ચેમ્પિયન બની

રાજકોટ, ૧૧ ઓક્ટોબર-૨૦૨૨

કર્ણાટક અને હરિયાણાએ અહીં ધ્યાનચંદ હોકી સ્ટેડિયમ ખાતે યોજાયેલી રાષ્ટ્રીય રમતની હોકી સ્પર્ધામાં અનુક્રમે પુરૂષ અને મહિલા વિભાગમાં ટોચના સન્માન પ્રાપ્ત કર્યા હતા. રેગ્યુલેશન ટાઇમમાં ટીમો ૨-૨થી બરાબર રહી ગયા બાદ કર્ણાટકના પુરૂષોએ ટાઇ-બ્રેકર દ્વારા ઉત્તર પ્રદેશને ૫-૪થી હરાવ્યું હતું. હરિયાણાની મહિલાઓએ કટ્ટર હરીફ પંજાબને એકાંત ગોલથી હરાવીને ૨૦૧૫માં ગુમાવેલ ખિતાબ ફરીથી મેળવ્યો હતો.

રાજકોટ ખાતેની હોકીની ફાઇનલ મેચ માંરાજ્યના માનનીય કેબિનેટ મંત્રીશ્રી અને રાજકોટના પ્રભારી મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી, મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવ, સાંસદશ્રી રામભાઇ મોકરીયા, ધારાસભ્યશ્રી લાખાભાઇ સાગઠીયા, ડે.મેયર ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઇ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભુપતભાઇ બોદર, કલેકટરશ્રી અરૂણ મહેશ બાબુ, ડી.ડી.ઓ. શ્રીદેવ ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર સર્વેશ્રી આશિષ કુમાર, એ.આર.સિંહ, સી.કે. નંદાણી, ડી.એસ.ઓ. શ્રી અવની હરણ, રમત-ગમત અધિકારીશ્રી જાડેજા વિગેરેની ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે નેશનલ હોકી સ્પર્ધાનું શાનદાર સમાપન અને ઉપસ્થિત સૌ મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમોને મેડલ એનાયત કરાયા હતા.

૨૧ વર્ષ બાદ ફાઇનલમાં પહોંચતા, કર્ણાટકે એસ.વી. સુનીલ અને હરીશ મુટગર દ્વારા ગોલ કર્યા જ્યારે સુમિત અને મનીષ યાદવે નિયમન સમયે કર્ણાટક માટે જવાબ આપ્યો. પેનલ્ટી શૂટ આઉટમાં, નિક્કિન થિમૈયા CA, હરીશ મુટગર, અભરન સુદેવ અને મોહમ્મદ રાહીલે કર્ણાટક માટે ગોલ કર્યા હતા જ્યારે રાજકુમાર પાલ, રાહુલ કુમાર રાજભર, વિશાલ સિંહ અને સુમિત ઉત્તર પ્રદેશ માટે સફળ રહ્યા હતા. ભારતના સુકાની, જેમણે સેમિફાઇનલમાં ઉત્તર પ્રદેશ સામે પાંચ ગોલ કર્યા હતા, તેણે ૨૦૧૫માં કેરળમાં તે જ ટીમ સામે હારી ગયેલું ટાઇટલ પાછું મેળવવા માટે ૩૦મી મિનિટમાં ગોલ કર્યો હતો.



દરમ્યાન આ પૂર્વે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું, જયારે મ્યુનિ. કમિશનર શ્રી અમિત અરોરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સમાજ કલ્યાણ સમિતિના ચેરમેનશ્રી પરેશભાઈ પીપળીયાએ આભાર વિધિ કરી હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા. ૧૫-૦૯-૨૦૨૨ના રોજ સાંજે ૬.૩૦ વાગ્યે રેસકોર્સ ખાતે શહેર ભાજપ પ્રમુખ શ્રીકમલેશભાઈ મીરાણીએ રિબન કાપી ગેઈમ્સ ઝોનનું ઉદઘાટન કર્યું હતું.

ડાયસ ફંકશન બાદ વિવિધ થીમેટિક ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મેઈન સ્ટેજ ડેમોન્સ્ટ્રેશનમાં જિમ્નાસ્ટીક (ફ્લોર એક્ટિવિટી, હુલાહુપ, પીરામીડ, ફોરવર્ડ રોલ, કાર્ટ વીલ, ફ્રન્ટ-બેક,રીધમીક રીંગ, રીબન્ટ બોલ), એરોબીક્સ (ઝુમ્બા, બોકવા, કાર્ડિયો, પ્લેક્સસ, ફીટનેસ ગેમ, બોક્સીંગ, પાઈલેટસ, બોલ વર્ક આઉટ), મેઈન સ્ટેજ કલ્ચરલ ઈવેન્ટમાં બેન્ડ પર્ફોમન્સ ( કલાસિક બેન્ડ), ગરબો ( સરોજીની નાયડુ સ્કુલ), લોક સંગીત તથા લોક સાહિત્ય (શ્રી રાજુભાઈ ગઢવી), ફન ગેઈમ્સમાં લીંબુ ચમચી, કોથળા દોડ, ટગ ઓફ વોર, આર્મ રેસલીંગ અને ત્યારબાદ ફુટબોલ ગોલ ચેલેન્જ, બાસ્કેટ બોલ ગોલ ચેલેન્જ, હોકી ગોલ ચેલેન્જ, ક્રિકેટ ઈવેન્ટસનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત વિજેતા હોકી ટીમના ખેલાડીઓનું મહાનુભાવોના હસ્તે ટ્રોફી ગીફ્ટ વાઉચર વડે સન્માન કરવામાં આવ્યું હતું. સાથોસાથ અન્ય વિવિધ રમતોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ દેખાવ કરી ચુકેલા ખેલાડીઓમાં સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ જયદેવ શાહ, વુસુ ખેલાડી મયુર જગદીશભાઈ, ફીન્સ સ્વિમિંગમાં બાસુરી મકવાણા, એથ્લેટિક્સમાં હેમાલી વ્યાસ, પિસ્ટલ શૂટિંગમાં તિશા લીમ્બડ, દર્શિતા જોગટીયાં, અને રાઈફલ શૂટિંગમાં ધ્રુવી નિલેશભાઈ વોરા, હીના જયેશભાઈ ગોહેલ, કુંમર શ્રધ્ધા મનસુખભાઈ અને સંસ્કૃતિ જગદીશભાઈ ભાલારાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

# માના પટેલે સિલ્વર મેડલ સાથે નેશનલ ગેઈમ્સના અભિયાનનો અંત કર્યો



રાજકોટ, ૮ ઓક્ટોબર : શિવાંગી શર્માએ શનિવારે સાંજે અહીં સરદાર પટેલ સ્વિમિંગ કોમ્પ્લેક્સ ખાતે મહિલાઓની ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલની ફાઈનલમાં ફેવરિટ માના પટેલને આશ્ચર્યચકિત કરી દીધી હતી. આસામી છોકરીએ કેરળ ૨૦૧૫માં શિવાની કટારિયા (હરિયાણા) દ્વારા સેટ કરેલા ૫૮.૩૪ના મીટ રેકોર્ડની સરખામણીમાં, એકદમ ઝડપી ૫૮.૭૭નો સ્કોર કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. માના ૫૯.૧૫ સેકન્ડમાં બીજા સ્થાને આવી હતી, જે ૧:૦૦.૧૮ થી વધુ સારો સમય હતો જે તેણીએ હીટ્સ જીતી હતી. રૂજુલા એસ. જે કર્ણાટકની રિલે ટીમોમાં નિયમિત છે, તેણે ૫૯.૧૭ સેકન્ડમાં બ્રોન્ઝ માટે તેની નજીક દોડી હતી. આ સ્પર્ધામાં ત્રણ ગોલ્ડ મેડલ ધરાવતા ટોક્યો ઓલિમ્પિયન માટે તે બીજો સિલ્વર હતો. વેનિકા પરીખ, આર્યન પંચાલ અને અંશુલ કોઠારીની કંપનીમાં મિક્સ્ડ ૪×૧૦૦ મેડલીમાં ગુજરાતને કાંસ્ય જીતવામાં મદદ કરવામાં પાછળ રહ્યા હતા. કર્ણાટક ટીમ ચેમ્પિયનશિપમાં ૧૯ ગોલ્ડ ૮ સિલ્વર અને ૧૨ બ્રોન્ઝ સાથે કુલ ૩૯ મેડલ જીત્યા હતા. એક વ્યક્તિ પ્રકાશના પ્રયત્નોના પરિણામે કેરળ ૫ ગોલ્ડ ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ સાથે બીજા ક્રમે છે જ્યારે સર્વિસિસ ચાર ગોલ્ડ ચાર સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ સાથે ત્રીજા ક્રમે છે. સર્વિસીસના લિખિત એસપીએ સંદીપ સેજવાલ (MP) દ્વારા સેટ કરેલ ૧:૦૨.૧૨ ના મીટ માર્કને સહેજ ચૂકી જવા છતાં ૧:૦૨.૭૭ ના સમયમાં પુરૂષોની ૧૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોક જીતીને સ્પર્ધાનું ચોથું સુવર્ણ મેળવ્યું. એસ દાનુષ (તામિલનાડુ), જે હંમેશા ત્યાં અથવા તેની આસપાસ રહેતો હતો, તે ૧:૦૩.૯૫નાં ટાઈમિંગ સાથે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. જ્યારે કેરળના અનૂપ ઑગસ્ટીને ૧:૦૫.૪૨માં બ્રોન્ઝનો દાવો કર્યો હતો. સવારના હીટ્સમાં ત્રણેય દ્વારા તે જ ફિનિશિંગ હતું, જોકે ત્રણેય ટાઈટલ રાઉન્ડમાં વધુ સારી રીતે પાછા ફર્યા હતા.

રાજકોટનાં યજમાન પદે નેશનલ ગેઈમ્સ-૨૦૨૨ની હોકી અને સ્વિમિંગની ઈવેન્ટ્સ રમાઈ હતી. ભારતીય મહિલા હોકી ટીમ વતી આંતરરાષ્ટ્રીય મેચ તેમજ ઓલિમ્પિકમાં રમી ચૂકેલી ખેલાડીઓએ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલા આયોજનની મુકત કંઠે સરાહના કરી હતી જે રાજકોટ મનપાના તંત્ર અને રાજકોટ શહેર માટે ગૌરવની વાત છે. એશિયન ગેઈમ્સમાં સિલ્વર મેડાલિસ્ટ ભારતીય મહિલા હોકી ટીમની શ્વેતા ખત્રીએ તો ત્યાં સુધી કહ્યું કે, રાજકોટનાં મહેમાન બનેલા જુદાજુદા રાજ્યોના હોકી અને સ્વિમિંગ ખેલાડીઓનો જુસ્સો વધારવા અને સૌરાષ્ટ્રની કાઠિયાવાડી પરંપરાનો પરિચય કરાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મ્યુનિસિપલ કમિશનર શ્રી અમિત અરોરાનાં સતત માર્ગદર્શન હેઠળ રેલ્વે સ્ટેશન, એરપોર્ટ અને બસ પોર્ટ ખાતે ખેલાડીઓનું તિલક અને ઢોલ નગારાનાં તાલ અને ગરબા સાથે જબરદસ્ત ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું એ જોઈને ખેલાડીઓ ખુશખુશાલ થઈ ગયા હતાં. આ ઉપરાંત મ્યુનિ. કમિશનર શ્રી અમિત અરોરાએ દિવસ રાત જોયા વગર મનપાના અસંખ્ય અધિકારીઓ અને કર્મચારીઓની સાથે રહીને ખભેખભો મિલાવીને કરેલા અથાક પરિશ્રમના પરિણામે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એથ્લેટ્સના સ્વાગતની સાથોસાથ તેઓને હોટેલમાં રહેવા અને ભોજન તેમજ આવવા જવા માટે ટ્રાન્સપોર્ટેશનનું સમગ્ર વ્યવસ્થા તંત્ર ગોઠવવામાં આવેલું છે. જેની ખેલાડી ઓએ નોંધ તો લીધી જ સાથોસાથ તેની ભરપુર પ્રશંસા પણ કરી છે. એશિયન ગેઈમ્સ સિલ્વર મેડાલિસ્ટ ભારતીય ટીમની સભ્ય શ્વેતા ખત્રીએ એમ કહ્યું હતું કે, " હું એશિયન ગેઈમ્સ સિલ્વર મેડાલિસ્ટ ભારતીય ટીમની સભ્ય રહી છુ. જે રીતે આ નેશનલ ગેઈમ્સનું આયોજન કર્યું છે તે જે મે એશીયન ગેઈમ્સમાં જોયું હતું એ પ્રમાણે જ થયું છે. બહુ જ સારૂ આયોજન કરવામાં આવ્યું છે.

આંતરરાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટ થાય તેવી રીતે જ આયોજન કરવામાં આવ્યું છે. જેથી ખેલાડીઓને ઘણું સારો સંદેશ જાય છે. સંપૂર્ણ ભારતમાં એવો સંદેશ જાય છે કે આ મોદીજીનું શહેર છે. જે રમતને આટલું મહત્વ આપે છે.



# વાહ... રાજકોટ... વાહ...

## મહાનગરપાલિકાની મહેમાનગતિ અને આયોજનની મુક્ત કંઠે સરાહના કરતા ભારતની આંતરરાષ્ટ્રીય હોકી ખેલાડીઓ



"મે એશિયન ગેઈમ્સમાં જોયું હતું એ પ્રમાણે જ થયું છે. બહુ જ સારૂ આયોજન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટ થાય તેવી રીતે જ આયોજન કરવામાં આવ્યું છે. જેથી ખેલાડીઓમાં ઘણો સારો સંદેશ જાય છે. સંપૂર્ણ ભારતમાં એવો સંદેશ જાય છે કે આ મોદીજીનું શહેર છે. જે રમતને આટલું મહત્વ આપે છે ખેલેગા ઈન્ડિયા. ગુજરાતના બાળકોને સંદેશો આપવા માંગુ છું કે રાજકોટના કોર્પોરેશન દ્વારા ખૂબ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. જમવા, રહેવા, આવવા-જવાની વ્યવસ્થા ખૂબ સારી રીતે કરવામાં આવી છે. અમે ઈચ્છીએ છીએ કે આ જોઈને દરેક રાજ્ય આ પ્રકારનું આયોજન કરે તો ભારત એક દિવસ નંબર ૧ જરૂર બનશે."

**શ્વેતા ખત્રી, એશિયન ગેમ્સ સિલ્વર મેડાલિસ્ટ**
**ભારતીય મહિલા હોકી ટીમ**



આ મારી બીજી નેશનલ કેપ્ટન ગેઈમ છે. રાજકોટમાં આ ટુર્નામેન્ટ થઈ રહી છે. એક ખિલાડી તરીકે એ જ કહી શકુ કે સમયની સાથે ચીજો બદલાતી રહે છે. અને અહી ઘણી વ્યવસ્થીત રીતે બધુ છે. ખુબ સારી સુવિધા અમને મળી રહી છે જ્યારે અમે રમવાનું ચાલુ કર્યું હતું ત્યારે આ બધું આવું ન હતું પરંતુ સમયની સાથે ઘણો સુધારો જોવા મળી રહ્યો છે. અમે રાજકોટ, ગુજરાતમાં જ્યારે ઘરેથી આવ્યા ત્યારે ઘણી સારી રીતે અમારું સ્વાગત કરવામાં આવ્યું તેનાથી ખિલાડીને એક પ્રેરણા મળે છે એ ખુશ થાય છે કે તે એક સારી જગ્યાએ છે. તેથી શરૂઆતથી જ અમને અહિયા ઘણી મજા આવી અને અમે પણ પ્રયત્ન કરીશું કે અમે અમારી ઉત્તમ હોકી અહિયા રમીએ અને તમે બધા એની મજા માણી શકો."

**સવિતા પૂનિયા, કપ્તાન અને ગોલ કીપર**
**ભારતીય મહિલા હોકી ટીમ**



"હું નેહા ગોયલ, આંતરરાષ્ટ્રીય હોકી પ્લેયર અને ઓલિમ્પિયન, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશને અમારૂ ઘણું જ સારું સ્વાગત કર્યું છે. અહી આવીને ઘણું સારૂ લાગી રહ્યું છે અને રહેવાની સારી વ્યવસ્થા કરી છે. અહી હોકીનું મેદાન જોઈને એવું લાગી રહ્યું છે કે અમે ઓલિમ્પિક રમવા આવ્યા હોઈએ. રાજકોટનું હોકી મેદાન આંતરરાષ્ટ્રીય કક્ષાનું છે. અહીંની વ્યવસ્થા ઉડીને આંખે વળગે એવી છે. નેશનલ ગેઈમ્સ કક્ષાના આયોજનમાં જે કાળજી લેવામાં આવી છે તે શ્રેષ્ઠ છે મને એવી આશા છે કે, અમે આગળ સારૂ રમીયે અને ફાઈનલ રમીને જઈએ."

**નેહા ગોયલ, ઓલિમ્પિયન,**
**ભારતીય મહિલા હોકી ટીમ**



"મારું નામ મોનિકા મલિક ભારતીય હોકી ટીમની ખેલાડી છું. તાજેતરમાં તમે લોકોએ જોયું હશે કે ઓલમ્પિક અને કોમનવેલ્થ ગેઈમ્સમાં મેડલ મળ્યો તે ટીમનો હું ભાગ રહી છું. અમે રાજકોટ નેશનલ ગેઈમ્સ રમવા આવ્યા છીએ અને હરિયાણા ટીમ તરફથી આ મારી પ્રથમ નેશનલ ગેઈમ્સ છે. અહિંયા રેલ્વે સ્ટેશન પર આવ્યા ત્યારે અમારૂ ખૂબ સારી રીતે સ્વાગત કરવામાં આવ્યું તથા અહીના ગરબા અમને ખૂબ પસંદ આવ્યાં. અમે અહીંની રહેવાની, જમવાની, આવવા-જવાની વ્યવસ્થાથી ખૂબ ખુશ છીએ. અને તેનો આનંદ માણી રહ્યા છીએ. ખાસ કરીને હું પ્રથમ વાર રાજકોટ, ગુજરાતમાં આવી છું. લોકો અમને ખૂબ પ્રોત્સાહન આપે છે."

**મોનિકા મલિક, ખેલાડી**
**ભારતીય મહિલા હોકી ટીમ**

## રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના રૂા. ૧૪૧ કરોડના પ્રોજેક્ટસના ઈ-લોકાર્પણ, ઈ-ખાતમુહૂર્ત તથા આવાસોના ડ્રો

# જડુસ ઓવરબ્રિજનું માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં લોકાર્પણ

રાજયના માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં રૂ. ૨૮.૫૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલ જડુસ ચોક ખાતેનો ઓવરબ્રિજ તથા રૂ.૪.૦૬ કરોડના ખર્ચે રૈયા ગામ ખાતે ઈલેક્ટ્રિક સ્મશાન સહિત રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના કુલ ૧૪૧ કરોડના ખર્ચે વિવિધ કામોનું ઈ-લોકાર્પણ, ઈ-ખાતમુહૂર્ત તથા આવાસોનો ડ્રો રાજયના કૃષિ મંત્રી અને રાજકોટના પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં તા.૦૪/૦૨/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ.

આ અવસરે રાજયના કૃષિ પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌસંવર્ધન, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ્ય વિકાસ વિભાગના તથા રાજકોટ જિલ્લાના માન.પ્રભારીમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના માન.મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાની પ્રેરક ઉપસ્થિતિ રહેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર ડૉ.પ્રદિપ ડવ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, ધારાસભ્ય શ્રી ઉદયભાઈ કાનગડ, ડૉ.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, રાજકોટ શહેર પોલીસ કમિશનર શ્રી રાજુ ભાર્ગવ, રાજકોટ મહાનગરપાલિકા બાંધકામ સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, લાઈટીંગ કમિટી ચેરમેન જયાબેન ડાંગર, આરોગ્ય સમિતિ ચેરમેન રાજેશ્રીબેન ડોડીયા, હાઉસિંગ કમિટી ચેરમેન વર્ષાબેન રાણપરા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, તથા જુદી જુદી કમિટીના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, શહેર સંગઠનના હોદ્દેદારશ્રીઓ, અધિકારીઓ તથા શહેરીજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

### લોકાર્પણ
**કાલાવડ રોડ પર જડુસ ચોક ખાતે ફોર લેન ફલાયઓવર બ્રિજ**

| | |
|---|---|
| પ્રોજેક્ટ્ કોસ્ટ | :રૂ. ૨૮.૫૨ કરોડ |
| બ્રિજની લંબાઇ | :૩૬૦ મીટર |
| બ્રિજની પહોળાઇ | :૧૫.૫૦ મીટર |
| સર્વિસ રોડ | :૬ મીટર પહોળાઇ |
| પીયરની સંખ્યા | : ૬ સેન્ટ્રલ |
| સ્ટાર્ટીંગ પોઇન્ટ | :એ.જી. ચોક |
| એન્ડ પોઇન્ટ | :મોટા મવા હયાત કલ્વર્ટ પાસે |
| લાભાર્થીની સંખ્યા | :૨ લાખ/દિવસ |





“માળખાકીય સુવિધા, અન્ડરબ્રિજ/ઓવરબ્રિજ, પ્રદુષણ મુક્ત રાજકોટ માટે ઈલેક્ટ્રિક બસો તથા ચાર્જીંગ સ્ટેશન વગેરે અનેક સુવિધાઓ રાજકોટ શહેરને સ્વચ્છ અને સુંદર બનાવશે. તેમજ શહેરીજનોની ટ્રાફિક સમસ્યા કાયમી ધોરણે હલ થશે.”



- શ્રી રાઘવજીભાઈ પટેલ
માન.મંત્રીશ્રી,
કૃષિ પશુપાલન,
ગ્રામ ગૃહ નિર્માણ
અને ગ્રામ્ય વિકાસ
તથા માન.પ્રભારી
મંત્રીશ્રી,
રાજકોટ જિલ્લો

### આવાસ યોજનાનો ડ્રો

“પ્રધાનમંત્રી આવાસ યોજના” અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા EWS-I યોજનાના - ૫૯૦ આવાસોનો NIC મારફત કોમ્યુટરાઈઝડ જાહેર ડ્રો. જેમાં લાભાર્થીઓનો ફાળો રૂ.૧૭.૭૦ કરોડ થાય છે.

“મુખ્યમંત્રી આવાસ યોજના” અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા LIG યોજનાના - ૧૦૦ આવાસોનો NIC મારફત કોમ્યુટરાઈઝડ જાહેર ડ્રો. પ્રોજેક્ટ કોસ્ટ રૂ.૮.૫૦ કરોડ.

“સરકારશ્રીના સહયોગ સાથે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સરળ પરિવહન માટે યોગ્ય સ્થળોએ ઓવરબ્રિજ અને અન્ડરબ્રિજના પ્રોજેક્ટ સાકાર કરી રહી છે. છેલ્લા અઢી વર્ષમાં રાજકોટમાં પાંચ ઓવરબ્રિજ અને એક અન્ડરબ્રિજના નિર્માણથી લોકોની સુવિધામાં વધારો થયો છે.”



- શ્રી મોહનભાઈ કુંડારીયા
માનનીય સાંસદશ્રી
(લોકસભા),
રાજકોટ

### લોકાર્પણ — રૈયા ગામ ખાતે ઈલેક્ટ્રિક સ્મશાન

- કુલ ખર્ચ અંદાજે રૂ. ૪.૦૬ કરોડ
- ગેસ આધારિત મુક્તિધામમાં ભવિષ્યને ધ્યાને લઈને વધુ એક ફર્નેશ આરક્ષિત રાખેલ છે.
- આધુનિક પ્રાર્થના હોલ તથા સ્ત્રી અને પુરુષ માટે અલગ ટોઈલેટ તથા બાથરૂમની સુવિધા
- મુક્તિધામ દરવાજાથી પ્રાર્થના હોલ સુધી સંપૂર્ણ પેવિંગ બ્લોકની સુવિધા રાખેલ છે.

### લોકાર્પણ — રિંગ રોડ-૨, ગોંડલ હાઈવેથી ભાવનગર હાઈવે

૧૦.૬૦ કી.મી.નો રસ્તો રૂ.૧૬.૩૬ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. રસ્તામાં આવેલ પાંચ મેજર બ્રિજની કામગીરી રૂ.૧૯.૪૪ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. રસ્તાની પથ રેખામાં રેલ્વે ક્રોસિંગ પર હયાત ફાટક ૧૭/સી રિંગ રોડ પર રૂ.૩.૫૬ કરોડના ખર્ચે શિફ્ટિંગની કામગીરી પૂર્ણ કરેલ છે. આમ કુલ રૂ.૩૯.૩૬ કરોડના ખર્ચે રિંગ રોડ-૨, ફેઝ-૩ની કામગીરી પૂર્ણ થયેલ છે.

### લોકાર્પણ — રિંગ રોડ-૨ ભાવનગર હાઈવેથી અમદાવાદ હાઈવે

આ ૧૦.૩૦ કી.મી. રસ્તાની કામગીરી રૂ.૨૨.૦૪ કરોડના ખર્ચે, રસ્તામાં આવેલ બે મેજર બ્રિજની કામગીરી રૂ. ૧૧.૭૯ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. આમ કુલ રકમ રૂ.૩૩.૮૩ કરોડના ખર્ચે રિંગ રોડ-૨, ફેઝ-૩ની કામગીરી પૂર્ણ થયેલ છે. સત્તામંડળ દ્વારા રસ્તા તથા બ્રિજના રકમ રૂ.૭૩.૧૯ કરોડના કામો થયેલ છે.

### ખાતમુહૂર્ત — ઈલેક્ટ્રિક બસ માટે ચાર્જીંગ સ્ટેશન

શહેરના બીજા રિંગ રોડ પર સ્માર્ટ સિટી એરિયામાં અટલ સરોવર પાસે ૧૦૦ ઈલે. બસ માટે ચાર્જીંગ સ્ટેશન તેમજ જરૂરી તમામ માળખાકીય સુવિધાઓ અંદાજીત કુલ રૂ.૭.૯૨ કરોડના ખર્ચે વિકસાવવામાં આવનાર છે.

વોર્ડ નં.૩માં રેલનગર મેઈન રોડ પોપટપરા પમ્પિંગ સ્ટેશનથી રેલનગર ESR સુધી બંને સાઈડ ફુટપાથ બનાવવાનું કામ રૂ. ૧,૦૯,૬૩,૨૨૫ ના ખર્ચે હાથ ધરાયેલ છે.



# રાજકોટમાં નેશનલ અર્બન હાઉસિંગ કોન્કલેવ - ૨૦૨૨નું આયોજન થયું

## માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદ્ઘાટન

રાજકોટ તા. ૧૯ ઓક્ટોબર, ૨૦૨૨

કેન્દ્રના હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ મંત્રાલય અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા. ૧૯ થી ૨૧ ઓક્ટોબર દરમ્યાન શાસ્ત્રી મેદાન ખાતે આયોજિત ''નેશનલ અર્બન હાઉસિંગ કોન્કલેવ ૨૦૨૨''નું આજરોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ અવસરે શહેરી વિકાસ અને પેટ્રોલિયમ વિભાગના કેન્દ્રીય મંત્રીશ્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું હતું કે, ૨૦૧૪માં દેશનું સુકાન સંભાળનાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આફતોને અવસરમાં પલટીને અનેક વિકાસના કામો કર્યા છે. વર્ષ ૨૦૧૫માં થયેલી શહેરી વિકાસ પરિકલ્પનાને પરિણામે આજે સ્માર્ટ આવાસો અને સ્માર્ટ સિટીનું નિર્માણ થઈ રહ્યું છે. વડાપ્રધાનશ્રીના દૂરંદેશીભર્યા નિર્ણયોને કારણે આજે મધ્યમવર્ગના પરિવારોને સુવિધાયુક્ત આવાસો મળી રહ્યા છે. વડાપ્રધાનશ્રીએ ગરીબો માટે આવાસો બનાવીને શહેરી વિકાસના બીજ ગુજરાતમાં રોપ્યા છે જેના ફળ આજે મળી રહ્યા છે. આજે શહેરનો વિકાસ વીજળીવેગે થઈ રહ્યો છે. અંત્યોદયથી સર્વોદય સુધીનું ખેડાણ કર્યું છે. આજે લાઈટહાઉસ પ્રોજેકટને કારણે ગરીબ પરિવારોને ઘરનું ઘર મળી રહ્યું છે જે શહેરી વિકાસ યોજનાની સફળતા છે તેમ કેન્દ્રીય મંત્રીશ્રી પુરીએ ઉમેર્યું હતું.




સ્વચ્છ ભારત મિશન, અટલ નવીનીકરણ, શહેરી પરિવર્તિકરણ, દીનદયાળ અંત્યોદય મિશન અને શહેરી વિકાસના હેતુ સાથે આયોજિત કોન્કલેવમાં વિવિધ રાજ્યના વિદ્યાર્થી ભાઈ-બહેનો, ઈનોવેટર, સ્ટાર્ટ-અપ, ઉદ્યોગ સાહસિકો, વૈશ્વિક સ્તરે ઈનોવેટીવ ટેક્નોલોજી તેમજ મટીરીયલ્સ ઉપલબ્ધ બનાવતા સ્વદેશી અને વિદેશી એકમો, વ્યવસાયિક આર્કિટેક્ટ્સ, ઈજનેરો, ઈનોવેટિવ કન્સ્ટ્રક્શન સાધનો પુરા પડતા એકમોએ ભાગ લીધેલ.

વિવિધ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશો, આર એન્ડ ડી, એકેડેમિક ઈન્સ્ટિટયૂટસ અને લાભાર્થી, જાહેર અને ખાનગી કન્સ્ટ્રક્શન એજન્સીઓ, સિવિલ સોસાયટી ઓર્ગેનાઈઝેશનને શહેરી વિકાસ મંત્રાલય દ્વારા એફોર્ડેબલ શહેરી વિકાસ ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરવા માટે ઉમદા પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે.

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શહેરી બાબતો અને પેટ્રોલિયમના કેન્દ્રીય મંત્રીશ્રી હરદીપસિંહ પુરી, આવાસ અને શહેરી બાબતોના રાજ્ય કક્ષા મંત્રીશ્રી કૌશલ કિશોર, આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના સચિવશ્રી મનોજ જોશી તથા તમિલનાડુના મંત્રીશ્રી ટી. એમ. અન્વરસને દેશના જુદા-જુદા રાજ્યો દ્વારા અપનાવાયેલી ઈનોવેટીવ કન્સ્ટ્રકશન ટેક્નોલોજી અને બેસ્ટ પ્રેક્ટિસ અંગેના એક્ઝિબિશનને રસપૂર્વક નિહાળ્યું હતું.

આ વેળાએ પ્રધાનમંત્રીશ્રીના હસ્તે આવાસ અંગે શ્રેષ્ઠ કામગીરી કરનાર વિજેતા રાજ્યો ગુજરાત, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, તમિલનાડુ અને ત્રિપુરાને પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) પુરસ્કાર એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ કેન્દ્રીય મંત્રીશ્રી હરદીપસિંહ પુરીના હસ્તે વિવિધ કેટેગરીના ૫૮ વિજેતાઓને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં ગુજરાતને મ્યુનિસિપલ કાઉન્સિલ, શ્રેષ્ઠ બાંધકામ, અર્બન હાઉસિંગ સોસાયટી, લાઈટહાઉસ પ્રોજેકટ સહિતની કેટેગરીમાં સાત પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યું હતું. આ તકે મંચસ્થ સર્વે મહાનુભાવોને શાલ અને સ્મૃતિ ચિહ્નન અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. શહેરી




બાબતોના મંત્રાલયના સચિવશ્રી મનોજ જોશી દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. આભારવિધિ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરીશ્રી કુલદીપ નારાયણ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત અર્બન હાઉસિંગ ડેવલપમેન્ટના સેક્રેટરીશ્રી રાકેશ શંકર, પ્રિન્સિપલ સેક્રેટરીશ્રી મુકેશ કુમાર, મ્યુનિ. કોર્પોરેશન કમિશનર શ્રી અમિત અરોરા સહિતના અધિકારીશ્રીઓ, મહાનુભાવો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## માન. વડાપ્રધાનશ્રીને વિવિધ સ્મૃતિ ચિહ્નોથી સન્માનિત કરતા માન. મુખ્યમંત્રીશ્રી, મેયરશ્રી સહિતના પદાધિકારીઓ અને રાજકોટવાસીઓ

રૂ.૬૯૯૦ના વિકાસ કામોના શુભારંભ અર્થે રાજકોટ આવી પહોંચેલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું રાજકોટની જનતા, અધિકારીઓ, શ્રેષ્ઠીઓ તથા અગ્રણીઓએ વૈવિધ્યસભર સ્મૃતિ ચિહ્નો એનાયત કરીને સન્માન કર્યું હતું. રાજકોટના આંગણે આવેલા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત વિવિધ મંત્રીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને સામાજિક અગ્રણીઓ દ્વારા વિવિધ સોગાદો અર્પીને આવકાર આપવામાં આવ્યો હતો. આ તકે નિર્માણ પામી રહેલા રામમંદિરનું સ્મૃતિ ચિહ્ન મુખ્યમંત્રીશ્રી દ્વારા વડાપ્રધાનશ્રીને એનાયત કરવામાં આવ્યું હતું. ત્યારે મંત્રીશ્રીઓ દ્વારા રેંટિયો અને હળના સ્મૃતિ ચિહ્ન આપીને આવકારવામાં આવ્યા હતા. રાજકોટના મેયર શ્રી ડૉ. પ્રદિપ ડવ તથા અન્ય અધિકારીઓ દ્વારા સૌરાષ્ટ્રની આગવી ઓળખ એવા પટોળાની ખેંસ અને પાઘડી પહેરાવીને અને ભગવદ્ ગીતા અને શાલ વડે વડાપ્રધાનશ્રીને આવકાર્યા હતા. રાજકોટ શહેર અને મોરબી જિલ્લા પંચાયત પ્રમુખશ્રીઓ દ્વારા વિવિધ સ્મૃતિ ચિહ્નો અને સામાજિક અગ્રણીઓ દ્વારા સ્વામી વિવેકાનંદની મૂર્તિ એનાયત કરવામાં આવી હતી.



## રાજકોટના લાઈટહાઉસ પ્રોજેકટ સહિત ગુજરાતને મ્યુનિસિપલ કાઉન્સિલ, શ્રેષ્ઠ બાંધકામ, અર્બન હાઉસિંગ સોસાયટી વગેરે કેટેગરીમાં સાત પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યું



## માન. પ્રધાનમંત્રીશ્રીના હસ્તે આવાસ અંગે શ્રેષ્ઠ કામગીરી કરનાર ગુજરાત સહિતના રાજ્યોને પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) પુરસ્કાર એનાયત










**ક્લાઈમેટ ચેન્જ... એક પડકાર... એશિયા રેઝિલિયન્ટ સિટીઝ (ARC) પ્રોજેક્ટ**

# રાજકોટ મહાનગરપાલિકા અને યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) દ્વારા વર્કશોપ








બદલી રહેલા પર્યાવરણ અને આબોહવા સંબંધી વિવિધ સમસ્યાઓના ઉકેલ લાવવા માટે એક ઈન્ટરનેશનલ ઈનિશિએટિવ એશિયા રેઝિલિયન્ટ સિટીઝ પ્રોજેક્ટમાં યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) દ્વારા એશિયાના ચાર શહેરોનો સમાવેશ થઇ રહ્યો છે જે પૈકી ભારતના એકમાત્ર રાજકોટ શહેરને પાર્ટનર સિટી તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ અનુસંધાને તા. ૦૪ અને ૦૫ ઓગષ્ટ, ૨૦૨૩ના રોજ રાજકોટમાં વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં System Thinking Approach"ના માધ્યમથી આવનારા પાંચ વર્ષ માટેના આયોજન અંગે પરામર્શ કરવામાં આવેલ.

મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ વર્કશોપના શુભારંભ પ્રસંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના અગ્ર સચિવશ્રી અશ્વિનીકુમાર અને સ્માર્ટ સિટીઝ મિશનના જોઈન્ટ સેક્રેટરી અને મિશન ડાયરેક્ટર શ્રી કુનાલ કુમાર વર્ચ્યુઅલી જોડાયા હતા. આ ઉપરાંત ડે. મેયરશ્રી કંચનબેન સિધ્ધપુરા, મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ, શાસક પક્ષ નેતાશ્રી વિનુભાઈ ઘવા, દંડકશ્રી સુરેન્દ્રસિંહ વાળા, નાયબ મ્યુનિ. કમિશનરશ્રી ચેતન નંદાણી, ડૉ. સંજય કપૂર (JSI સંશોધન અને તાલીમ સંસ્થાના પ્રતિનિધિ), Mrs. Amanda Pomeroy (ARC Project Director), Mrs. Uma and Mr. Satish Menon (USAID, India) તેમજ રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ શાખાના અધિકારીશ્રીઓ, પ્રાઈવેટ સેક્ટર, સામાજિક સંસ્થા, વિવિધ સરકારી સંસ્થાઓ, આરોગ્ય એક્ષપર્ટ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

વર્કશોપમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના અગ્ર સચિવશ્રી અશ્વિનીકુમાર અને સ્માર્ટ સિટીઝ મિશનના જોઈન્ટ સેક્રેટરી અને મિશન ડાયરેક્ટર શ્રી કુનાલ કુમાર વર્ચ્યુઅલી ઉપસ્થિત રહીને સંસ્થાને અને રાજકોટ મહાનગરપાલિકાને અભિનંદન પાઠવી કામગીરી અંગે શુભેચ્છા પાઠવી હતી.

વર્કશોપના પ્રારંભે મેયરશ્રીએ ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા કુદરતી આપત્તિ વાવાઝોડા સામે દિવસ રાત કામગીરી કરે છે. આજે જયારે સમગ્ર ભારતમાં એક માત્ર રાજકોટ શહેરની પસંદગી કરવામાં આવી છે તો સૌ ARC અને USAID સંસ્થા સાથે મળીને રાજકોટ માટે કામગીરી કરીએ. ઇલેક્ટ્રિક બસ, સોલાર સિસ્ટમ, વોટર રીચાર્જ, વૃક્ષારોપણ વગેરે જેવી પ્રવૃત્તિઓ ક્લાઈમેટ ચેન્જ સામે રક્ષણ આપતી કામગીરી

## યુએસ એજન્સી (USAID) દ્વારા એશિયાના ચાર પૈકી ભારતના માત્ર રાજકોટની પસંદગી થઈ

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમાર અને સ્માર્ટ સિટીઝ મિશનના જોઈન્ટ સેક્રેટરી અને મિશન ડાયરેક્ટર શ્રી કુનાલ કુમાર વર્ચ્યુઅલી સામેલ થયા**



**"આ પ્રોજેક્ટ માટે રાજકોટની પસંદગી થઈ એ માત્ર ગુજરાત નહીં પરંતુ સમગ્ર ભારત માટે ગૌરવની વાત છે. USAIDના નિષ્ણાંતોના જ્ઞાનનાં માધ્યમથી રાજકોટ આ ક્ષેત્રમાં સારી પ્રગતિ કરશે."**

**- શ્રી અશ્વિનીકુમાર, IAS**
**અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત**















સૌ સાથે મળીને કરીએ. હાલમાં આપણે જોઈએ છીએ કે ઉનાળામાં પણ ચોમાસા જેવો વરસાદ આવે છે અને ચોમાસામાં જ્યારે વરસાદ આવે છે ત્યારે અનરાધાર વરસાદ આવે છે જે કલાઈમેટ ચેન્જની જ અસર છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, રાજકોટના વિકાસ માટે જે ખૂટે છે તે સૌ સાથે મળીને પૂર્ણ કરીએ. ભારતના ગ્રો-અપ સિટીમાં ૧ થી ૨૦ સિટીઝમાં રાજકોટ આવે છે જે જણાવે છે કે રાજકોટ ખરા અર્થમાં ગ્રો-અપ કરે છે. વોટર રીચાર્જ, પર્યાવરણ માટે વૃક્ષારોપણ, સ્વચ્છતા વિગેરે અંગે લોકોને સમજાવીએ અને આપણે પણ અપનાવીએ. વૃક્ષોનું મહત્વ આપણે સમજીએ છીએ ઓક્સિજન આપવામાં મદદરૂપ અને કાર્બન શોષવામાં મદદ કરે છે. હાલમાં રાજકોટમાં ઓક્સિજન પાર્ક બનાવવાની કામગીરી પણ ચાલી રહી છે. ARC અને USAID સંસ્થાનો આભાર માનું છું કે સમગ્ર ભારતમાંથી રાજકોટ શહેરની પસંદગી થઈ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્રસચિવ શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ માટે રાજકોટની પસંદગી થઇ એ માત્ર ગુજરાત નહીં પરંતુ સમગ્ર ભારત માટે ગૌરવની વાત છે. ઇન્ટરનેશનલ ઈનિશિએટિવ એશિયા રેઝિલિયન્ટ સિટીઝ પ્રોજેક્ટમાં યુએસ એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) દ્વારા જે કામગીરી થઇ રહી છે તે ખુબ જ પ્રશંસનીય છે. આ એજન્સીના પ્રખર નિષ્ણાંતોના જ્ઞાનનો લાભ સ્માર્ટ સિટી રાજકોટને પણ મળશે. આ વર્કશોપમાં ભાવી આયોજન અંગે થનાર ચર્ચા વિચારણાના નિષ્કર્ષ રૂપે આગામી પાંચ વર્ષમાં રાજકોટ શહેર આ ક્ષેત્રમાં નોંધપાત્ર કરશે એવી અપેક્ષા રાખી શકાય.

આ પ્રસંગે મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં કહ્યું હતું કે, વિશ્વ આબોહવા કટોકટીમાં છે, અને આપણે જાણીએ છીએ કે પ્રવાસ હમણાં જ શરૂ થયો છે. આબોહવા પરિવર્તન એ વૈશ્વિક સમસ્યા છે જે વિશ્વભરના લોકોના જીવનને અસર કરી રહી છે. ભૌગોલિક-ભૌતિક પ્રકૃતિના આધારે, દેશો વિવિધ પ્રકારના પડકારોનો સામનો કરી રહ્યા છે, જેમાં ચક્રવાત, પૂર, ભારે વરસાદ, તાપમાનમાં વધારો, ગરમીના મોજા અને દુષ્કાળનો સમાવેશ થાય છે. આબોહવા પરિવર્તનને લગતી આપત્તિઓની આવર્તન સમગ્ર વિશ્વમાં વધી રહી છે અને ભારત પણ તેનો અપવાદ નથી. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રના વડા એન્ટોનિયો ગુટેરેસે ચેતવણી આપી હતી કે આબોહવા પરિવર્તન અહીં છે; તે ભયાનક છે, અને તે માત્ર શરૂઆત છે. ગ્લોબલ વોર્મિંગનો યુગ સમાપ્ત થયો છે; વૈશ્વિક ઉત્કલનનો યુગ આવી ગયો છે.'' ઝડપથી વિકસતું શહેર હોવાના કારણે, રાજકોટ પહેલાથી જ નાગરિક સેવાઓ, પાણી પુરવઠા, સ્વચ્છતા, જાહેર પરિવહન અને આરોગ્ય સેવાઓ સંબંધિત સમસ્યાઓ અને પડકારોનો સામનો કરી રહ્યું છે. શહેરી વિકાસને ટકાવી રાખવા અને પાયાની સેવાઓની ડિલિવરી સુનિશ્ચિત કરવાનો મુખ્ય પડકાર છે. વિવિધ ભાગીદારોનો આભાર (ICLEI, UNEP, SDC); માનતા કમિશનરશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, રાજકોટ એ ભારતના પ્રારંભિક શહેરોમાંનું એક છે, જેણે ૨૦૧૮માં ક્લાઈમેટ રેઝિલિયન્ટ સિટી એક્શન પ્લાન તૈયાર કર્યો હતો. ક્લાઈમેટ રેઝિલિયન્ટ સિટી એક્શન પ્લાનમાં ઊર્જા કાર્યક્ષમતામાં સુધારો કરવા, ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા અને પરિવર્તનને અનુકૂલિત કરવામાં મદદ કરવા માટે ઘણી ક્રિયાઓ ઓળખવામાં આવી છે. જે આબોહવા પરિવર્તનને કારણે થયું છે. શહેર ઉચ્ચ લક્ષ્યો નક્કી કરવામાં અને આયોજિત અમલીકરણ દ્વારા તેને પ્રાપ્ત કરવામાં માને છે. ભારતની ક્લાઈમેટ એક્શન પહેલમાં રાજકોટ અગ્રણી અવાજ છે, જે સમગ્ર રાષ્ટ્રમાં, ખરેખર વિશ્વભરના શહેરો માટે એક ઉદાહરણ સ્થાપિત કરે છે.

વર્ષ ૨૦૭૦ સુધીમાં ભારત સરકારના નેટ ઝીરો ઉત્સર્જન લક્ષ્યાંકને અનુરૂપ, રાજકોટ હાલમાં વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ-ઝીરો ઉત્સર્જન હાંસલ કરવાની યોજના તૈયાર કરી રહ્યું છે. આ યોજના શહેરને એક મોડેલમાં પરિવર્તિત કરવા માટે મહત્વાકાંક્ષી, છતાં પ્રાપ્ત કરી શકાય તેવા લક્ષ્યોની રૂપરેખા આપશે. યોજના ઉર્જા કાર્યક્ષમતા વધારવા, તમામ મ્યુનિસિપલ સેવાઓ માટે નવીનીકરણીય ઊર્જાના ૧૦૦% ઉપયોગ તરફ આગળ વધવા, ગ્રીન ડિઝાઇન પ્રિન્સિપલ, ટકાઉ શહેરી આયોજન, મહત્તમ ગ્રીન શહેરી ગતિશીલતા, શહેરી ગરમી અને પૂર સામે સ્થિતિસ્થાપકતા વધારવા, હવાની ગુણવત્તામાં સુધારો કરવો અને પાણી અને કચરાના સંચાલનમાં અર્થતંત્ર

## રાજકોટ પાર્ટનર સિટી તરીકે પસંદ થતા રાજકોટ મહાનગરપાલિકા સાથે કરાર પર હસ્તાક્ષર



> ઈલેક્ટ્રિક બસ, સોલાર સિસ્ટમ, વોટર રીચાર્જ, વૃક્ષારોપણ, સાઇકલિંગ વગેરે જેવી પ્રવૃત્તિઓ ક્લાઈમેટ ચેન્જ સામે રક્ષણ આપતી કામગીરી સૌ સાથે મળીને કરીએ.
>
> **- ડૉ. પ્રદિપ ડવ**, મેયરશ્રી, રાજકોટ



> ભારતની ક્લાઈમેટ એક્શન પહેલમાં રાજકોટ અગ્રણી અવાજ છે. રાજકોટ મહાનગરપાલિકા બદલાતા પર્યાવરણીય સંજોગોને અનુરૂપ પ્લાનિંગ કરવા માટે કટિબદ્ધ છે.
>
> **- શ્રી આનંદ પટેલ**, IAS, મ્યુનિ. કમિશનરશ્રી, રાજકોટ

ઉકેલોનો સમાવેશ કરવો.

આ વર્કશોપમાં ડો. સંજય કપૂર (JSI સંશોધન અને તાલીમ સંસ્થાના પ્રતિનિધિ), Mrs. Amanda Pomeroy (ARC Project Director), Mrs. Uma and Mr. Satish Menon (USAID, India) ગાઇડન્સ આપવામાં આવેલ.

આ પ્રોજેક્ટમાં બાંગ્લાદેશનું ખુલના શહેર, કિર્ગિસ્તાનનું બીશકેક શહેર પસંદ થયેલ છે અને ઇન્ડોનેશિયાના શહેરની પસંદગીની પ્રક્રિયા ચાલુ છે.

આ પ્રોજેક્ટ માટે આગામી પાંચ વર્ષના સમયગાળા માટેના એક કરાર પર રાજકોટ મહાનગરપાલિકા અને USAID દ્વારા હસ્તાક્ષર પણ કરવામાં આવેલ છે જે ગૌરવની વાત છે. USAID દ્વારા નિષ્ણાંતો સહિતનું માનવ સંસાધન ભંડોળ પૂરું પાડવામાં આવશે.

આ પ્રોજેક્ટના લાભો લોકોને મળી શકે તેમજ પર્યાવરણ બદલાવના પડકારનો પ્રતિકાર કરવાની ક્ષમતામાં વૃદ્ધિ, વાતાવરણમાં થતા કાર્બન ઉત્સર્જનમાં ક્રમશઃ ઘટાડો કરવા, અને આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય વિચારણાઓને શહેરી અભિગમમાં એકીકૃત કરવાની બાબતોને પણ પ્રોત્સાહન મળી રહેશે.

તાજેતરના વર્ષોમાં રાજકોટમાં ઉનાળામાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઊંચું હોવા સાથે શહેરમાં ગરમીના મોજા (હીટ વેવ) અને તેની તીવ્રતામાં ક્રમશઃ વધારો થયો છે. ARC (એશિયા રેઝિલિયન્ટ સિટીઝ) રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, અન્ય સરકારી વિભાગો, શિક્ષણવિદો અને રહેવાસીઓ વગેરે સાથે ગાઢ ભાગીદારીમાં સાથે મળીને, આબોહવા પરિવર્તનના પડકારનો સામનો કરી, રહેવા યોગ્ય વાતાવરણને ટકાવી રાખતી વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા તૈયાર કરશે. શહેર સાથેની તેની ભાગીદારી દરમિયાન, ARC વિવિધ પ્રકારના કામ કરશે અને ટકાઉ શહેરી વિકાસ માટે સિસ્ટમ અભિગમને ટેકો આપવા માટેના સાધનો અને લોકોને તેમાં સામેલ કરવાનું આયોજન છે.

આ પ્રોજેક્ટ શહેરમાં માનવ સંસાધન ક્ષમતાનું નિર્માણ પણ કરશે અને બિઝનેસ સમુદાય, અન્ય દાતા પ્રોજેક્ટ્સ અને નાગરિક સમાજને સક્રિયપણે જોડશે. આ પ્રોજેક્ટ ભાગીદારો BRAC, DevTech Systems, Inc., અને ICF સાથે USAID દ્વારા અમેરિકન લોકોના ઉદાર સમર્થનથી શક્ય બન્યો છે. USAID વિશ્વભરના ૮૦ થી વધુ દેશોમાં આર્થિક અને માનવતાવાદી સહાય પૂરી પાડીને યુએસ વિદેશી સહાયતા કાર્યક્રમનું સંચાલન કરે છે.

ARC પ્રોજેક્ટ અને USAID દ્વારા એમ જણાવાયું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા, મેયર અને રાજકોટના રહેવાસીઓ સાથે મળીને શહેરી વિકાસના પડકારોનો સામનો કરવા માટે ભાગીદારી કરવામાં ગર્વ છે. USAID દ્વારા નિષ્ણાંતો સહિતનું માનવ સંસાધન ભંડોળ પૂરું પાડવામાં આવેલ આ પ્રોજેક્ટ સાતત્યપૂર્ણરીતે લાંબા સમય સુધી જેના લાભો લોકોને મળી શકે તેવા ગુણવત્તાયુક્ત શહેરી વિકાસને પ્રોત્સાહન આપશે. સાથોસાથ પર્યાવરણ બદલાવના પડકારનો પ્રતિકાર કરવાની ક્ષમતામાં વૃદ્ધિ, વાતાવરણમાં થતા કાર્બન ઉત્સર્જનમાં ક્રમશઃ ઘટાડો કરવા, અને આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય વિચારણાઓને શહેરી અભિગમમાં એકીકૃત કરવાની બાબતોને પણ પ્રોત્સાહન મળી રહેશે. ARC દ્વારા શહેરના રહેવાસીઓ, સરકારો અને અન્ય હિતધારકોને એવા સંબંધો બનાવવા માટે યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) દ્વારા પ્રયાસો થશે. રાજકોટ ભારતના ગુજરાત રાજ્યનું ચોથું સૌથી મોટું શહેર છે, અને તે રાજ્યના મુખ્ય વ્યાપારી અને ઔદ્યોગિક કેન્દ્રોમાંનું એક છે. રાજકોટ ભારતના સ્માર્ટ સિટી મિશનનો એક ભાગ છે અને તેને સ્વચ્છ ભારત મિશન (સ્વચ્છ ભારત અભિયાન) હેઠળ ભારતનું ૭મું સૌથી સ્વચ્છ શહેર જાહેર કરાયેલ છે.

તાજેતરના વર્ષોમાં રાજકોટમાં ઉનાળામાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઊંચું હોવા સાથે શહેરમાં ગરમીના મોજા (હીટ વેવ) અને તેની તીવ્રતામાં ક્રમશઃ વધારો થયો છે. ARC રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, અન્ય સરકારી વિભાગો, શિક્ષણવિદો અને રહેવાસીઓ વગેરે સાથે મળીને, આબોહવા પરિવર્તનના પડકારનો સામનો કરવા વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા તૈયાર કરશે.

## ક્લાઈમેટ ચેન્જના પડકાર સામે રાજકોટ મહાનગરપાલિકાએ લીધેલા પગલાંઓ

- રાજકોટ મહાનગરપાલિકાના બિલ્ડીંગો પર ૧.૨ મેગાવોટ સોલાર પીવી પહેલેથી કાર્યરત છે અને ૪ મેગાવોટ કેપ્ટિવ સોલાર પ્લાન્ટ ગોઠવવાની પ્રક્રિયામાં છે.
- RMC એ પાણી પુરવઠા અને ટ્રીટમેન્ટ તેમજ ગંદાપાણીના પમ્પિંગ અને ટ્રીટમેન્ટમાં ઊર્જા કાર્યક્ષમ પંપની ખાતરી કરી છે. સિટીએ સિસ્ટમની કાર્યક્ષમ દેખરેખ માટે SCADA સિસ્ટમ લાગુ કરી છે.
- RMC એ શહેરના વિવિધ ભાગોમાં ૮૦ થી વધુ ભૂગર્ભ જળ રિચાર્જ સિસ્ટમ્સ લાગુ કરી છે.
- RMC શહેરના દરેક વોર્ડમાં ઓક્સિજન પાર્ક વિકસાવી રહી છે.
- RMC તેની જાહેર પરિવહન બસોને સંપૂર્ણ એર-કન્ડિશન્ડ ઈ-બસો સાથે રૂપાંતરિત કરવાની પ્રક્રિયામાં છે. સિટીએ પહેલાથી જ અમૂલ સર્કલ પાસે ઈ-બસ માટે ચાર્જિંગ સ્ટેશન સ્થાપિત કર્યું છે અને સ્માર્ટ સિટી વિસ્તારમાં અન્ય ચાર્જિંગ સ્ટેશનનું આયોજન કરવામાં આવ્યું છે.
- RMC એ ઈ-ઓટો ખરીદનારને INR ૩૦,૦૦૦ સબસિડીની જાહેરાત કરી છે અને સાઇકલ ખરીદનારને INR ૧,૦૦૦ ની સબસિડી પૂરી પાડે છે.
- શહેર તેની હવા-ગુણવત્તા પર સતત દેખરેખ રાખે છે અને હવાની ગુણવત્તા સુધારવા માટે ૧૫મી ફાઇનાન્સ ગ્રાન્ટ દ્વારા શહેરની હવાની ગુણવત્તા સુધારવા પગલાં લે છે.
- શહેર મ્યુનિસિપલ ઘન કચરાના પ્રોસેસિંગ માટે વેસ્ટ-ટુ-એનર્જી પ્લાન્ટ સ્થાપિત કરી રહ્યું છે.
- રાજકોટ એ દેશના ચાર શહેરોમાંનું એક છે જેણે કેન્દ્ર સરકારના "એર ક્વોલિટી ઇમ્પ્રૂવમેન્ટ પ્રોગ્રામ"માં ગયા વર્ષની સરખામણીમાં ૧૫ ટકા કે તેથી વધુ સુધારો કર્યો છે.



સ્વચ્છ ભારત મિશન

# ગાર્બેજ ફ્રી સિટી

# રાજકોટ મહાનગરપાલિકાને થ્રી સ્ટાર સર્ટિફિકેટ એનાયત

## Best Citizen Led Initiative Category માં એક લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોમાં રાજકોટને પ્રથમ સ્થાન



**સ્વચ્છ સર્વેક્ષણ -૨૦૨૧ અંતર્ગત સમગ્ર દેશના જુદા જુદા મહાનગરો તેમજ શહેરો વચ્ચે યોજાયેલ સ્વચ્છતા સ્પર્ધામાં સમગ્ર દેશમાંથી કુલ ૪૩૨૦ શહેરોમાંથી રાજકોટ શહેરને ૧૧ મો ક્રમ પ્રાપ્ત થયો**








સ્વચ્છ સર્વેક્ષણ -૨૦૨૧ અંતર્ગત સમગ્ર દેશના જુદા જુદા મહાનગરો તેમજ શહેરો વચ્ચે સ્વચ્છતા બાબતે સ્પર્ધા યોજવામાં આવેલ. જે અન્વયે તા. ૨૦/૧૧/૨૦૨૧ ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે માનનીય રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિદજીની અધ્યક્ષતામાં મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં સમગ્ર દેશમાંથી કુલ ૪૩૨૦ શહેરોમાંથી રાજકોટ શહેરનો ૧૧ મો ક્રમ આવેલ જ્યારે રાજકોટ શહેરને Best Citizen Led Initiative Category માં એક લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોની કેટેગરીમાં પ્રથમ સ્થાન મળેલ. આ એવોર્ડ મિનિસ્ટર ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ શ્રી હરદીપસિંહ પૂરીના વરદ્ હસ્તે તેમજ ગાર્બેજ ફ્રી સિટી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાને થ્રી સ્ટાર સર્ટિફિકેટ મળેલ છે. આ સર્ટિફિકેટ મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સના સેક્રેટરી શ્રી દુર્ગા શંકર મિશ્રાના વરદ્ હસ્તે પ્રાપ્ત થયેલ છે. રાજકોટ મહાનગરપાલિકાના નાયબ કમિશનર શ્રી એ. આર. સિંહ, શાસક પક્ષના દંડક શ્રી સુરેન્દ્રસિંહ વાળા, સેનિટેશન સમિતિના ચેરમેનશ્રી અશ્વિનભાઈ પાંભર તથા પર્યાવરણ ઈજનેર શ્રી નિલેશ પરમારે સ્વીકારેલ હતું.



# વિકાસ પથ પર રાજકોટની તેજ રફ્તાર

## તા. ૧૨/૦૩/૨૦૨૧ થી તા. ૧૧/૦૯/૨૦૨૩ સુધીના ૨.૫ વર્ષની વિકાસ ગાથાની આછેલી ઝલક

રાજકોટ મહાનગરપાલિકામાં વર્તમાન ચૂંટાયેલી પાંખનો પ્રથમ અઢી વર્ષનો કાર્યકાળ તા. ૧૧/૦૯/૨૦૨૩ ના રોજ પૂર્ણ થનાર છે. જેમાં મેયર ડૉ. પ્રદિપ ડવ સહિતના પદાધિકારીઓ અને સભ્યો તેમજ વહિવટી પાંખ દ્વારા શહેરની વિકાસ પ્રક્રિયાને આગળ ધપાવવામાં આવી હતી જેની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.

રાજકોટના મેયર ડૉ.પ્રદિપ ડવના મેયર તરીકેના કાર્યકાળના અઢી વર્ષ પૂર્ણ થયા છે, એ અવસરે માન. મેયરશ્રી ડૉ.પ્રદિપ ડવે રાજકોટ શહેરને વિકાસપથ પર દોડતું રાખવામાં અવિરત સહયોગ પ્રદાન કરનાર માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વ હેઠળની સરકાર અને માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની રાજ્ય સરકાર પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરી હતી. સાથોસાથ હાલ પ્રગતિમાં રહેલા તેમજ આગામી દિવસોમાં હાથ ધરવાના થતા વિકાસલક્ષી પ્રોજેક્ટસ સમયસર આગળ ધપતા રહે તે માટે પ્રતિબધ્ધતા પણ દર્શાવી હતી. ગત સમયમાં રાજકોટના કેટલાક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સના લોકાર્પણ થયા અને રાજકોટવાસીઓને નવી સુવિધાઓ ઉપલબ્ધ બની તેમજ તેઓની સુખાકારીમાં થયેલ વધારા બદલ મેયરશ્રીએ અત્યંત ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.

મેયર ડૉ.પ્રદિપ ડવે ગત વર્ષના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, દેશના માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ 'લાઈટહાઉસ' માટે સમગ્ર દેશમાં માત્ર છ શહેરોની પસંદગી થઈ હતી. તેમાં, સમાવિષ્ટ રાજકોટ શહેરમાં 'લાઈટ હાઉસ પ્રોજેક્ટ'નું કાર્ય પૂર્ણ થતા, માન. પ્રધાનમંત્રીશ્રીના વરદ્ હસ્તે તેનું લોકાર્પણ કરાયું હતું. રૈયા સ્માર્ટ સિટી જેવા પોશ એરિયામાં ગરીબ વર્ગના લોકોને માત્ર રૂ.૩.૪૦ લાખ જેવા નજીવા ખર્ચે સુંદર ફ્લેટ પ્રાપ્ત થતા તેઓના જીવન ધોરણમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું એ સૌથી સંતોષકારક બાબત છે.

રાજકોટની હદ અને વસતિમાં થઈ રહેલા વધારાને કારણે સ્વાભાવિક રીતે વાહનોની સંખ્યામાં પણ ઉતરોતર વધારો થતો રહે છે. આવી સ્થિતિમાં સરળ અને ઝડપી પરિવહન માટે શહેરમાં મહત્વપૂર્ણ એવા રસ્તાઓ-ટ્રાફિક જંકશન ખાતે ઓવરબ્રિજ/અન્ડરબ્રિજના પ્રોજેક્ટ ક્રમશઃ આગળ ધપાવવામાં આવી રહ્યા છે. આ આયોજન અંતર્ગત સિવિલ હોસ્પિટલ ચોક ખાતે થ્રી-આર્મ ફ્લાયઓવર બ્રિજ, નાના મવા ચોક ૧૫૦ ફૂટ રિંગ રોડ અને રામદેવપીર ચોક, ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નિર્માણ પામેલા ફ્લાયઓવર બ્રિજના લોકાર્પણ પણ માન. પ્રધાનમંત્રીશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

આ ઉપરાંત થોડા દિવસો પહેલા જ કાલાવડ રોડ પર જડુસ ચોક ખાતે રૂ.૨૮.૫૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલ ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં કરાયું હતું. વિશેષમાં, હાલમાં જ કાલાવડ રોડ પર કે.કે.વી.ચોક ખાતે મલ્ટીલેવલ ફ્લાયઓવર બ્રિજનું માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ.

મેયરશ્રીએ વધુમાં વધુ ઉમેર્યુ હતું કે,





# સ્ટેન્ડિંગ કમિટી દ્વારા અઢી વર્ષમાં રૂા.૮૫૪ કરોડના વિકાસ કામો મંજુર



## સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તરીકે કાર્યકાળના યશસ્વી અઢી વર્ષ...

> 'આર.એમ.સી. ઓન વોટ્સએપ' તથા 'ઓ.ટી.પી. આધારિત ફરિયાદ નિવારણ પદ્ધતિ'ના અમલીકરણથી રાજકોટ મહાનગરપાલિકા રાજ્યભરમાં અવ્વલ રહી. પ્રામાણિક કરદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે વિશેષ 'લોયલ્ટી વળતર' યોજના રાજકોટ મહાનગરપાલિકાના ઈતિહાસમાં સૌપ્રથમ વખત અમલી બનાવી. એમ.આઇ.જી. પ્રકારના આવાસોની વેચાણ કિંમતમાં ઘટાડા થકી, ૧૨૬૮ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોનું 'ઘરનુ ઘર' નું સ્વપ્ન ફળીભૂત થયું..
>
> **- શ્રી પુષ્કરભાઇ પટેલ**
> **ચેરમેનશ્રી, સ્ટેન્ડિંગ કમિટી**

ભારતના યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં સફળ નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર તેમજ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં વડપણ હેઠળની રાજ્ય સરકારશ્રીના અવિરત સહયોગ અને માર્ગદર્શન સાથે રાજકોટ શહેરનો ખુબ જ ઝડપી અને સર્વાંગી વિકાસ થઇ રહયો છે. શ્રી પુષ્કરભાઈ પટેલનો સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તરીકેનો અઢી વષર્નો કાર્યકાળ તા.૧૧ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ યશસ્વી રીતે પૂર્ણ થયેલ છે, જેમાં અઢી વર્ષમાં રૂ.૮૫૪.૬૯ કરોડના વિકાસ કામો તથા પ્રાથમિક સુવિધાના કામો મંજુર કરવામાં આવેલ, જે પૈકી ગત એક વર્ષ દરમ્યન અંદાજે રૂ.૪૩૦.૩૫ કરોડના કામો સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજુર કરવામાં આવ્યા છે.

આ અંગે માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ એ જણાવ્યુ છે કે, રાજકોટ શહેર સૌરાષ્ટ્રનું મુખ્ય કેન્દ્ર છે અને રાજકોટના વિકાસની સાર્વત્રિક અસરો સૌરાષ્ટ્રભરમાં અનુભવાતી રહી છે. રાજકોટ મહાનગરપાલિકા ઉપર સ્માર્ટ સિટી રાજકોટના ઝડપી અને સાતત્યપૂર્ણ વિકાસની પ્રક્રિયાને જાળવી રાખવાની ખુબ મોટી જવાબદારી રહેલી છે. સ્ટેન્ડિંગ કમિટી મહાનગરપાલિકાના નીતિવિષયક નિર્ણયોથી માંડીને લોકભોગ્ય એવા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લઇ શહેરના સર્વાંગી વિકાસ માટેની પોતાની ભૂમિકા અદા કરે છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર રૈયા ટેલિફોન એક્ષચેન્જ ખાતે ફ્લાયઓવર બ્રિજ બનાવવાનો પ્રોજેક્ટ સામેલ કરવામાં આવેલ છે. તેમજ પી.ડી.એમ. કોલેજ સામેના રેલ્વે ફાટક ખાતે બ્રિજ તેમજ સાંઢિયા પુલ નવીનીકરણ પ્રોજેક્ટસ પણ સમાવિષ્ટ કરાયેલ છે.

છેલ્લા એક વર્ષના મહત્વના અન્ય એક પ્રોજેક્ટ 'રામવન' અર્બન ફોરેસ્ટનું પણ માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વરદ્ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ રાજકોટવાસીઓને હરવા ફરવા માટે વધુ એક સુંદર અને હરિયાળું સ્થળ પ્રાપ્ત થતા લોકોમાં ખુશીની લાગણી પ્રસરી હતી. આ ઉપરાંત રાજકોટમાં સિટી બસ અને બી.આર.ટી.એસ.ના કાફલામાં ક્રમશઃ ઈલેક્ટ્રિક બસ ઉમેરવામાં આવી રહી છે અને આ માટેનું ચાર્જિંગ સ્ટેશન પણ ૮૦ ફુટ રોડ પર બનાવાયું છે, જેનું લોકાર્પણ પણ માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વરદ્ હસ્તે થયું હતું.

**ગો ગ્રીન યોજનાઃ-** રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે ઘનિષ્ઠ વૃક્ષારોપણ કરવામાં આવતું. તેમજ શહેરમાં લોકોને વૃક્ષારોપણ માટે કોર્પોરેટરશ્રીઓના માધ્યમથી વિનામૂલ્યે ટ્રી-ગાર્ડ આપવામાં આવતા હતા. જેના અનુસંધાને શહેરમાં વૃક્ષારોપણ થતું, પરંતુ નિયમિત જતન નહીં થવાથી સંતોષકારક પરિણામ મળતું નહિ. જેના અનુસંધાને મેયર ડૉ.પ્રદિપ ડવે છેલ્લા બે વર્ષથી ટ્રી-ગાર્ડ બનાવવાના બદલે સામાજિક સંસ્થા મારફત ટ્રી-ગાર્ડ, ખાડા, વૃક્ષ અને તેના ઉછેર સાથેની જવાબદારી નક્કી કરી વૃક્ષારોપણ કરવાનું આયોજન હાથ ધરેલ છે.

**રાજકોટ શહેરમાં પાણી પૂરવઠા નેટવર્ક જરૂરિયાત મુજબ વધુ ને વધુ મજબૂત બનાવવા હાલ નીચે દર્શાવેલ વિવિધ પ્રોજેક્ટસ ગતિમાં છે.**

- રૂ.૪૨.૫૦ કરોડના ખર્ચે જેટકો ચોકડી ખાતે ૫૦ MLD ક્ષમતાનો વોટર ફિલ્ટર પ્લાન્ટ, પમ્પીંગ સ્ટેશન અને ESR-GSR
- રૂ. ૪.૪૪ કરોડના ખર્ચે કાલાવડ રોડ ખાતે ESR
- જુદા જુદા વિસ્તારોમાં તબક્કાવાર DI પાઇપલાઇનની કામગીરી

**લોકોપયોગી અન્ય પ્રોજેક્ટ્સઃ-**

- રૂ.૧૩૬ કરોડના ખર્ચે અટલ સરોવર ડેવલપમેન્ટ
- રૂ.૨૨.૩૪ કરોડના ખર્ચે વોર્ડ નં.૧૨માં ઈન્ડોર સ્ટેડિયમ
- રૂ.૧.૮૯ કરોડના ખર્ચે વોર્ડ નં.૧૨માં નવો બગીચો

**આવાસ યોજના :-**

- તા.૧૨/૦૩/૨૦૨૧ થી અત્યાર સુધીમાં રૂ.૫૧૨.૩૧ કરોડના ખર્ચે EWS-1, EWS-2, LIG, MIG વગેરે મળી કુલ ૫,૭૩૪ આવાસની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.
- રૂ.૧૧૮.૮૯ કરોડના ખર્ચે ૧૧૪૪ આવાસો ગ્લોબલ હાઉસિંગ ચેલેન્જ અંતર્ગત બનાવવામાં આવેલ છે.
- રૂ.૨૭૯.૦૦ કરોડના ખર્ચે જુદી જુદી કેટેગરીના મળીને કુલ-૩૩૨૪ આવાસોની કામગીરી ગતિમાં છે.
- આગામી સમયમાં EWS-2 પ્રકારના ૧૦૧૦ આવાસો માટે ટેન્ડર પ્રક્રિયા ગતિમાં છે.

છેલ્લા અઢી વર્ષ દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રોજેક્ટસ/યોજના વગેરેની કામગીરીની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.

- તા.૦૭/૦૬/૨૦૨૧ રૂ.૨૩૨.૫૦ કરોડના વિવિધ વિકાસ કામોનું ઓનલાઈન લોકાર્પણ, ખાતમુહૂર્ત કાર્યકમ યોજાયેલ.
- તા.૦૧/૦૮/૨૦૨૧ ગુજરાત સરકારશ્રીના સુશાસનના પાંચ વર્ષની ઉજવણી અંતર્ગત શ્રીમતી જયાલક્ષ્મી જટાશંકર પાઠક પ્રા. શાળા નં.૧૯ના નવનિર્મિત બિલ્ડીંગનું તથા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય હોસ્ટેલ બિલ્ડીંગનું ઈ-લોકાર્પણ કાર્યક્રમ યોજાયો
- તા.૦૨/૦૮/૨૦૨૧ રાજયના સંવેદનશીલ માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના ૬૫માં જન્મદિનના શુભ અવસરે મિયાવાંકી ફોરેસ્ટ અર્પણ કાર્યક્રમ યોજાયો.
- તા.૦૮/૧૦/૨૦૨૧ શ્રી પૃથ્વીરાજ ચૌહાણ પ્રાથમિક શાળા નં.૪૮ના નવનિર્મિત બિલ્ડીંગનું લોકાર્પણ, ઈલેક્ટ્રીક બસનો શુભારંભ, EWS-1 અને MIG-1 આવાસોનો ફાળવણી ડ્રો કાર્યક્રમ યોજાયો.
- તા.૩૦/૧૦/૨૦૨૧ વિધાનસભા ૬૮ વોર્ડ નં. ૪, ૫, ૬, ૧૫ અને ૧૬માં સાતમાં તબક્કાનો સેવાસેતુ તથા ૪૫ સ્થળોએ દીનદયાળ ઔષધાલયનો શુભારંભ કરાયો.
- તા.૧૫/૧૧/૨૦૨૧ રૂ.૯.૪૦ કરોડના ખર્ચે જુદા જુદા વિકાસ કામોના ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો.
- તા.૧૯/૧૧/૨૦૨૧ ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત રંગોળી સ્પર્ધા યોજવામાં આવેલ.
- તા.૨૭/૧૧/૨૦૨૧ રાજકોટ મહાનગરપાલિકા અને હોકી રાજકોટ દ્વારા રાજ્યકક્ષા જુનિયર હોકી સ્પર્ધા(ભાઈઓ) યોજાઇ.







રાજકોટની જનતાની સુખાકારી માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ખૂબ જ મહત્વના નિર્ણયો કરવામાં આવેલ છે, અનેક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવેલ છે તેમજ લોકોપયોગી યોજનાઓ અમલી બનાવવામાં આવેલ છે, જેની આછેરી ઝલક નીચે મુજબ છે...

## સૌપ્રથમ વખત અમલી બનાવેલ લોકભોગ્ય યોજનાઓની આછેરી ઝલક.....

- બાકી કરદાતાઓને ટેક્ષની વધુ ને વધુ ચડત થયેલ રકમના એરિયર્સને હપ્તામાં ભરપાઇ કરવાના લાભની સાથોસાથ બાકી રકમ પર નવું વ્યાજ ચડવામાંથી મુક્તિ સહિતની બેવડી રાહત મળી શકે તે હેતુથી 'વન ટાઇમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ'ને ચાલુ નાણાંકીય વર્ષમાં પુરૂ થાય તેના દોઢ માસ અગાઉ એટલે કે તા.૧૫/૦૨/૨૦૨૩ થી જ અમલી બનાવતા, આજ દિન સુધી કુલ ૩૦૦૦ થી વધુ કરદાતાઓએ તેનો લાભ લીધેલ છે.
- વધુમાં વધુ મિલકતધારકો સમયાંતરે એડવાન્સમાં વેરો ભરવા માટે પ્રોત્સાહિત થાય તે માટે પ્રામાણિક કરદાતાઓ માટે વિશેષ 'લોયલ્ટી વળતર' યોજના રાજકોટ મહાનગરપાલિકાના ઈતિહાસમાં સૌપ્રથમ વખત દાખલ કરેલ છે. જેમાં છેલ્લા ત્રણ વર્ષથી સતત નિયમિત એડવાન્સ ટેક્ષ ભરપાઈ કરેલ હોય, તેવા ૧,૭૬,૬૬૦ પ્રામાણિક કરદાતાઓને ટેક્ષની રકમ પર વધુ એક ટકા વિશેષ વળતરરૂપે કુલ રૂ.૭૮ લાખથી વધુની રકમનું વિશેષ વળતર આપવામાં આવેલ છે.
- ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોનું પોતાના ''ઘરનું ઘર'' નું સ્વપ્ન સાકાર થાય તે માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા લોકભોગ્ય નિર્ણય લઈ, એમ.આઈ.જી. પ્રકારના આવાસની વેચાણ કિંમત રૂ.૨૪ લાખથી ઘટાડી, રૂ.૧૮ લાખ કરવામાં આવેલ. જેને લીધે રાજકોટ મહાનગરપાલિકાના ૧૨૬૮ જેટલા ખાલી આવાસો તુરંત વેચાયા, સાથોસાથ જરૂરિયાતમંદ લોકોનું પોતાના ''ઘરનું ઘર''નું સ્વપ્ન સાકાર થયું.
- રાજયભરમાં સૌપ્રથમ 'આર.એમ.સી. ઓન વોટ્સએપ' સેવા અમલી બનાવેલ, જેમાં રાજકોટ મહાનગરપાલિકાના ૨૫ થી વધુ વિભાગની ૧૭૫ થી વધુ સેવાઓ આંગળીના ટેરવે ઉપલબ્ધ થયેલ છે, જેમાં મિલકતવેરો, વ્યવસાય વેરો, પાણીના દર, પ્રમાણપત્રો, હોલ બૂકિંગ, સ્પોર્ટસ સંકુલ, ફરિયાદ નોંધણી, વિવિધ ફોર્મ, ટી.પી. નકશા, વેન્ડર બિલ સ્ટેટસ, ભરતી માહિતી વિગેરે સહિતની રાજકોટ મહાનગરપાલિકાને લગત તમામ વિગતો સરળતાથી મળી રહે છે.
- રાજકોટ મહાનગરપાલિકાની જુદી-જુદી સેવાઓ ઝડપી અને પારદર્શક બને તે હેતુથી 'ઓ.ટી.પી. આધારિત ફરિયાદ નિવારણ' પધ્ધતિની અસરકારક અમલવારી, જેમાં અરજદારએ પોતે કરેલ કમ્પલેઇનના નિકાલ અને કામગીરીની ગુણવત્તા અંગે ફીડબેક સહિત સ્ટેટસ અપડેટ માટે ઓ.ટી.પી. વેરીફીકેશન પધ્ધતિ અમલમાં મુકવામાં આવેલ છે, જેનાથી રાજકોટ મહાનગરપાલિકાની કામગીરી પ્રત્યેના શહેરીજનોના વિશ્વાસમાં વધારો થયેલ છે.
- ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પોતાની બિમારીના સચોટ નિદાન નિઃશુલ્ક કરાવી શકે અને યોગ્ય સમયે સારવાર મેળવી શકે તે માટે રાજકોટ મહાનગરપાલિકાના દરેક આરોગ્ય કેન્દ્રો ખાતે અત્યાધુનિક ટેસ્ટિંગ ઇક્વીપમેન્ટસની સુવિધા ઉપલબ્ધ

- તા.૦૧/૧૨/૨૦૨૧ વોર્ડ નં ૯માં બનાવવામાં આવેલ કોમ્યુનિટી હોલનું ‘‘અભય ભારદ્વાજ કોમ્યુનિટી હોલ’’નું નામકરણ અનાવરણ વિધિ કાર્યક્રમ યોજાયેલ.
- તા.૨૪/૦૧/૨૦૨૨ રૂ.૪૨.૩૮ કરોડના ખર્ચે નિર્માણ પામેલ લક્ષ્મીનગર અન્ડરબ્રિજનું માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે ઈ-લોકાર્પણ કાર્યક્રમ યોજાયો.
- તા.૨૪/૦૨/૨૦૨૨ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ, પેડક રોડ ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાયો.
- તા.૧૬/૦૩/૨૦૨૨ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કવિ શ્રી રમેશ પારેખ રંગદર્શન, રેસકોર્ષ ખાતે હિન્દી હાસ્ય કવિ સંમેલન યોજાયું.
- તા.૨૦/૦૩/૨૦૨૨ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ‘વર્લ્ડ સ્પેરો ડે’ અંતર્ગત વિનામૂલ્યે ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ કરાયું.
- તા.૦૬/૦૪/૨૦૨૨ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૭માં શ્રી સંત તુલસીદાસ પ્રાથમિક શાળા નં.૧૬ના નવનિર્માણ પામેલ બિલ્ડીંગનું તથા ફૂલબજારનું લોકાર્પણ કરવામાં આવેલ.
- તા.૦૧/૦૫/૨૦૨૨ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કવિ શ્રી રમેશ પારેખ રંગદર્શન, રેસકોર્ષ ખાતે ‘‘સપ્તરંગી સાંજ’’નો રિયાલિટી મ્યુઝીકલ શો ઈન્ડીયન આઈડોલના સુપ્રસિદ્ધ સિંગર્સ પવનદિપ રાજન, અરૂનીતા કાનજી લાલ, સાયલી કાંબલે, આશિષ કુલકર્ણી, સવાઈ ભાટનો કાર્યક્રમ યોજાયો.
- તા.૨૬/૦૫/૨૦૨૨ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બેડમિન્ટન ટુર્નામેન્ટ યોજાઇ.
- તા.૧૮/૦૬/૨૦૨૨ રાજકોટ મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે ‘‘પ્રધાનમંત્રી આવાસ યોજના’’ હેઠળ નિર્માણ પામેલ કુલ ૩૭૯૦ આવાસોનું લોકાર્પણ તથા ૧૦૪૨ આવાસોનો નંબર ફાળવણી ડ્રો ઉપરાંત બી.એલ.સી. હેઠળ નિર્માણ પામેલ આવાસોનો ગૃહપ્રવેશ દેશના માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે તેમની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયો.
- તા.૦૫/૦૭/૨૦૨૨ થી તા.૧૩/૦૭/૨૦૨૨ સુધી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ વોર્ડમાં ‘‘વંદે ગુજરાત વિકાસ યાત્રા’’ યોજાઈ.
- તા.૧૭/૦૮/૨૦૨૨ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ રામ વન - અર્બન ફોરેસ્ટ, ઈલેક્ટ્રિક બસ ચાર્જિંગ સ્ટેશન, ૨૩ ઈલેક્ટ્રિક બસોનું તેમજ વિવિધ કામોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.
- નેશનલ ગેઈમ્સ-૨૦૨૨ અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૫ થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૨ દરમ્યાન સ્પોર્ટ્સ કાર્નિવલમાં વિવિધ ગેમ્સ અને એક્ટિવિટીઝ યોજાઈ.
- તા.૩૦/૦૯/૨૦૨૨ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ‘‘પ્રધાનમંત્રી આવાસ યોજના’’ હેઠળ રૂ.૩૩૪.૩૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલ જુદી જુદી કેટેગરીમાં ૩૫૨૬ આવાસો તથા રૂડા દ્વારા રૂા.૯૦.૭૩ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ ૧૯૫૮ આવાસોનુ દેશના માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવેલ.
- તા.૧૭-૧૦-૨૦૨૨ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દેશના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ‘આયુષ્યમાન ભારતકાર્ડ’ નું વિતરણ કાર્યક્રમ યોજાયો.
- તા.૨૨/૧૦/૨૦૨૨ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ધનતેરસના શુભ દિવસે માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભવ્ય આતશબાજી યોજવામાં આવેલ.










- તા.૧૨-૦૧-૨૦૨૩ રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન વિભાગના સંયુક્ત ઉપક્રમે ‘‘આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૩’’ યોજાયો.
- તા.૦૪/૦૨/૨૦૨૩ રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં રૂ. ૨૮.૫૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલ જડુસ ચોક ખાતેનો ઓવરબ્રિજ તથા રૂ.૪.૦૬ કરોડના ખર્ચે રૈયા ગામ ખાતે ઈલેક્ટ્રિક સ્મશાન રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના વિવિધ કામોનું ઈ-લોકાર્પણ, ઈ-ખાતમુહૂર્ત તથા આવાસોનો ડ્રો રાજ્યના કૃષિ મંત્રી અને રાજકોટના પ્રભારી મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.
- તા.૦૫/૦૨/૨૦૨૩ સવારે ૦૬:૪૫ કલાકે કવિ શ્રી રમેશ પારેખ રંગદર્શન રેસકોર્ષ ખાતે ‘સાયકલોફન’ યોજાઈ, જેમાં રાજકોટના ૧૦,૦૦૦થી વધુ સાયકલિસ્ટો જોડાયા હતા.
- તા.૨૫/૦૨/૨૦૨૩ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સવારે ૦૬:૩૦ કલાકે શ્રી શ્યામપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી, રેસકોષ ખાતે G20 સિટી વોક(મેરેથોન) કાર્યક્રમ યોજાયો.

કરવામાં આવી છે, જેના થકી બ્લડ અને યુરિન ટેસ્ટ, એકસ-રે, ઇ.સી.જી. સહિતના ટેસ્ટ વિનામૂલ્યે કરાવી શકાય છે.

ઉપરોક્ત મુખ્ય યોજનાઓ ઉપરાંત છેલ્લા અઢી વર્ષમાં અનેકવિધ લોકોપયોગી તેમજ વહિવટી સુધારણા માટે નીતિવિષયક નિર્ણયો લેવામાં આવેલ છે.

## આંતરમાળખાકિય સુવિધાઓ તથા વિકાસ કામો માટે મંજુર કરેલ ખર્ચની આછેરી ઝલક

કાર્યકાળ દરમ્યાન અત્યાર સુધીમાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા રૂ.૮૫૪.૭૦ કરોડના જુદા જુદા વિકાસલક્ષી કામો તથા લોકોની પ્રાથમિક સુવિધાના કામો મંજુર કરવામાં આવેલ છે, જેમાં રૂ.૧૭૧.૭૧ કરોડના ખર્ચે રસ્તાકામ કરવામાં આવેલ છે, શહેરના જુદા જુદા વિસ્તારમાં અંદાજે રૂ.૯૪.૦૫ કરોડના ડી.આઇ. પાઈપલાઇનના કામો મંજુર કરવામાં આવેલ છે, અંદાજે રૂ.૪૯.૫૨ કરોડના ખર્ચે શહેરના જુદા જુદા વિસ્તારોમાં બ્રિજના કામો કરવામાં આવેલ છે, અંદાજે રૂ.૯૭.૫૦ કરોડના ખર્ચે વોટર વર્કસ વિભાગ હસ્તકના જુદા જુદા પમ્પિંગ સ્ટેશનોની મશિનરીના ઓગમેન્ટેશન તથા કોમ્પ્રિહેન્સિવ મેઈનટેનન્સ તેમજ રાજકોટ શહેરના જુદા જુદા વિસ્તારોમાં પાઈપલાઇન બદલવાના કામો મંજુર કરવામાં આવેલ છે, શહેરમાં સ્પોર્ટ્સ સંકુલોની સુવિધા માટે કુલ રૂ.૨૨.૬૯ કરોડના કામ મંજુર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત, રૂ.૩૫.૧૮ કરોડના ખર્ચે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના કામો, રૂ.૬૯.૫૪ કરોડના ખર્ચે ડ્રેનેજના કામો, રૂ.૨૧.૦૯ કરોડના ખર્ચે પેવિંગ બ્લોકના કામો, રૂ.૯.૩૨ કરોડના ખર્ચે બગીચાના કામો, રૂ.૩૧.૨૮ કરોડના ખર્ચે નવા વાહન ખરીદવાના કામ, રૂ.૯.૫૭ કરોડના ખર્ચે નવા આરોગ્ય કેન્દ્ર, રૂ.૧૨.૭૬ કરોડના ખર્ચે નવા કોમ્યુનિટી હોલ, રૂ.૩.૪૩ કરોડના ખર્ચે નવી વોર્ડ ઓફિસ બનાવવાના કામ, રૂ.૨.૨૨ કરોડના ખર્ચે નવી આંગણવાડીના મકાનો, રૂ.૫.૦૯ કરોડના ખર્ચે કમ્પાઉન્ડ વોલના કામ, રૂ.૬.૦૭ કરોડના ખર્ચે આરોગ્ય વિભાગના કામો, કોવિડ સમયગાળા દરમ્યાન રૂ.૪.૭૪ કરોડના ખર્ચે જરૂરી દવા તથા સાધનો, રૂ.૪.૧૫ કરોડના ખર્ચે રોશની વિભાગના કામો, રૂ.૩.૮૩ કરોડના ખર્ચે પાઇપ ગટરના કામો, રૂ.૭.૭૨ કરોડના ખર્ચે સ્ટોર્મ વોટર ડ્રેઇનના કામો, રૂ.૨.૧૪ કરોડ જુદા જુદા કાર્યક્રમો માટે, રૂ.૨.૯૨ કરોડ ગૌશાળા સંચાલન સહાય માટે, રૂ.૧૭.૬૪ કરોડ મેનપાવર કોન્ટ્રાક્ટ માટે, રૂ.૨.૫ કરોડ ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ માટે, રૂ.૨.૪૨ કરોડ કર્મચારી-અધિકારીઓને મેડિકલ આર્થિક સહાય માટે, રૂ.૨.૫૧ કરોડના ખર્ચે જુદી-જુદી મશિનરી ખરીદી, રૂ.૨.૫૫ કરોડના ખર્ચે સી.સી. કામ, રૂ.૨.૮૧ કરોડના ખર્ચે પ્રાણી સંગ્રહાલયના કામો, રૂ.૧.૪૦ કરોડના ખર્ચે ફૂટપાથ બનાવવાના કામ સહિતના કામોનો સમાવેશ થાય છે.

અન્ય કામોમાં રૂ.૮૮.૯૮ લાખના ખર્ચે વોંકળા કામ, રૂ.૭.૧૬ કરોડના ખર્ચે બોક્સ કલ્વર્ટ, રૂ.૨.૪૭ કરોડના ખર્ચે કેમિકલ ખરીદી, રૂ.૧.૨૭ કરોડના ખર્ચે કોમ્પ્યુટર ખરીદી, અધિકારી-કર્મચારી ગણવેશ માટે રૂ.૮૬.૧૫ લાખ, સરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે સ્કૂલ બેગ રૂ.૪.૧૫ લાખ, કન્સલ્ટન્સી માટે રૂ.૯૩.૫૭ લાખ, ડીઝલ જનરેટર સેટ માટે રૂ.૫૧.૫૭ લાખ, રેનબસેરા માટે રૂ.૮૦.૩૬ લાખ, સ્મશાન ગ્રાન્ટ માટે રૂ.૪.૪૧ કરોડ, નાણાકીય સહાય માટે રૂ.૨૪ લાખ, આધાર કાર્ડની કિટ ખરીદવા માટે રૂ.૧૭.૩૬ લાખ, લાઈબ્રેરી માટે રૂ.૬૪.૯૮ લાખ, વર્કશોપ માટે રૂ.૧૨ લાખના કામ સહિતના જુદા જુદા કામો મંજુર કરવામાં આવેલ છે.

અંતમાં, શ્રી પુષ્કરભાઇ પટેલ જણાવે છે કે તેમના ચાલુ કાર્યકાળ દરમ્યાન સ્ટેન્ડિંગ કમિટીની કુલ મળી ૫૯ મીટીંગો મળેલ જે અંતર્ગત કુલ ૧૦૯૧ ઠરાવો થયેલ છે. જેમાં કુલ મળી રૂ.૮૫૪.૭૦ કરોડ મુજબ દૈનિક સરેરાશ એક કરોડથી વધુના વિકાસ કામો સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ છે.

# રાજકોટ મહાનગરપાલિકાને છેલ્લા અઢી વર્ષમાં પ્રાપ્ત થયેલ એવોર્ડ

૧. ક્લાયમેટ સ્માર્ટ સિટીઝ એસેસમેન્ટ ફ્રેમ વર્ક(CSCAF) અંતર્ગત રાજકોટ શહેરે ૪ સ્ટાર મેળવ્યાઃ ૧૨૬ શહેરોમાંથી માત્ર ૯ શહેરોને ૪ સ્ટાર રેટિંગઃ ગુજરાતમાંથી રાજકોટ ઉપરાંત અમદાવાદ અને સુરતની પસંદગી તા. ૨૬/૦૬/૨૦૨૧

૨. સ્વચ્છ સર્વેક્ષણ - ૨૦૨૧ અંતર્ગત સમગ્ર દેશમાંથી કુલ ૪૩૨૦ શહેરોમાંથી રાજકોટ શહેરનો ૧૧મો ક્રમઃ Best Citizen Led Initiative Categoryમાં એક લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં પ્રથમ સ્થાનઃ ગાર્બેજ ફ્રી સિટી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાને થ્રી સ્ટાર સર્ટીફીકેટ તા. ૨૦/૧૧/૨૦૨૧

૩. રાજકોટ મહાનગરપાલિકાના હાઉસીંગ પ્રોજેક્ટને Eletes Innovation Project કેટેગરીમાં એવોર્ડ તથા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાઃ તા. ૨૦/૦૪/૨૦૨૨

૪. ભારતના સ્માર્ટ સિટી મિશન, ભારત સરકારશ્રી દ્વારા ‘‘ઇટ સ્માર્ટ સિટી ચેલેન્જ‘‘ યોજવામાં આવી હતી. જેમાં સ્માર્ટ સિટી અને સ્ટેટ કેપિટલ મળી કુલ ૧૦૮ શહેરો સામેલ થયા હતાં, જેમાંથી પસંદ કરવામાં આવેલા ૧૧ શહેરોમાં રાજકોટ પણ સામેલ. તા. ૨૮/૦૭/૨૦૨૨

૫. One Planet City Challenge અંતર્ગત રાજકોટ શહેરને નેશનલ કેપિટલ ઓફ ઈન્ડિયા-૨૦૨૨નો ખિતાબ પ્રાપ્ત થયેલ છેઃ આ પહેલા પણ ૨૦૧૬, ૨૦૧૮ અને ૨૦૨૦માં પણ ખિતાબ પ્રાપ્ત થયેલ. તા. ૨૩/૦૫/૨૦૨૨

૬. સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૨માં રાજકોટ શહેરને ગુજરાતમાં ૨જો ક્રમાંકઃ ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં ૭મો ક્રમાંકઃ રાજકોટ શહેરને BEST SELF SUSTAINABLE CITYનો નેશનલ એવોર્ડ પ્રાપ્ત થયો. તા. ૦૩/૧૦/૨૦૨૨

૭. RMC માટે ગૌરવની વાતઃ રાજકોટ મહાનગરપાલિકાની ઓટીપી આધારિત ફરિયાદ નિવારણ સિસ્ટમને નેશનલ ઇ-ગવર્નન્સએ વોર્ડ પ્રાપ્ત થયો. તારીખઃ ૦૯/૧૨/૨૦૨૨

૮. ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટ અંતર્ગત કુલ સાત આવાસ યોજનાઓને IGBC દ્વારા ગ્રીન બિલ્ડિંગ સર્ટિફિકેટ અને મોમેન્ટો એનાયત. તા. ૨૯/૧૨/૨૦૨૨

૯. રાજકોટ મહાનગરપાલિકાની ફાયર સર્વિસ ટીમની શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડથી સન્માનિતઃ મેયરશ્રી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી, મ્યુનિ. કમિશનરશ્રી અને શિશુ કલ્યાણ ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક દળ સમિતિ ચેરમેનશ્રીએ શુભેચ્છા પાઠવી. તા. ૨૬/૦૫/૨૦૨૨

૧૦. સ્માર્ટ સિટિઝ મિશન દ્વારા ‘ઇન્ડિયા સાયકલ ફોર ચેન્જ’ચેલેન્જ હેઠળ દેશના ૧૧૩ શહેરોમાંથી પસંદ પામેલા ટોપ-૧૧ શહેરોમાં રાજકોટની પસંદગી થઈઃ રૂપિયા ૦૧ કરોડનો પુરસ્કારઃ તા. ૨૯/૦૭/૨૦૨૧

૧૧. ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટ અંતર્ગત ત્રણ આવાસ યોજનાઓને IGBC દ્વારા ગ્રીન બિલ્ડિંગ સર્ટીફીકેટ આપવામાં આવ્યું. તા. ૨૧/૦૭/૨૦૨૨






૧૨. ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટ અંતર્ગત પાંચ આવાસ યોજનાઓને IGBC દ્વારા ગ્રીન બિલ્ડિંગ સર્ટિફિકેટ અને મોમેન્ટો એનાયત. તા. ૧૯/૧૨/૨૦૨૨

૧૩. કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સ્માર્ટ સિટી મિશનમાં કાર્યરત સ્ટાફ માટે ફ્રીડમ ટુ વોક, સાઈકલીંગ અને રનની સ્પર્ધા યોજાઈઃ રાજકોટ શહેરને રનીંગ તેમજ સાઈકલીંગની સ્પર્ધામાં પાંચમો ક્રમ અને વ્યક્તિગત સ્પર્ધામાં નેશનલ લેવલે ત્રીજો ક્રમ પ્રાપ્ત થયો તા. ૦૬/૦૫/૨૦૨૩

૧૪. કેન્દ્ર સરકારશ્રીના એર ક્વોલિટી સુધારણા પ્રોગ્રામમાં રાજકોટનું સુંદર પરફોર્મન્સઃ ગત સાલની તુલનાએ ૧૫ ટકા કે તેથી વધુ સુધારો કરનાર દેશના ચાર શહેરોમાં રાજકોટનો સમાવેશઃ પરફોર્મન્સ બેઈઝડ ગ્રાન્ટ ફાળવણીમાં રાજકોટને વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે ૧૦૦% ગ્રાન્ટ મળશે. તા. ૧૬/૦૬/૨૦૨૩.

૧૫. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવતી આવાસ યોજનાઓમાં ‘‘ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટ’’ને આધારિત આયોજન કરવામાં આવે છે. ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાએ બનાવેલ પાંચ આવાસ યોજનાઓને IGBC મોમેન્ટો એનાયત કરવામાં આવેલ છે.




# અઢી વર્ષમાં થયેલ વિકાસ કાર્યોની આંકડાકીય માહિતી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોનમાં જુદા–જુદા વોર્ડમાં લક્ષ્મીનગર રેલ્વે નાલા ખાતે અંડરબ્રીજ, કોમ્યુનિટી હોલ, રસ્તાની સાઇડમાં સોલ્ડરમાં યુટિલિટી ડક્ટ, રીટેઈનિંગ વોલ, નવું ફાયર સ્ટેશન તથા સ્ટાફ કવાર્ટર્સ, માઠા પ્રસંગો માટે બાથરૂમની સુવિધા, સી. સી. રોડ, રામવનમાં જી.એસ.આર. તથા પાઈપ લાઇન, પ્રદ્યુમન પાર્ક ઝૂ માટેના વિકાસ કામો, વોર્ડ ઓફિસ, પેવિંગ બ્લોક, સ્ટોર્મ વોટર ડ્રેઈન, ડ્રેનેજ મેઈન લાઇન, હાઉસ ચેમ્બર, મેઈન હોલ, ડામર રીકારપેટ, રોડ મેટલીંગ, બોક્સ કલવર્ટ, ડી.આઈ. પાઈપ લાઈન નેટવર્ક, ફુલ બજાર, વોકળાના કામો, હોકર્સ ઝોન, વ્યાયામ શાળા નવિનીકરણ, વોટર વર્કસ માટે ક્વોલિટી કન્ટ્રોલ સેલની નવી લેબોરેટરી, શાળા રિનોવેશન તેમજ સ્વર્ણિમ હેઠળના એકશન પ્લાન વગેરે કામો હાથ ધરાયા હતા.

## સેન્ટ્રલ ઝોન

| વોર્ડ ક્રમાંક | થયેલ ખર્ચ રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| વોર્ડ નં.-2 | 648.19 |
| વોર્ડ નં.-3 | 3875.09 |
| વોર્ડ નં.-7 | 870.75 |
| વોર્ડ નં.-13 | 1096.99 |
| વોર્ડ નં.-14 | 648.77 |
| વોર્ડ નં.-17 | 312.80 |
| કુલ | 7,452.59 |

## વેસ્ટ ઝોન

| વોર્ડ ક્રમાંક | થયેલ ખર્ચ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| વોર્ડ નં.-1 | 17673.13 |
| વોર્ડ નં.-8 | 205.11 |
| વોર્ડ નં.-9 | 11346.47 |
| વોર્ડ નં.-10 | 1246.15 |
| વોર્ડ નં.-11 | 18653.25 |
| વોર્ડ નં.-12 | 4285.48 |
| કુલ | 53409.59 |

## ઈસ્ટ ઝોન

| વોર્ડ ક્રમાંક | થયેલ ખર્ચ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| વોર્ડ નં.-4 | 2595.24 |
| વોર્ડ નં.-5 | 401.28 |
| વોર્ડ નં.-6 | 69.69 |
| વોર્ડ નં.-15 | 1056.03 |
| વોર્ડ નં.-16 | 3.33 |
| વોર્ડ નં.-18 | 3543.93 |
| પ્રદ્યુમન પાર્ક ઝુ અને એકશન પ્લાન | 1795.67 |
| કુલ | 9465.17 |

# આગામી આયોજન




## વોર્ડ નં.-૧૨માં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ

રાજકોટના મવડી મેઈન રોડ પાસે નવા સ્પોર્ટસ કોમ્પલેક્ષનું નિર્માણ

- પ્લોટનું ક્ષેત્રફળ : ૧૧૮૩૧.૦૦ ચો.મી.
- બાંધકામ ક્ષેત્રફળ : ૯૫૦૦.૦૦ ચો.મી.
- કુલ ખર્ચ : રૂા. ૨૨.૩૩ કરોડ

**સુવિધાઓ :**

- ઓપન ગ્રાઉન્ડમાં પાર્કિંગ, ૨-ટેનિસ કોર્ટ, ૧-બાસ્કેટ બોલ કોર્ટ, ૧-વોલીબોલ કોર્ટ અને સ્કેટિંગ રિંગ.
- ગ્રાઉન્ડ ફ્લોરમાં ૧૨૦૦ બેઠકની ક્ષમતા સાથે ઈન્ડોર સ્ટેડિયમ, બેડમિન્ટન કોર્ટ અને મલ્ટી ગેઈમ કોર્ટ, ૨-સ્કવોશ કોર્ટ, વહીવટી ઓફિસ અને વેઈટિંગ એરિયા, ૬-ટેબલ ટેનિસ કોર્ટ અને ૨-આર્ચરી માટેના હોલ.
- પ્રથમ માળે જિમ, યોગા, શુટિંગ રેંજ અને ચેસ કેરમ માટે અલગ અલગ રૂમ

## શ્રી અરવિંદભાઈ મણીઆર હોલ નવિનીકરણ

રાજકોટમાં જ્યુબિલી ગાર્ડન ખાતે આવેલ ઐતિહાસિક ઈમારતમાં સ્થિત શ્રી અરવિંદભાઇ મણીઆર હોલનું નવિનીકરણ કરવામાં આવશે.

- અંદાજીત ખર્ચ રૂા. ૩.૬૬ કરોડ

**સુવિધાઓ :**

- આ પ્રોજેક્ટ હેઠળ સિવિલ ઇન્ટીરીયર, ફર્નિચર, પલમ્બીંગ કામ, ઇલેક્ટ્રિક કામ, HVAC કામ, ફાયર ફાઈટિંગ સિસ્ટમ, તેમજ ફાયર એલાર્મ સિસ્ટમ વગેરેનો સમાવેશ કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ પૂર્ણ થયે કલા જગતની સાથોસાથ વિવિધ સંસ્થાઓને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવા માટે વધુ સારી સુવિધાઓ પ્રાપ્ત થશે.





## રેસકોર્ષમાં આર્ટ ગેલેરી અને એક્ઝિબિશન હોલ

રેસકોર્ષ ખાતે હયાત આર્ટ ગેલેરીનું અદ્યતન નવિનીકરણનું આયોજન

- બાંધકામ ક્ષેત્રફળ : ૯૭૬.૦૦ ચો.મી.
- કુલ ખર્ચ : રૂા. ૫.૦૨ કરોડ

**સુવિધાઓ :**

- ગ્રાઉન્ડ ફ્લોરમાં મલ્ટીપર્પઝ ગેલેરી/એક્ઝિબિશન હોલ, સ્ટોર રૂમ, ટોઇલેટ બ્લોક, વોટર રૂમ, ઇલેક્ટ્રિક રૂમ, લિફ્ટ તથા અન્ય બે ગેલેરી તેમજ ફર્સ્ટ ફ્લોર પર બે ગેલેરીનો સમાવેશ થાય છે.
- આ પ્રોજેક્ટ સાકાર થયે કલા જગતના લોકોને પ્રોત્સાહન અને વધુ નવી સુવિધાઓ ઉપલબ્ધ થશે.
- પ્રથમ માળે જિમ, યોગા, શુટિંગ રેન્જ અને ચેસ કેરમ માટે અલગ અલગ રૂમ




## દસ્તુર માર્ગના છેડે નવા બે રેલ્વે નાળા

એસ્ટ્રોન નાલુ અને હેમુ ગઢવી હોલ નાલાની વચ્ચે હોમી દસ્તુર માર્ગથી આગળ એ.વી.પી.ટી.આઇ.ની કમ્પાઉન્ડ વોલના છેડે રૂા. ૨.૭૯ કરોડના ખર્ચે નાલુ બનાવવાનું ખાતમુહૂર્ત સાસંદ સભ્ય શ્રી મોહનભાઇ કુંડારીયાના વરદ હસ્તે કરાયું. આ પ્રોજેક્ટની કામગીરી રેલ્વે વિભાગ દ્વારા કરાશે.

આ પ્રોજેક્ટ હેઠળ ૪.૦૦ મી × ૨.૫૦ મી. × ૧૮.૦૦ મી. ના બે નાળા બનાવવામાં આવશે.

આ બંન્ને નાળા બનાવવાથી ટુ વ્હીલર અને ફોર વ્હીલર વાહનો માટે આવવા જવાની વધુ એક સુવિધા ઉપલબ્ધ થશે.

## રેસકોર્ષમાં હોકી તથા ફુટબોલ મેદાન માટે વ્યુઇંગ ગેલેરી

રાજકોટના રેસકોર્ષ સંકુલ ખાતે હયાત હોકી તથા ફૂટબોલ મેદાન વચ્ચેની જગ્યામાં દર્શકો માટે ૧૬૦૦.૦૦ ચો.મી. ક્ષેત્રફળમાં રૂા. ૩.૦૭ કરોડના ખર્ચે વ્યુઇંગ ગેલેરીનું નિર્માણ કરવાનું આયોજન

- **સુવિધાઓ :**

આ કામમાં ફુટબોલ ગ્રાઉન્ડ તરફની ગેલેરીમાં ૬૭૦ બેઠકો તથા હોકી ગ્રાઉન્ડ તરફની ગેલેરીમાં ૩૩૫ બેઠકો બનાવવામાં આવશે. આ ઉપરાંત કોન્ફરન્સ રૂમ, કોચ રૂમ, વી.આઇ.પી. લોન્જ, એડમિન ઓફિસ, ખેલાડીઓ માટે લોકર રૂમ, બ્રોડકાસ્ટ તથા મીડિયા રૂમ વગેરે સુવિધાઓ ઉપલબ્ધ થશે.






## સાંઢિયા પુલ ખાતે ફોર લેન ઓવરબ્રિજ

રાજકોટના જામનગર રોડ પર આવેલ સાંઢિયા પુલને ડિસમેન્ટલ કરી, ત્યાં રૂ.૬૦ કરોડના ખર્ચે ફોર લેન ઓવર બ્રિજ બનાવવામાં આવશે.

- **બ્રિજની વિગત**
- બ્રિજની લંબાઇ ૬૦૦.૦૦ રનિંગ મીટર, ૧૬.૪૦૦ મીટરની પહોળાઇ
- ૯.૦૦ મીટરનો સર્વિસ રોડ અને ૧.૫ મીટરનો ફૂટપાથ
- માધાપર ચોકડી તરફ બ્રિજની લંબાઇ ૨૬૮.૨૦ મીટર
- હોસ્પિટલ ચોક તરફ બ્રિજની લંબાઇ ૨૯૭.૨૦ મીટર, કુલ ૨૨ પીઅર

## જેટકો ચોકડી ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ

રાજકોટમાં નવા ભળેલા વાવડી તેમજ મવડીના વિસ્તારોમાં પીવાનું પાણી પુરૂ પાડવા માટે જેટકો ચોકડી ખાતે ૫૦ MLD ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ૩૦ લાખ લિટર ક્ષમતાનો ESR, 250 લાખ લિટર ક્ષમતાનો GSR અને પમ્પીંગ સ્ટેશન સરકારશ્રીની અમૃત યોજના હેઠળ રૂા. ૪૨.૫૦ કરોડના ખર્ચે આકાર પામી રહ્યા છે.

- આ પ્રોજેક્ટ પૂર્ણ થયે વાવડી અને મવડી વિસ્તારની ટી.પી. સ્કીમ નં.૨૬, ૨૭ અને ૨૮ની અંદાજે ૩ લાખ જેટલી વસ્તીને પીવાના પાણીની સુવિધા મળશે.



# ઈલેક્ટ્રિક રીક્ષાની ખરીદી પર રાજકોટના નાગરિકોને રૂા.૩૦,૦૦૦ની સબસિડી



તા. ૧૨-૬-૨૦૨૩

રાજકોટ શહેરમાં ગ્રીનહાઉસ ગેસ(GHG)ના ઉત્સર્જનમાં તેમજ હવા પ્રદૂષણમાં, ટ્રાન્સપોર્ટ સેક્ટર ખુબ જ નોંધપાત્ર ભાગ ભજવે છે. ટ્રાન્સપોર્ટ સેક્ટર થકી ઉત્સર્જિત થતા ગ્રીનહાઉસ ગેસ (GHG)માં ઘટાડો લાવવા માટે, ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહિત કરવું આવશ્યક બને છે. નાગરિકો, વ્યક્તિગત ઉપયોગ માટે ઈલેક્ટ્રિક વાહનોની વધુ પસંદગી કરે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી ઉપર સબસિડી પણ આપવામાં આવે છે.

રાજકોટના નાગરિકો પણ શહેરમાં ઉપયોગ માટે ઈલેક્ટ્રિક ૨-વ્હીલર અને ઈલેક્ટ્રિક ૪-વ્હીલર વાહનોની પસંદગી કરી રહ્યા છે. આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાની પબ્લિક ટ્રાન્સપોર્ટેશનની બસ સર્વિસમાં પણ ઈલેક્ટ્રિક-બસનો ઉપયોગ શરુ કરેલ છે. રાજકોટમાં ફર્સ્ટ અને લાસ્ટમાઇલ ઈલેકેનેક્ટિવિટી માટે નાગરિકો રીક્ષાનો ઉપયોગ વધુ કરે છે. આ સર્વિસમાં ઈલેક્ટ્રિક રીક્ષાનો ઉપયોગ હાલના તબક્કે ખુબ જ ઓછો છે.

ચર્ચા દરમ્યાન ધ્યાને આવેલ કે, ઈલેક્ટ્રિક રીક્ષા ખરીદનાર માટે લોન મેળવ્યા બાદ આપવાની થતી ડાઉનપેમેન્ટ/માર્જિન અમાઉન્ટની રકમની ચુકવણી એક નડતર બને છે. આ ડાઉનપેમેન્ટ/માર્જિન એમાઉન્ટમાં સહયોગ કરવા માટે રાજકોટ મહાનગરપાલિકાએ સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડકો-ઓપરેશન (SDC) દ્વારા રાજકોટ શહેરમાં ચાલતા CapaCITIES પ્રોજેક્ટના અંતર્ગત ઈલેક્ટ્રિક-ઓટો ખરીદનારને રૂપિયા ૩૦,૦૦૦ની સબસિડી આપવાનું નક્કી કરેલ છે. આ સબસિડી ‘‘રાજકોટ ગ્રીન મોબિલિટી પ્રોગ્રામ’’ અંતર્ગત પહેલી ૧૦૦ ઈલેક્ટ્રિક-ઓટો ખરીદનારને આપવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા અને સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કો-ઓપરેશન (SDC) વચ્ચે રાજકોટમાં કલાઈમેટ રેઝિલિયન્ટ એકશન લેવા માટે CapaCITIES પ્રોજેક્ટના અમલીકરણ અંગે MoU થયેલ છે.

રાજકોટને તેના આબોહવા પરિવર્તન સામે લડવા માટેના પ્રગતિશીલ પગલાં માટેના વ્યાપક અભિગમ થકી "One Planet City Challenge (OPCC)' અંતર્ગત ગ્લોબલ કક્ષાએ ‘‘નેશનલ વિનર’’ની પદવી વર્ષ ૨૦૨૨ માં મળેલ છે. જે માટે રાજકોટ શહેરની રાજકીય પ્રતિબદ્ધતાની પણ ખાસ નોંધ લેવામાં આવી હતી.







## રાજકોટ મહાનગરપાલિકાના માધ્યમથી CapaCITIES પ્રોજેક્ટ ‘‘રાજકોટ ગ્રીન મોબિલિટી પ્રોગ્રામ’’ અંગે માહિતી આપતા મેયરશ્રી, ચેરમેનશ્રી અને કમિશનરશ્રી

રાજકોટ મહાનગરપાલિકાના માધ્યમથી CapaCITIES પ્રોજેક્ટ દ્વારા ‘‘રાજકોટ ગ્રીન મોબિલિટી પ્રોગ્રામ‘‘ અંતર્ગત રૂા. ૩૦,૦૦૦/-ની સબસિડી મળશે, તેમ મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલે જણાવ્યું હતું.

રાજકોટ ગ્રીન મોબિલિટી પ્રોગ્રામની વધુ જાણકારી અને પાત્ર ઈ-ઓટોની યાદી મેળવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની NULM ટીમનો સંપર્ક કરવાનો રહેશે. પોતાની પસંદગી મુજબની ઈ-ઓટોને ફાઈનલ કર્યા બાદ જરૂરી બેન્ક લોન મેળવવાની અરજી પ્રક્રિયા કરવાની રહેશે. મંજૂર થયેલ લોન સિવાયની રકમ, ઈ-ઓટો ડીલરને ડાઉનપેમેન્ટ/માર્જિન એમાઉન્ટ તરીકે ચૂકવવાની રહેશે, જેમાં ઈ-ઓટો ડીલર દ્વારા રૂ. ૩૦,૦૦૦નું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. ઈ-ઓટો ડીલરને, તેમના દ્વારા આપવામાં આવેલ ડિસ્કાઉન્ટની ચુકવણી રાજકોટ મહાનગરપાલિકાના CapCITIES પ્રોજેક્ટ દ્વારા કરવામાં આવશે.

## ‘આઝાદી કા અમૃત મહોત્સવ’, કલીન ઈન્ડિયા અભિયાન તથા પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતી પ્રસંગે









## ૩૬ સફાઈ કર્મચારીઓનું સન્માન

## અવસાન પામેલ ૧૮ સફાઈ કામદારોના વારસદારોને નિમણુંક પત્ર એનાયત

તા. ૨-૧૦-૨૦૨૧

‘આઝાદી કા અમૃત મહોત્સવ’, કલીન ઈન્ડિયા અભિયાન તથા પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકા ૩૬ સફાઈ કામદારોનું સન્માન કરાયું. અવસાન પામેલ સફાઈ કામદારના ૧૮ વારસદારોને નોકરીના નિમણુંક પત્ર એનાયત કરાયા હતા.

શહેરને સ્વચ્છ રાખવા, કોવિડમાં તેમજ વાવાઝોડાને પગલે અન્ય શહેરોમાં ફરજ બજાવતા સફાઈ કામદારોને મેયર ડૉ. પ્રદિપ ડવે શુભેચ્છા પાઠવેલ. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ‘આઝાદી કા અમૃત મહોત્સવ’, કલીન ઈન્ડિયા અભિયાન તથા પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૩૬ સફાઈ કામદારોનું સન્માન તથા અવસાન પામેલ સફાઈ કામદારના ૧૮ વારસદારોને મહાનુભાવોના વરદ્ હસ્તે નોકરીના નિમણુંક પત્ર એનાયત કરાયા હતા.

આ પ્રસંગે મેયર ડૉ. પ્રદિપ ડવ, ડે. મેયર ડૉ. દર્શિતાબેન શાહ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, સેનિટેશન સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, ડે. કમિશનર આશિષ કુમાર, ચેતન નંદાણી, એ.આર.સિંઘ તેમજ સફાઈ કામદારો ઉપસ્થિત રહેલ.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા RMC on WhatsApp સેવાનું લોન્ચિંગ

## આંગળીનાં ટેરવે રાજકોટ મહાનગરપાલિકાની ૧૭૫ થી વધુ સેવાઓનો WhatsAPP નાં માધ્યમથી લાભ લઈ શકાશે

## રાજ્યનાં પૂર્વ માન. કેબિનેટ મંત્રી અને રાજકોટનાં પૂર્વ પ્રભારી મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીનાં વરદ હસ્તે લોન્ચ

તા.૨૫-૦૨-૨૦૨૨ના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજ્યમાં સૌ પ્રથમવાર મહાનગરપાલિકાની ૧૭૫થી વધુ સેવાઓને RMC on WhatsApp નામના પ્રોજેક્ટ વડે વોટ્સએપ પર આપવાની શરૂઆત ગુજરાત રાજ્યના શિક્ષણ, ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ, સાયન્સ અને ટેક્નોલોજી વિભાગના કેબિનેટ મંત્રી અને રાજકોટના માનનીય પ્રભારી મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયર ડૉ. પ્રદિપ ડવ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે માન. ધારાસભ્યોશ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી લાખાભાઈ સાગઠીયા, ડેપ્યુટી મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા, શાસક પક્ષ નેતાશ્રી વિનુભાઈ ઘવા, દંડકશ્રી સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ શહેર ભા.જ.પ. મહામંત્રીશ્રી કિશોરભાઈ રાઠોડ, શ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, વિવિધ કમિટીના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીગણ વિગેરે ઉપસ્થિત રહેલ.

આ સેવાનો ઉપયોગ કરવા માટે લોકોએ મહાનગરપાલિકાના વોટ્સએપ નંબર +૯૧-૯૫૧૨૩૦૧૯૭૩ને પોતાના મોબાઈલ પર સેવ કરીને તેનાં પર Hi મેસેજ કરવાથી ચેટબોટ એક્ટીવેટ થશે. જેમાં લોકો English / ગુજરાતી એમ ભાષા સિલેક્ટ કરી શકશે.

RMC on WhatsAppના ઉપયોગ વડે લોકો મહાનગરપાલિકાની વિવિધ સેવાઓ મિલ્કત વેરો, પાણી-દર, વ્યવસાય વેરો EC તેમજ RC, જુદી જુદી સ્પોર્ટ્સ યુટિલિટી, મહાનગરપાલિકાની સેવાઓને લગત ફરિયાદો, વિવિધ પ્રકારની સેવાઓ મેળવવા માટે જરૂરી ફોર્મ, મહાનગરપાલિકાના વિવિધ ટેન્ડરો, મહાનગરપાલિકામાં ભરતી અંગેની જાહેરાતો, મહાનગરપાલિકાની વિવિધ ઝોનલ ઓફિસો/ વોર્ડ ઓફિસો/ આરોગ્ય કેન્દ્રોના એડ્રેસ જીઓ લોકેશન સાથે, મહાનગરપાલિકાની જુદી જુદી TP Schemeની યાદી, મહાનગરપાલિકાના તમામ અગત્યના ફોન નંબર વિગેરેની વિગતો ઉપરોક્ત વોટ્સએપ ચેટ બોટ પરથી ખૂબ જ સરળતાથી મેળવી શકાશે. આ સેવાનો ઉપયોગ કરીને લોકો પોતાનાં પાછલાં વર્ષોમાં ભરેલ વેરાની રસીદો/બિલો, બાકી વેરાની રકમ વોટ્સએપ દ્વારા જાણી શકશે/ ડાઉનલોડ કરી શકશે.





> ‘RMC On WhatsApp’ તથા ‘ઓ.ટી.પી. આધારિત ફરિયાદ નિવારણ પદ્ધતિ’ લોકોને રાજકોટ મહાનગરપાલિકાની જાહેર હિતની વિવિધ સેવાઓ આસાનીથી મેળવવામાં સહાયભૂત બનશે.
>
> - શ્રી પુષ્કરભાઈ પટેલ, ચેરમેનશ્રી, સ્ટેન્ડિંગ કમિટી

મહાનગરપાલિકા લોકોને તેમના વેરા બિલો PDF મારફતે વોટ્સએપ પર મોકલી આપશે તેમજ તેનું લોકો વોટ્સએપ પરથી જ સીધુ પેમેન્ટ કરી શકાશે અને પેમેન્ટ કર્યા બાદ તુરંત લોકોને પેમેન્ટની રસીદ પણ સીધી વોટ્સએપ પર મોકલવામાં આવશે, જેથી લોકોને જે રીતે તેઓ મહાનગરપાલિકાની કચેરી જે રૂબરૂ જઈ વેરાનું પેમેન્ટ કરવાથી મળતી રસીદ જેવો જ અનુભવ થશે. ઉપરોક્ત તમામ પ્રક્રિયા Artificial Intelligenceનો ઉપયોગ કરી વોટ્સએપ ચેટ બોટ દ્વારા કરવામાં આવશે. RMC on WhatsApp પ્રોજેક્ટની જાહેરાત સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ દ્વારા ચાલુ વર્ષનાં બજેટમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને આ પ્રોજેક્ટ મહાનગરપાલિકાના કોમ્પ્યુટર વિભાગની ટીમ દ્વારા ઈન હાઉસ ડેવલપ કરવામાં આવેલ છે, જે ગૌરવની બાબત છે.











# ફરિયાદ નિવારણ સેવા

## OTP આધારિત ફરિયાદ નિવારણ પ્રણાલી લોકોની સેવામાં અર્પણ

# ટોલ ફ્રી નં. ૧૮૦૦-૧૨૩-૧૯૭૩નો પ્રારંભ

શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણીના વરદ્ હસ્તે તા.૨૩-૦૯-૨૦૨૧ના રોજ સવારના ૧૧:૩૦ કલાકે સેન્ટ્રલ ઝોન ઓફીસ ખાતેથી રાજકોટ મહાનગરપાલિકાની ‘‘પીન’’ આધારિત ફરિયાદ નિવારણ સેવા તેમજ ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૨૩-૧૯૭૩નો શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના મેયરશ્રી ડૉ. પ્રદિપ આર. ડવ, ડે. મેયરશ્રી ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનરશ્રી અમિત અરોરા, શાસક પક્ષ નેતાશ્રી વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડકશ્રી સુરેન્દ્રસિંહ વાળા, તેમજ ડે. કમિશનર ચેતન નંદાણી, મ્યુનિસિપલ સેક્રેટરી ડૉ. એચ. પી. રૂપારેલીઆ, ડાયરેક્ટર આઈ.ટી. સંજય ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા.

કોલ સેન્ટર પરની ફરિયાદ નિવારણ પધ્ધતિના મુખ્ય અંશો નીચે મુજબ છે: ‘‘દરેક ફરિયાદના ઉકેલ માટે સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ છે.’’ જો નિયત સમય મર્યાદામાં ફરિયાદનો ઉકેલ ન કરવામાં આવે તો ફરિયાદ આપોઆપ ઉપરના અધિકારી સુધી એસ્કેલેટ થશે. ‘‘ફરિયાદની નોંધની સમયે ફરિયાદીને તેની ફરિયાદ નોંધાઈ ગયેલ છે તેની SMS દ્વારા જાણ કરવામાં આવશે.’’ ફરિયાદના નિવારણ થયે ફરિયાદીને તેની ફરિયાદનું નિવારણ થયેલ છે તેની પણ SMS દ્વારા જાણકારી આપવામાં આવશે. ‘‘ફરિયાદ નિકાલની ગુણવતા અંગે ફરિયાદીનું ફીડબેક લેવામાં આવશે તેમજ ફરિયાદીના ફીડબેકનું એનાલિસીસ કરવામાં આવશે.’’

રાજકોટ મહાનગરપાલિકાના કાર્મચારી / અધિકારીશ્રીઓ માટે એક આધુનિક મોબાઈલ એપ બનાવવામાં આવેલ છે જેના પરથી કાર્મચારી/અધિકારીશ્રીઓ પોતાના તાબા હેઠળના વિસ્તારમાં નોંધાતી દરેક ફરિયાદનું મોનિટરિંગ તેમજ નિરાકરણ કરી શકશે.

દરેક ફરિયાદ નાં નિકાલ માટે ની નિશ્ચીત સમયમર્યાદા.

નિશ્ચિત સમયમર્યાદામાં જો કોઈ ફરિયાદ નો ઉકેલ ન આવે તો જવાબદાર ઉપરી અધિકારી ને ઓટો એસ્કેલેશન દ્વારા જાણ.

ફરિયાદ નાં નિકાલ થયે ફરીયાદી પાસેથી ફરિયાદ અંગે ફીડબેક લેવાની સુવિધા

ફીડબેકમાં રેટિંગની સુવિધા, જેના પરથી ફરિયાદનાં નિકાલ ની ગુણવતા નું એનાલિસિસ.

| Very Poor | Poor | Good | Satisfied | Excellent |
|---|---|---|---|---|
| * | ** | *** | **** | ***** |

ફરિયાદી દ્વારા મહાનગરપાલિકાના જવાબદાર કર્મચારી/અધિકારીને PIN આપ્યા બાદ જ ફરિયાદનો નિકાલ થશે.

ફરિયાદ નાં નિકાલ થયે ફરિયાદીને પીન નંબર ની SMS દ્વારા જાણ.

ઉચ્ચ અધિકારીઓ માટે મોબાઈલ એપ પર સમગ્ર સિસ્ટમ ની મોનીટરીંગ ની સુવિધા

ડીપાર્ટમેન્ટ/વોર્ડ/ફરિયાદના પ્રકાર વગેરે પર થી ડેટાએનાલીસીસ ની સુવિધા

http://www.rmc.gov.in

**Public Grievance Redressal System**

# ખુશીની વાતઃ કેન્દ્ર સરકારશ્રીના એર ક્વોલિટી સુધારણા પ્રોગ્રામમાં રાજકોટનું શ્રેષ્ઠ પરફોર્મન્સ

તા. ૧૬/૦૬/૨૦૨૩

ભારત સરકારશ્રી દ્વારા દેશના વિવિધ શહેરોમાં એર ક્વોલિટીમાં સુધારો લાવવાના એક પ્રોગ્રામમાં દેશના કુલ ૧૩૧ શહેરોનો સમાવેશ કરવામાં આવેલ અને આ શહેરો પૈકી જે શહેરની હવાની ગુણવત્તામાં ગત વર્ષની સરખામણીએ ન્યુનતમ ૧૫ ટકા કે તેથી વધુ સુધારો થયો હોય તેવા માત્ર ચાર શહેરો નોંધાયા છે. આ ચાર શહેરોમાં રાજકોટનો પણ સમાવેશ થાય છે જે રાજકોટ માટે ખુબ જ ગૌરવ અને આનંદની વાત છે. એર ક્વોલિટીમાં ૧૫ ટકા કે તેથી વધુ સુધારો કરનાર અન્ય ત્રણ શહેરો છે અમદાવાદ, વારાણસી અને ધનબાદ. સરકારશ્રીની માર્ગદર્શિકા અનુસાર આ ચાર શહેરોને વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૧૦૦% ગ્રાન્ટ ફાળવવામાં આવનાર છે, તે આનંદની વાત છે, તેમ જણાવી મેયરશ્રી ડો. પ્રદીપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલ, ઈ.ચા. મ્યુનિ. કમિશનર શ્રી અનિલ ધામેલિયા અને સેનિટેશન કમિટી ચેરમેન શ્રી અશ્વિનભાઈ પાંભરે ખુશી વ્યક્ત કરી હતી.

ભારત સરકારશ્રી દ્વારા જાન્યુઆરી ૨૦૧૯માં મિનિસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ ફોરેસ્ટ એન્ડ કલાઈમેટ ચેઈન્જ દ્વારા ''નેશનલ ક્લીન એર પ્રોગ્રામ'' લોન્ચ કરવામાં આવેલ. આ પ્રોગ્રામનો હેતુ હવાની ગુણવત્તામાં વર્ષ ૨૦૧૯-૨૦ના પી.એમ. ૧૦ ના લેવલમાં ૪૦% ઘટાડો ૨૦૨૫-૨૬ સુધીમાં કરવાનો છે અને આ પ્રોગ્રામ અંતર્ગત હવાનું શુદ્ધિકરણ કરી, લોકોને સારું સ્વાસ્થ્ય આપવાનો છે.

આ પ્રોગ્રામ અંતર્ગત કુલ ૧૩૧ શહેરોની પસંદગી કરવામાં આવેલ, જેમાં ગુજરાતમાંથી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટને પસંદ કરાયા છે. આ પ્રોગ્રામ અંતર્ગત દર વર્ષે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે જે પર્ફોર્મન્સ બેઈઝ્ડ હોય છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રાજકોટ શહેરનું પી.એમ. ૧૦નું લેવલ ૧૧૧ Ng/m3 હતું, જે વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ઘટીને પી.એમ. ૧૦નું લેવલ ૯૪ Ng/m3 થયું. સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના પરફોર્મન્સ ઈવેલ્યુએશન મુજબ ૧૫.30% ઘટાડો થયેલ છે. તેથી ૧૫%થી વધારે ઘટાડો કરેલ હોય તેવા ચાર શહેરોને ૧૦૦ માંથી ૧૦૦ માર્કસ મેળવીને વર્ષ ૨૦૨૩-૨૪ ૧૦૦% ગ્રાન્ટ મળવાપાત્ર રહેશે. આ ચાર શહેરોમાં રાજકોટ, અમદાવાદ, વારાણસી અને ધનબાદનો સમાવેશ થાય છે.






રાજકોટના પરફોર્મન્સ પર આનંદ અને ગૌરવ વ્યકત કરતા મેયરશ્રી ડૉ. પ્રદીપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલ, ઈ.ચા. મ્યુનિસિપલ કમિશનર શ્રી અનિલ ધામેલિયા અને સેનિટેશન કમિટી ચેરમેન શ્રી અશ્વિનભાઈ પાંભર

**પરફોર્મન્સ બેઈઝ્ડ ગ્રાન્ટ ફાળવણીમાં રાજકોટને વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે ૧૦૦% ગ્રાન્ટ મળશે**





"ભારતના છ શહેરો પૈકી, રાજકોટમાં પણ આધુનિક ટેકનોલોજી સાથે એક હજારથી વધુ આવાસો ધરાવતી લાઈટહાઉસ યોજના સાકાર કરી છે, જે ખુબ જ ઓછા સમયમાં અને ખુબ જ ઓછી કિંમતમાં પૂર્ણ થયેલ છે.

- શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન. પ્રધાનમંત્રીશ્રી

## અમૃત આવાસોત્સવ

# માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે ૧૫૪૮ આવાસોનું ઈ-લોકાર્પણ

## ૧૦૧૦ આવાસોનું ઈ-ખાતમુહૂર્ત



## રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ(રૂડા) દ્વારા BLC યોજના હેઠળ રૂ.૪૦.૯૫ કરોડની સહાય સાથે બનેલા ૧૧૭૦ આવાસોમાં ગૃહપ્રવેશ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા "પ્રધાનમંત્રી આવાસ યોજના" અંતર્ગત રૂ.૧૧૯.૮૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલ EWS-1 અને EWS-2 કેટેગરીના ૧૫૪૮ આવાસોનું ઈ-લોકાર્પણ તથા રૂ.૧૧૯.૦૫ કરોડના ખર્ચે બનનાર EWS-2 કેટેગરીના ૧૦૧૦ આવાસોનું ઈ-ખાતમુહુર્ત તેમજ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ(રૂડા) દ્વારા BLC યોજના હેઠળ રૂ.૪૦.૯૫ કરોડની સહાય સાથે બનેલા ૧૧૭૦ આવાસોમાં ગૃહપ્રવેશ વિધિ કાર્યક્રમ તા.૧૨/૫/૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પૂ.પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ, રૈયા રોડ ખાતે માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મેયર ડૉ.પ્રદિપ ડવ અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર ખાતે માન.પ્રધાનમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ અમૃત આવાસોત્સવ કાર્યક્રમમાં માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે રાજકોટના લાભાર્થી શ્રી અવનીબેન કાચા સહિત ગુજરાતના શહેરી અને ગ્રામીણ વિસ્તારના આવાસોના લાભાર્થીઓને ઘરની ચાવી સુપ્રત કરવામાં આવી હતી તેમજ માન.પ્રધાનમંત્રીશ્રીએ વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા સુરત, ભાવનગર અને આણંદના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.



આ અવસરે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, ધારાસભ્ય શ્રી ઉદયભાઈ કાનગડ, ડૉ. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર કંચનબેન સિધ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, જીતુભાઈ કોઠારી, નરેન્દ્રસિંહ ઠાકુર, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ કમિટી ચેરમેન વર્ષાબેન રાણપરા તથા બાંધકામ કમિટી ચેરમેન કેતનભાઈ પટેલ, ડે. કમિશ્નરશ્રીઓ અનિલ ધામેલિયા અને ચેતન નંદાણી તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એમ જણાવેલ કે, કેન્દ્ર સરકારે ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો જે દ્રઢ સંકલ્પ લીધેલો છે તેને સાકાર કરવાની દિશામાં સરકાર મક્કમપણે આગળ વધી રહી છે. જેમાં દેશવાસીઓના જીવનમાં સુવિધાપૂર્ણ સરળતા આવે અને જીવન ગુણવતાપ્રદ બને તેના પર ભાર મુકવામાં આવેલો છે. ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે ઘરનું ઘર એક સ્વપ્ન હોય છે. આ સ્વપ્ન સાકાર કરવા માટે સરકાર અવિરત આવાસ યોજનાઓ હાથ ધરી રહી છે. સરકારે ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને ઘર આપવાની સાથોસાથ તેમના સ્વાસ્થ્યની પણ ખુબ ચિંતા કરી લાખો લોકોને આયુષ્માન ભારત કાર્ડ ઈસ્યુ કરેલા છે. તેમજ ચાર નવી મેડિકલ કોલેજ પણ બનાવી છે.

માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં કહ્યું કે, આવાસ મિશનને ગરીબી સામેની લડતનો આધાર બનાવ્યો છે. ગરીબોના બેંક ખાતામાં સીધા જ પૈસા જમા થાય છે. છેલ્લા નવ વર્ષમાં ચાર કરોડ જેટલા જરૂરિયાતમંદ ગરીબ લોકોને મળેલ આવાસોમાં ૭૦% ઘર માતાઓ અને બહેનોના નામે નોંધાયેલ છે. અગાઉ માત્ર પુરૂષોના નામે જ મિલકતો નોંધાતી હતી. જેમાં હવે આમૂલ પરિવર્તન આવ્યું છે અને બહેનો મિલ્કતોની માલિક બની છે. એમ પણ કહી શકાય કે બહેનો, માતાઓ લખપતિ બન્યા છે અને તેમના મને ખોબલેને ખોબલે આશીર્વાદ મળે છે.

માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટને યાદ કરતા એમ કહ્યું હતું કે, ભારતના છ શહેરો પૈકી રાજકોટમાં પણ આધુનિક ટેકનોલોજી સાથે એક હજારથી વધુ આવાસો ધરાવતી લાઈટહાઉસ યોજના સાકાર કરી છે. જે ઓછા સમયમાં અને ઓછી કિંમતમાં પૂર્ણ થયેલ છે. ભવિષ્યમાં હજુ વધુ સસ્તા અને સુરક્ષિત આવાસો આપવાના પ્રયાસ સરકાર કરી રહી છે. અગાઉ રિયલ એસ્ટેટ માટે કોઈ કાનુન ન હતો. ગ્રાહકોના હિતો જોખમાતા હતા. હવે સરકારે 'રેરા' કાનુન હેઠળ ગ્રાહકોને સુરક્ષા પ્રદાન કરી છે. પૈસા આપતી વખતે ગ્રાહકોને મકાનની જે ડિઝાઈન બતાવવામાં આવે છે તેવી ડિઝાઈન ન બનાવનાર લોકો માટે જેલ તૈયાર છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, આવાસ યોજનામાં મકાન ખરીદવા માટે લોકોને બેંક લોન સાથે વ્યાજની સવલતરૂપે ગુજરાતમાં પાંચ લાખ પરિવારોને રૂ.૧૧૦૦૦ કરોડની સવલત આપવામાં આવી છે. આઝાદીના અમૃતકાળમાં વિકસિત ભારતનું સ્વપ્ન સૌના સાથથી સાકાર કરીશું. હાલ, ભારતના ૫૦૦ શહેરોમાં પાયાની સુવિધાઓ અને ૧૦૦ સ્માર્ટ શહેરોમાં આધુનિક સુવિધાઓ આપવા માટેના પ્રોજેક્ટ આગળ ધપી રહ્યા છે. વર્ષ ૨૦૧૪ સુધીમાં માત્ર ૨૫૦ કિ.મી. નો મેટ્રો રેલ ટ્રેક હતો જે છેલ્લા નવ વર્ષમાં ૬૦૦ કિમી વધીને ૮૫૦ કી.મી. થયેલ છે. હાલ ૨૦ શહેરોમાં મેટ્રો દોડી રહી છે. શહેરી રોડ પરિવહનમાં ઈલેક્ટ્રિક બસો ઉમેરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૪ પૂર્વે સોલિડ વેસ્ટમાં ૧૫% પ્રોસેસિંગ થતું જે અત્યારે ૭૦% થઈ રહ્યું છે. લોકોને પીવાનું શુદ્ધ પાણી મળે તે માટે ૩૦૦૦ કિમી મુખ્ય પાઈપલાઈન અને ૧.૨૫ લાખ કિમી મુખ્ય સપ્લાય લાઈનનું કામ સરકારે પૂર્ણ કરેલ છે. જેનાથી ૧૫૦૦૦ ગામડા અને ૨૫૦ શહેરોમાં પાણી પહોચ્યું છે.






**આજે હજારો પરિવારના ઘરે લાપસીનાં આંધણ મુકવાનો શુભ અવસર છે. હજારો જરૂરિયાતમંદ ગરીબ અને વંચિત પરિવારોનું ઘરના ઘરનું સ્વપન સાકાર થયું છે.**

**- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
**માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત**

**સરકારશ્રીના સહકાર સાથે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઘરવિહોણા લોકોને જમીનના ભાવ કરતા પણ સસ્તી કિંમતે ઘરનું ઘર આપવામાં આવી રહ્યું છે. આવાસ યોજનાઓ નવા વિકસી રહેલા કે પોશ વિસ્તારોમાં નિર્માણ પામી છે.**

**- ડૉ. પ્રદિપ ડવ, માન. મેયરશ્રી**





**રાજકોટ મહાનગરપાલિકા અને 'રૂડા' દ્વારા બનેલા આવાસોથી ઘરવિહોણા લોકોના જીવનમાં ખુશી અને આત્મવિશ્વાસ સાથે ગુણાત્મક પરિવર્તન આવેલ છે.**

**- શ્રી આનંદ પટેલ, IAS**
**માન. મ્યુનિસિપલ કમિશનરશ્રી**

## અઢી વર્ષમાં રૂા. ૬૦૦ કરોડના ખર્ચે બનેલા કુલ ૬૭૫૪ આવાસોનું નિર્માણ અને લોકાર્પણ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત શહેરમાં વિવિધ સ્થળોએ તા. ૧૨/૦૩/૨૦૨૧ થી આજ દિન સુધી રૂ.૬૦૦.૩૪ કરોડના ખર્ચે EWS-I પ્રકારના ૩૦૫૬, EWS-II પ્રકારના ૧૧૬૨, LIG પ્રકારના ૧૨૬૮ તથા MIG પ્રકારના ૧૨૬૮ આવાસો મળીને કુલ ૬૭૫૪ આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ સાથે અત્યાર સુધીમાં મહાનગરપાલિકાએ કુલ ૩૪૦૦૦થી વધુ આવાસો બનાવી ઘરવિહોણા લોકોને 'ઘરનું ઘર' અપાવેલ છે.



આ પ્રસંગે માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવેલ કે, આજે હજારો પરિવારના ઘરે લાપસીનાં આંધણ મુકવાનો શુભ અવસર છે. હજારો જરૂરિયાતમંદ ગરીબ અને વંચિત પરિવારોનું ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે. અગાઉ ખુબ ઉંચા વ્યાજ દરની લોન પણ માંડ મળતી. જેની સરખામણીમાં અત્યારે સરળતાથી નજીવા દરે લોન મળે તે બાબતે ખુદ માન.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ચિંતા કરે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૩ એવોર્ડ પણ મેળવ્યા છે.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી ઉદયભાઈ કાનગડે જણાવેલ કે, રાજકોટ મહાનગરપાલિકાના શાસકો હોય, ગુજરાત સરકાર હોય કે કેન્દ્ર સરકાર હોય તમામ દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખીને યોજનાઓ બનાવવામાં આવે છે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે આયુષ્માન કાર્ડ, અન્ન યોજના, શૌચાલય યોજના, ઉજવલા યોજના તથા નલ સે જલ સહિતની લોકભોગ્ય યોજનાઓ સરકાર દ્વારા અમલમાં મૂકાતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું જીવનધોરણ ઊંચું આવ્યું છે.

આ પ્રસંગે મેયર ડો.પ્રદિપ ડવે જણાવેલ કે, દરેક વ્યક્તિનું એક સ્વપ્ન હોય છે કે, પોતાનું એક અલાયદું ઘર હોય કે જેમાં તે સુખ શાંતિથી રહી શકે. પરંતુ, કોઈપણ શહેરમાં ઘરનું ઘર બનાવવું એ એક કપરી કામગીરી છે. સરકાર દ્વારા EWS-I, EWS-II, LIG, અને MIG વગેરે આવાસ યોજના શરૂ કરી લોકોને જમીનની કિંમત કરતા પણ નજીવા દરે 1 BHK, 2 BHK કે 3 BHK ના અદ્યતન સુવિધાસભર આવાસો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. આ આવાસો કોઈ સ્લમ કે પછાત વિસ્તારમાં નહી પરંતુ, ખુબ સારા અને પોશ વિસ્તારમાં બનાવવામાં આવી રહ્યા છે. 1 BHK ના આવાસો કે જે સામાન્ય રીતે રૂ.૧૮ થી ૨૦ લાખમાં મળી શકે તે ફક્ત રૂ.૩.૫૦ લાખમાં આપવામાં આવે છે. 3 BHK ના આવાસો જે રૂ.૪૦ થી ૪૫ લાખમાં મળી શકે તે ફક્ત રૂ.૧૮ લાખમાં આપવામાં આવે છે.

આ કાર્યક્રમમાં આવાસ યોજનાઓ તેમજ શહેરી વિકાસ અંગે ડોકયુમેન્ટરી પ્રદર્શિત કરવામાં આવેલ. સાથોસાથ ગરબા સહિતની સાંસ્કૃતિક કૃતિઓ રજુ થઈ હતી.

આ ઉપરાંત પર્યાવરણ જતન અંગે તમામ ઉપસ્થિત ભાઈઓ તથા બહેનોએ શપથ લીધા હતા. ગાંધીનગર ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં રાજ્યના કૃષિ, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસના માન.મંત્રી અને રાજકોટ જીલ્લાના પ્રભારી મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં કહ્યું કે, રાજકોટમાં અત્યાર સુધીમાં ૨૨ થી ૨૫ હજાર જેટલા આવાસો બનાવી, જરૂરિયાતમંદ લોકોને સોંપી દીધા છે. આજે નવા ૧૫૦૦થી વધુ આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે અને ૧૦૧૦ આવાસોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ તથા તંત્રને બિરદાવું છું.

આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું હૃદયપૂર્વક શાબ્દિક સ્વાગત કરેલ તેમજ તેમણે કાર્યક્રમની રૂપરેખા અને મહાનગરપાલિકા તથા રૂડાના આવાસ અંગેની માહિતી આપી હતી. તેમજ તેમણે કહ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા અને 'રૂડા' દ્વારા બનેલા આવાસોથી ઘરવિહોણા લોકોના જીવનમાં ખુશી અને આત્મવિશ્વાસ સાથે ગુણાત્મક પરિવર્તન આવેલ છે.

હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ કમિટી ચેરમેન વર્ષાબેન રાણપરાએ ઉપસ્થિત મહાનુભાવોનું પુસ્તક અર્પણ કરી, સ્વાગત કરેલ. ડાયસ કાર્યક્રમ બાદ ઉપસ્થિત મહાનુભાવોના વરદ્ હસ્તે આવાસના લાભાર્થીઓને ચાવી અને કળશ અર્પણ કરવામાં આવેલ હતા. બાંધકામ કમિટી ચેરમેન કેતનભાઈ પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવેલ.



## પ્રોજેકટની વિગત...

## રાજકોટ મહાનગરપાલિકા

### ❍ ૧૫૪૮ આવાસોનું લોકાર્પણ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા "પ્રધાનમંત્રી આવાસ યોજના" અંતર્ગત કુલ રૂ.૧૧૯.૮૬ કરોડના ખર્ચે શહેરના વિવિધ વિસ્તારો જેવા કે, ૮૦ ફૂટ રોડ - સોરઠીયા વાડી સર્કલ પાસે, સ્પીડવેલ પાર્ટી પ્લોટથી કણકોટ રોડ તરફ, અને ક્રિસ્ટલ હેવનની પાછળ, મવડી-કણકોટ રોડ તરફ એમ કુલ પાંચ સ્થળોએ નિર્માણ પામેલા EWS-I અને EWS-II કેટેગરીના કુલ ૧૫૪૮ આવાસોનું નિર્માણ.

EWS-I કેટેગરીમાં લાભાર્થીને માત્ર રૂ.૩ લાખમાં ૩૦.૦૦ ચો.મી.ના આવાસમાં એક બેડરૂમ, હોલ, કિચન તથા EWS-II કેટેગરીમાં લાભાર્થીને માત્ર રૂ. ૫.૫૦ લાખમાં ૪૦.૦૦ ચો.મી.ના આવાસમાં બે બેડરૂમ, હોલ, કિચન વગેરે સુવિધાઓ પ્રાપ્ત થાય છે.

### ❍ ૧૦૧૦ આવાસોનું ખાતમુહૂર્ત

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા "પ્રધાનમંત્રી આવાસ યોજના" અંતર્ગત કુલ રૂ.૧૧૯.૦૫ કરોડના ખર્ચે શહેરના પોપટપરા વિસ્તારમાં નિર્માણ પામનાર EWS-II કેટેગરીના કુલ ૧૦૧૦ આવાસોનું ખાતમુહૂર્ત થનાર છે.

#### આવાસ યોજનામાં ઉપલબ્ધ સુવિધાઓ

આવાસ યોજનામાં કોમન લાઈટીંગ માટે રૂફટોપ સોલાર સિસ્ટમની વ્યવસ્થા, પાણીની લાઈન, ડ્રેનેજ સિસ્ટમ, ગેસ પાઈપલાઈન, વીજ કનેકશન, લાઈટીંગ અરેસ્ટર, ઓટો ડોર લીફ્ટ(ફાયર તથા કોમન), રેઈન વોટર હાર્વેસ્ટિંગ, બિલ્ડીંગ દીઠ ઓટો DG જનરેટર સેટ્સ, ફાયર ટેંક તથા ફૂલપ્રૂફ ફાયર સીસ્ટમ, સિક્યોરીટી રૂમ, ચિલ્ડ્રન પ્લે એરિયા (રમતગમતના સાધનો સાથે) વિગેરેની સુવિધા ઉપલબ્ધ છે.

સરકારશ્રીના સહયોગથી હજારો લોકોના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થઇ રહ્યા છે. જેમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત અત્યાર સુધીમાં ૩૪ હજાર જેટલા આવાસો લાભાર્થીઓને સોંપાઈ ચુક્યા છે.

## રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ

### ❍ ૧૧૭૦ આવાસોમાં ગૃહ પ્રવેશ

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા "પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)" અંતર્ગત બી.એલ.સી. યોજના હેઠળ કુલ ૧૧૭૦ આવાસોનું નિર્માણ થતા લાભાર્થીઓને રૂ.૪૦.૯૫ કરોડની સહાય આપવામાં આવેલ છે. આ આવાસોમાં આજે ગૃહ પ્રવેશ વિધિ સંપન્ન થનાર છે. આ યોજના હેઠળ પ્રતિ યુનિટ લાભાર્થીને રૂ. ૩.૫૦ લાખની સહાય સરકારશ્રી તરફથી પ્રાપ્ત થાય છે.













# વોર્ડ નં.૬ અને ૧૫માં નિર્માણ પામેલા બે આરોગ્ય કેન્દ્રોનું લોકાર્પણ

તા.૦૨/૦૬/૨૦૨૩ના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ.૫૧ લાખના ખર્ચે વોર્ડ નં.૧૫માં નવનિર્માણ પામેલ શ્રી ચંપકભાઈ વોરા આરોગ્ય કેન્દ્ર તથા વોર્ડ નં.૬માં બનેલા કબીરવન આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ રાજકોટ-૬૮ વિધાનસભાના માન.ધારાસભ્ય શ્રી ઉદયભાઈ કાનગડના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર ડૉ. પ્રદિપ ડવ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી મુકેશભાઈ દોશી, ડેપ્યુટી મેયર કંચનબેન સિધ્ધપુરા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, આરોગ્ય કમિટી ચેરમેન ડૉ.રાજેશ્રીબેન ડોડીયા, વોર્ડ નં.૬ના કોર્પોરેટર શ્રી દેવુબેન જાદવ, મંજુબેન કુગશીયા, પરેશભાઈ પીપળીયા, ભાવેશભાઈ દેથરીયા, વોર્ડ નં.૧૫ ભાજપ પ્રભારી જીણાભાઈ ચાવડા, પ્રમુખ સોમાભાઈ ભાલીયા, મહામંત્રી મહેશભાઈ બથવાર, રત્નાભાઈ મોરી, વોર્ડ નં.૬ ભાજપ પ્રભારી રમેશભાઈ પરમાર, મહામંત્રી દુષ્યંતભાઈ સંપટ, વિરમભાઈ રબારી, પૂર્વ પ્રમુખ ઘનશ્યામભાઈ કુગશીયા આ ઉપરાંત આ વિસ્તારના અગ્રણી મનસુખભાઈ જાદવ, દલસુખભાઈ જાગાણી, પરાગભાઈ મહેતા, પિન્ટુભાઈ રાઠોડ, અગ્રણી દિગુભા ગોહેલ, રાજુભાઈ પાટડિયા, કિન્નરીબેન ચૌહાણ, કિરણબેન પાટડિયા, નમ્રતાબેન પઠાણ, નારણભાઈ, હિરેનભાઈ રાવલ, વિનુભાઈ અગ્રાવત, પ્રેમજીભાઈ મકવાણા, દેવજીભાઈ વસાણી, હરેશભાઈ ટુડીયા, પ્રવિણભાઈ રૈયાણી, બી.ડી. તલસાણીયા, દીપકભાઈ ગજેરા, વિજયભાઈ ડોડીયા, મનોજભાઈ ગૈરૈયા, હેતલબેન પાટડિયા, મિલનભાઈ લીંબાસીયા, મહેબુબભાઈ સાઝદા, શૈલેષભાઈ પ્રજાપતિ, વોર્ડ નં.૧૫ના પૂર્વ કોર્પોરેટર શામજીભાઈ ચાવડા, અગ્રણી વરજાંગભાઈ હુંબલ, મહેશભાઈ અઘેરા, રામભાઈ હેરભા, પ્રભારી જાન્સનાબેન હેરભા, પ્રમુખ સંગીતાબેન પેઢડીયા, ગીતાબેન પારઘી, વિનોદભાઈ કુમારખાણાયા, નાનજીભાઈ પારઘી, કનુભાઈ કરવડા, ભમુભાઈ ખીમસુરીયા વગેરે ઉપસ્થિત રહેલ.

## વોર્ડ નં.૬ના આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ સુવિધાઓ

વોર્ડ નં.૬ કબીરવન સોસાયટી ખાતે કબીરવન આરોગ્ય કેન્દ્રના જુના બિલ્ડીંગને દુર કરી રૂ. ૭૯.૭૫ લાખના ખર્ચે ૩૦૯ ચો.મી. જગ્યામાં નવું આરોગ્ય કેન્દ્ર બિલ્ડીંગ બનાવવામાં આવેલ છે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં મેડિકલ ઓફિસરની રૂમ, ઓ.પી.ડી. નર્સિંગ રૂમ, વેક્સીનેશન રૂમ, હોલ(વેઈટિંગ રૂમ), મેડિસિન રૂમ, લેબોરેટરી, ડોક્ટર રૂમ, ટોયલેટ બ્લોક, હેલ્પ ડેસ્ક, ફર્સ્ટ ફ્લોર પર પિડિયાટ્રિક રૂમ, ગાયનેક રૂમ, કોન્ફરન્સ રૂમ, આર.બી.એસ.કે. રૂમ અને ટોયલેટ બ્લોક વગેરે સુવિધા આપવામાં આવેલ છે. અહીં અંદાજે એક લાખ જેટલી વધુ વસ્તીને આરોગ્યની સુવિધાનો લાભ મળશે.

## વોર્ડ નં.૧૫ના આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ સુવિધાઓ

વોર્ડ નં.૧૫માં શ્રી ચંપકભાઈ વોરા આરોગ્ય કેન્દ્રનું જુના બિલ્ડીંગની જગ્યાએ ૨૫૦ ચો.મી. જગ્યામાં નવું બિલ્ડીંગ બનાવવામાં આવેલ છે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં હોલ (વેઈટિંગ રૂમ), મેડીસીન રૂમ, લેબોરેટરી, ડોક્ટર રૂમ-૨, હેલ્પ ડેસ્ક, ટોયલેટ બ્લોક, ફર્સ્ટ ફ્લોર પર હોલ (વેઈટિંગ રૂમ), ડોક્ટર રૂમ-૨, કોન્ફરન્સ રૂમ, સ્ટોર રૂમની સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવેલ છે.

આશરે રૂ.૪૭ લાખના ખર્ચે નવનિર્મિત કરાયેલા આ આરોગ્ય કેન્દ્રથી વોર્ડ નં.૧૫ની અંદાજે એક લાખ જેટલી વધુ વસતિને આરોગ્યની સેવાનો લાભ મળશે.

# રાજકોટ મહાનગરપાલિકા ખાતે ૭૪માં પ્રજાસત્તાક પર્વ-૨૦૨૩ની ઉજવણી





## માન. મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવે ધ્વજવંદન કરી, રાષ્ટ્ર ધ્વજને સલામી આપી, શહેરીજનોને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવી

રાજકોટ મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ૭૪માં પ્રજાસતાક પર્વની ઉજવણી પ્રસંગે રાષ્ટ્રધ્વજને સલામી સમારોહમાં માન. મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવે ત્રિરંગો લહેરાવી, રાષ્ટ્રગીતના ગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી તેમજ શહેરીજનોને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા આપી હતી.

આ પ્રસંગે માનનીય સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, ડે. મેયર અને ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનર અમિત અરોરા, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, વિરોધ પક્ષ નેતા ભાનુબેન સોરાણી, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર, ડે. મ્યુનિસિપલ કમિશનર સી. કે. નંદાણી, આશિષ કુમાર આ ઉપરાંત જુદી જુદી કમિટીના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ મનીષભાઈ રાડિયા, પરેશભાઈ પીપળીયા, દેવાંગભાઈ માંકડ, અશ્વિનભાઈ પાંભર, નરેન્દ્રભાઈ ડવ, રણજીતભાઈ સાગઠીયા, વિનોદભાઈ સોરઠીયા, મગનભાઈ સોરઠીયા, નીરૂભા વાઘેલા, નીતિનભાઈ રામાણી, જીતુભાઈ કાટોડીયા, ડૉ. અલ્પેશભાઈ મોરજરીયા, રસીલાબેન સાકરીયા, કંચનબેન સિધ્ધપુરા, જયાબેન ડાંગર, નયનાબેન પેઢડીયા, મિતલબેન લાઠીયા, દુર્ગાબા જાડેજા, ડો. દર્શનાબેન પંડ્યા, જયોત્સનાબેન ટીલાળા, ડૉ. રાજેશ્રીબેન ડોડીયા, ભારતીબેન પરસાણા, દેવુબેન જાદવ, મંજુબેન કુંગસીયા, સોનલબેન સેલારા, કંકુબેન ઉધરેજા, જયશ્રીબેન ચાવડા, આશાબેન ઉપાધ્યાય, કલ્પનાબેન કિયાડા, મીનાબા જાડેજા, વર્ષાબેન પાંધી, લીલુબેન જાદવ, વજીબેન ગોલતર, અલ્પાબેન દવે તેમજ મહાનગરપાલિકાના અધિકારીઓ મ્યુનિસિપલ સેક્રેટરી ડૉ. એચ. પી. રૂપારેલીઆ, સિટી એન્જીનીયર પી. ડી. અઢિયા, વાય. કે. ગોસ્વામી, અલ્પના મિત્રા, હેલ્થ ઓફિસર ડૉ. જયેશ વકાણી, સુરક્ષા અધિકારી આર. બી. ઝાલા, પર્યાવરણ અધિકારી નિલેષ પરમાર, ગાર્ડન ડાયરેક્ટર ચૌહાણ, ટાઉન પ્લાનીંગ ઓફિસર સાગઠિયા, ચીફ ફાયર ઓફિસર આઈ. વી. ખેર, આસી. કમિશનર હર્ષદ પટેલ, વાસંતીબેન પ્રજાપતિ, બી. ડી. જીવાણી, પી.એ. ટુ કમિશનર એન. કે. રામાનુજ, નાયબ ફાયર ચીફ ઓફિસર ઠેબા, કે. એચ. હિંડોચા, સી. એન. રાણપરા, પી.એ. ટુ ચેરમેન એચ. જી. મોલીયા, આસી. મેનેજર કૌશિક ઉનાવા, હરેશ લખતરીયા, કાશ્મીરા વાઢેર, વત્સલ પટેલ, તેમજ રાજકોટ મહાનગરપાલિકાની જુદી જુદી શાખાના અધિકારી/કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.









પ્રજાસતાક પર્વ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ પૈકી શ્રેષ્ઠ સફાઈ કામદાર શ્રી ધવલભાઈ રામજીભાઈ વાઘેલા, શ્રી સીતાબેન વજુભાઈ ગોહેલ, શ્રી શારદાબેન મોહનભાઈ સોલંકી, શ્રી પરેશભાઈ અરવિંદભાઈ વાઘેલા, શ્રી મંગુબેન ધનજીભાઈ ચૌહાણ અને શ્રી અમિતભાઈ રવજીભાઈ ગોહેલનું મેયર સહિતના જુદા જુદા મહાનુભાવોના હસ્તે શાલ ઓઢાડી તેમજ પ્રમાણપત્ર આપી, સન્માન કરવામાં આવેલ.

## માન. મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવ દ્વારા શહેરીજનોને શુભેચ્છા સંદેશ



**ચલો ફિર સે આજ વો નજારા યાદ કર લે, શહીદો કે દિલ મેં થી વો જ્વાલા યાદ કર લે.**
**જીસમેં બહકર આઝાદી પહુંચી થી કિનારે, દેશભક્તો કે ખુન કી વો ધારા યાદ કર લે.**

આજે ભારતના ૭૪માં પ્રજાસતાક પર્વ નિમિતે સૌ શહેરીજનોને ખુબ ખુબ શુભેચ્છા પાઠવું છું. દેશને આઝાદી અપાવનાર તમામ ક્રાંતિવીરો શહીદોને નમન કરું છું. ભારત દેશે ૧૯૪૭માં આઝાદી પ્રાપ્ત કરી, લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા રજવાડાઓનું દેશમાં વિલીનીકરણ કરાયેલ. ડૉ. બાબા સાહેબ આંબેડકરના નેતૃત્વમાં ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતને પોતાનું બંધારણ મળ્યું હતું અને ત્યારથી આ દિવસને આપણું રાષ્ટ્ર પ્રજાસતાક પર્વ તરીકે ઉજવે છે.

વિશેષમાં મેયરશ્રીએ જણાવ્યું હતું કે, દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરનો વિકાસ સતત આગળ વધી રહેલ છે. થોડા સમય પહેલા માનનીય પ્રધાનમંત્રીશ્રીના વરદ્ હસ્તે લાઈટહાઉસ પ્રોજેક્ટ, જુદા જુદા ઓવરબ્રિજ, સાયન્સ મ્યુઝિયમ વિગેરેનું લોકાર્પણ તેમજ અદ્યતન ઈન્ડોર સ્ટેડિયમનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા રામવન, ઈલેક્ટ્રિક બસ, ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન વિગેરે ખુલ્લા મુકેલ હતા.

આગામી ત્રણેક માસમાં કાલાવડ રોડ જડુસ પાસેનો તથા કે.કે.વી. ચોક પર બની રહેલ ઓવર બ્રિજનું લોકાર્પણ કરવામાં આવશે તથા આવનારા સમયમાં ઈલેક્ટ્રિક બસ માટેનો ચાર્જિંગ ડેપો અને ઈલેક્ટ્રિક સ્મશાન, નવી લાઈબ્રેરીનું પણ લોકાર્પણ કરવામાં આવશે તેમજ સ્માર્ટ સિટી એરિયામાં ચાલી રહેલ અટલ સરોવરની કામગીરી પણ ટૂંક સમયમાં પૂર્ણ થતા રંગીલા રાજકોટને હરવા ફરવા માટે નવું એક સ્થળ મળશે.

દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દુરંદેશીના કારણે ભારત વિશ્વગુરૂ બનવા જઈ રહ્યું છે. વિશ્વના અનેક દેશો જોડાયેલ G-20નું સુકાન ભારત દેશને નેતૃત્વ કરવાનું ગૌરવ પ્રાપ્ત થયેલ છે જે સમગ્ર દેશવાસીઓ માટે ગૌરવની બાબત છે.

આજના આ પ્રજાસતાક પર્વ પ્રસંગે ચાલો સૌ સાથે મળી સંકલ્પ કરીએ કે,

દર વર્ષે એક વૃક્ષ વાવી તેનું જતન કરીશ.
પાણી બચાવીએ, વોટર રીચાર્જ કરીએ.
પોલિથિન-પ્લાસ્ટીકનો ઉપયોગ નહી કરું.
જાહેર સાહસોને નુકસાન નહી પહોંચાડું.
જ્યાં ત્યાં કચરો ફેકીશ નહિ.

અંતમાં, ફરીને પ્રજાસત્તાક પર્વ પ્રસંગે સૌ નગરજનોને હૃદયપૂર્વકની શુભેચ્છા પાઠવું છું.

ભારત માતા કી જય...............
વંદે માતરમ્.......................



# રાજકોટ મહાનગરપાલિકાના ૩૫૨૬ આવાસો તથા રૂડાના ૧૯૫૮ આવાસોનું માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે ઈ-લોકાર્પણ











રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ.૩૩૪.૩૩ કરોડના ખર્ચે વિવિધ છ(૬) સ્થળે નિર્માણ પામેલ આવાસ યોજનાઓના ૩૫૨૬ આવાસો તથા રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રૂ.૯૦.૭૩ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ ૧૯૫૮ આવાસોનું ઈ-લોકાર્પણ તારીખ ૩૦/૦૯/૨૦૨૨ના રોજ માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ ઉપરાંત તથા MIG પ્રકારના ૯૨૯ આવાસોનો નંબર ફાળવણી ડ્રો અને બી.એલ.સી.હેઠળના ૮૧૬ લાભાર્થીઓનો આવાસોમાં ગૃહપ્રવેશ કરવામાં આવેલ. આ પ્રસંગે રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટ મહાનગરપાલિકાના કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયરશ્રી ડૉ. પ્રદીપ ડવ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે સંસદ સભ્ય રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, ધારાસભ્યો ગોવિંદભાઈ પટેલ અને લાખાભાઈ સાગઠીયા, ડે. મેયર ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, તથા નરેન્દ્રસિંહ ઠાકુર, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, બાંધકામ સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, હાઉસિંગ ઇમ્પ્રુવમેન્ટ અને ક્લીયરન્સ સમિતિ ચેરમેન વર્ષાબેન રાણપરા, તેમજ જુદી જુદી સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ લાભાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

૫માં નોરતે અંબાજીના ધામથી આ શુભ પ્રસંગે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, હજારો લોકો આજે પોતાના ઘરનુ ઘર મેળવશે. અને દિવાળીનુ પાવન તહેવાર પોતાના ઘરમાં ઉજવશે તેનો આંનદ અનેરો હશે. જે ગરીબ પરિવારોની જિંદગી ઝુંપડામાં વીતી છે તેઓની દિવાળી હવે રોશન થશે. આપણો દેશ નારીનુ સન્માન જાળવનાર રાષ્ટ્ર છે.






દુનિયાના કેટલાય શક્તિશાળી લોકોના નામ પાછળ પિતાનું નામ હોય છે. જોકે ભારતમાં સંતાનની સાથે માતાનું નામ લખાય છે. પ્રધાનમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, ઘરના આર્થિક નિર્ણયો લેવાની જવાબદારી પિતા પર હોય છે. ઘર દુકાન, ખેતર વિગેરે સંપતિ પુરુષના નામે રહેતી હતી. વર્ષ ૨૦૧૪થી મકાન મહિલાઓના નામે આપવાનું શરૂ કર્યું. આજે જે બહેનોને ઘર મળ્યું તે બધા લખપતિ બની ગયા છે. બહેનોને ઘર ચલાવવામાં મુશ્કેલી ન પડે તે માટે વિનામૂલ્યે રાશનની સુવિધા ઉપલબ્ધ કરાયેલ છે. કન્યા કેળવણી માટે પણ સરકાર પ્રતિબધ્ધ છે. બનાસકાંઠા વિસ્તારમાં દીકરીઓને ભણાવવાનું મોટું ઉદાહરણ આપણી સામે આવી રહ્યું છે. નર્મદા નીરની યોજનાથી ગુજરાતની તકદીર બદલી છે. કેન્દ્ર સરકારની દરેક મોટી યોજનામાં માતૃશક્તિ સમાવેશ થાય છે.

આ અવસરે માન.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, માન.મેયર ડૉ. પ્રદીપ ડવ, ધારાસભ્ય માન.શ્રી ગોવિંદભાઈ પટેલએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં માન.મેયર ડૉ. પ્રદિપ ડવ તથા મંચસ્થ ઉપસ્થતિ સૌ મહાનુભાવોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી, કાર્યક્રમની રૂપરેખા મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ આપી હતી. બાંધકામ સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, હાઉસિંગ ઇમ્પ્રુવમેન્ટ અને ક્લીયરન્સ સમિતિ ચેરમેન વર્ષાબેન રાણપરા દ્વારા મહાભાવોને પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ. કાર્યક્રમના અંતે રાજકોટ મહાનગરપાલિકાના MIG પ્રકારના ૯૨૯ આવાસોનો કોમ્પ્યુટરાઈઝ્ડ નંબર ફાળવણી ડ્રો માન. મેયરશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. તેમજ ઉપસ્થિત સૌ મહાનુભાવોએ ટોકન રૂપે આવાસના લાભાર્થીઓને ચાવી અર્પણ અને બી.એલ.સી. હેઠળના લાભાર્થીઓને આવાસોમાં ગૃહપ્રવેશ માટે ટોકન રૂપે કળશ અર્પણ કરવામાં આવેલ.

> **અત્યાર સુધીની પરંપરા મુજબ ઘર દુકાન, ખેતર વિગેરે સંપતિ પુરુષના નામે રહેતી હતી. જયારે અમારી સરકારે અલગ પ્રથા શરુ કરી હતી. અને વર્ષ ૨૦૧૪થી મકાન મહિલાઓના નામે આપવાનું શરુ કર્યું. આજે જે બહેનોને ઘર મળ્યું તે બધા લખપતિ બની ગયા છે. બહેનોને ઘર ચલાવવામાં મુશ્કેલી ન પડે તે માટે વિનામૂલ્યે રાશનની સુવિધા ઉપલબ્ધ કરાયેલ છે.**
>
> **- શ્રી નરેન્દ્રભાઈ મોદી**
> **માન. પ્રધાનમંત્રીશ્રી**








# આવાસની વિગતો

## રાજકોટ મહાનગરપાલિકા

રૂા.૩૩૪.૩૩ કરોડના ખર્ચે વિવિધ ૬ સ્થળોએ નિર્માણ પામેલ આવાસ યોજનાઓમાં ઈસ્ટ ઝોનમાં રૂ. ૮૮.૯૭ કરોડના ખર્ચે બનેલા EWS-I કેટેગરીના ૧૫૩૮ આવાસ તથા વેસ્ટ ઝોનમાં રૂ. ૧૩.૨૪ કરોડના ખર્ચે બનેલા સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે EWS-II કેટેગરીના ૧૪૪ આવાસ, પાળ રોડ પર રૂ. ૯૯.૩૬ કરોડના ખર્ચે બનેલા LIG કેટેગરીના ૮૬૪ આવાસ તથા રૂ.૩૬.૪૨ કરોડના ખર્ચે બનેલા MIG કેટેગરીના ૨૭૨ આવાસ, નાનામવા રોડ પર ભીમરાવ ચોક પાસે રૂ.૩૩.૮૭ કરોડના ખર્ચે બનેલા MIG કેટેગરીના ૨૬૦ આવાસ અને શીતલ પાર્ક ૧૫૦ ફુટ રિંગ રોડ પાસે રૂ.૬૨.૪૭ કરોડના ખર્ચે બનેલા MIG પ્રકારના ૪૪૮ આવાસોનો સમાવેશ થાય છે.

**મહાનગરપાલિકાની આવાસ યોજના ડ્રો :**

"પ્રધાનમંત્રી આવાસ યોજના" અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વિવિધ વિસ્તારોમાં પૂર્ણ થયેલ MIG પ્રકારના ૯૨૯ આવાસોનો NIC મારફત કોમ્પ્યુટરાઈઝડ જાહેર ડ્રો. જેમાં લાભાર્થીઓનો ફાળો રૂ. ૧૬૭.૨૨ કરોડ થાય છે.

**યોજનાની વિગતઃ**

આવાસની કિંમત રૂ.૧૮,૦૦,૦૦૦/- છે. આવાસનો અંદાજિત કાર્પેટ ૬૦.૦૦ ચો.મી. જેમા બે બેડરૂમ, એક સ્ટડીરૂમ, એક હોલ, રસોડું, એટેચ્ડ ટોયલેટ, કોમન ટોયલેટ, સ્ટેન્ડિંગ બાલ્કની, આકર્ષક એલીવેશન, વિશાળ પાર્કિંગ, અગ્નિ શમન, લિફ્ટની વ્યવસ્થા પણ છે.

બેંકો દ્વારા સરળતાથી લોન તેમજ ૧૦૦ % દસ્તાવેજ થાય છે.

**બેનિફિશિયરી લેડ કન્સ્ટ્રકશન (BLC) :**

પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયેના બેનિફિશિયરી લેડ કન્સ્ટ્રકશન (BLC) ઘટક અંતર્ગત જે કુટુંબની વાર્ષિક આવક રૂ.૩ લાખથી ઓછી હોય તેમને ૩૦ ચો.મી. સુધીનો એરિયા ધરાવતું ઘર બનાવવા માટે જમીનની માલિકીના ચોક્કસ આધાર પુરાવાઓ રજુ કરીને રૂ. ૩.૫૦ લાખની સહાય મળી શકે છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨ લાખ અને કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧.૫ લાખની સહાય મળવાપાત્ર થાય છે. હાલ સુધીમાં કુલ મંજુર થયેલ આવાસોની સંખ્યા - ૩૦૨૬ (રકમ રૂ. ૧૦૫.૯૧ કરોડ) છે. જ્યારે હાલ પૂર્ણ થયેલ આવાસોની સંખ્યા - ૮૧૬ (રકમ રૂ. ૨૮.૫૫ કરોડ) છે.

## રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ(રૂડા)

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ રાજકોટ દ્વારા "પ્રધાનમંત્રી આવાસ યોજના" (શહેરી) હેઠળ પણ વિવિધ ટીપી સ્કીમમાં અનામત પ્લોટમાં એ.એચ.પી. ઘટક હેઠળ રૂ. ૧૯૮.૬૯ કરોડના ખર્ચે ૧૫૦ ફુટ રિંગ રોડ, નાગરિક બેન્કની બાજુમાં, મુંજકામાં અવધ રોડ, કાલાવડ રોડ તથા ફીલ્ડ માર્શલ વાડી પાસે કાલાવડ રોડ, તથા મોટા મવામાં સરિતા વિહાર સોસાયટી, કાલાવડ રોડ ખાતે કુલ ૧૯૫૮ આવાસોનું ગ્રીન બિલ્ડીંગ કન્સેપ્ટ સાથે બાંધકામ કરેલ છે.

EWS-IIના યુનિટ G+14, G+4 તથા G+8 માળના આવાસમાં આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર સાથે લાઇટ બ્લોક મેશનરી, પ્લાસ્ટર,સંડાસ-બાથરૂમ, રસોડુ, કલર, વોટર સપ્લાય, ડ્રેનેજ, બગીચા, પાર્કિંગ, ઈલેક્ટ્રિફિકેશન, કોંક્રિટ રોડ, બાહ્ય ઈલેક્ટ્રિફિકેશન, કમ્પાઉન્ડ વોલ, સોલાર વોટર સિસ્ટમ, ફાયર સિસ્ટમ, લિફ્ટ, ગેસ પાઈપ લાઈન, વીજ જોડાણ, કોમર્શીયલ કોમ્પલેક્ષ, કોમ્યુનિટી હોલ જેવી તમામ સુવિધા સાથે દરેક લાભાર્થી માટે ૪૦ ચો.મી.નું પાકું બાંધકામ કરી આપવામાં આવેલ છે. LIG પ્રકારનાં G+14 માળના આવાસમાં આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર સાથે લાઇટ બ્લોક મેશનરી, પ્લાસ્ટર, સંડાસ-બાથરૂમ, રસોડુ, કલર, વોટર સપ્લાય, ડ્રેનેજ, બગીચા, પાર્કિંગ, ઈલેક્ટ્રિફિકેશન, કોંક્રિટ રોડ, બાહ્ય ઈલેક્ટ્રિફિકેશન, કમ્પાઉન્ડ વોલ, રૂફ ટોપ સોલાર સિસ્ટમ, ફાયર સિસ્ટમ, લિફ્ટ, ગેસ પાઈપલાઈન, વીજજોડાણ, કોમર્શીયલ કોમ્પલેક્ષ જેવી સુવિધા સાથે દરેક લાભાર્થી માટે ૫૦ ચો.મી.નું પાકું બાંધકામ કરી આપવામાં આવેલ છે.

EWS-II અને LIGના દરેક યુનિટમાં વીટ્રીફાઈડ ટાઈલ્સનું ફલોરિંગ, દરવાજામાં ફલશ ડોર, બારીમાં એલ્યુમિનિયમ સેકશન વિન્ડો, મારબલના કિચન પ્લેટફોર્મ, બાથ/સંડાસમાં પીવીસી દરવાજા, છત પર ચાઈના મોજેકનું વોટર પ્રુફિંગની સુવિધા આપવામાં આવેલ છે.

**'રૂડા' દ્વારા બી.એલ.સી યોજના હેઠળના કામની વિગતો :**

''રૂડા'' દ્વારા ''પ્રધાનમંત્રી આવાસ યોજના'' (શહેરી) હેઠળ બી.એલ.સી યોજના હેઠળ ''રૂડા'' વિસ્તારના ૪૮ ગામોમાં લાભાર્થી પ્રેરિત કુલ ૪૫૪ આવાસો માટે રૂ.૧૫૮૯ લાખનું કામ પૂર્ણ કરે છે. જેમાં સંડાસ-બાથરૂમ, રસોડુ, કલર, વોટર સપ્લાય, ઈલેક્ટ્રિફિકેશન જેવી સુવિધા છે. દરેક લાભાર્થી દ્વારા ૩૦ ચો.મી. કે તેથી વધુ પાકું બાંધકામ કરેલ છે. આ આવાસ માટે ૬ તબક્કામાં યુનિટ દીઠ રૂ.૩.૫૦ લાખની સહાય સરકારશ્રી દ્વારા લાભાર્થીઓને પુરી પાડેલ છે.







# વોર્ડ નં.૧૨ માં નિર્માણ થનાર બગીચાનું ખાતમુહૂર્ત



તા.૧૨/૦૨/૨૦૨૩ના રોજ વોર્ડ નં.૧૨ માં રૂ. ૪ કરોડના ખર્ચે નિર્માણ થનાર બગીચાનું ખાતમુહૂર્ત રાજ્યના માન. કેબિનેટ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. વોર્ડ નં.૧૨ મવડી વિસ્તાર ખુબ જ ડેવલપ થઈ રહ્યો છે. જે ધ્યાનમાં રાખી મેયર ડૉ. પ્રદિપ ડવના પ્રયત્નથી આ વિસ્તારના રહેવાસીઓને પ્રાથમિક સુવિધાની સાથે સાથે વિકાસના પ્રોજેક્ટોનો લાભ મળે તે માટે આ વિસ્તારમાં રૂા.૨૫ કરોડના ખર્ચે અદ્યતન ઈન્ડોર સ્ટેડિયમ નિર્માણ પામી રહ્યું છે. તેમજ તા.૧૩/૦૨/૨૦૨૩ના રોજ વોર્ડ નં.૧૨ માં રૂ. ૪ કરોડના ખર્ચે બનનાર બગીચાનું ખાતમુહૂર્ત રાજ્યના માન. કેબિનેટ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીકતાના મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, લોકોની સુખાકારી માટે સરકાર હંમેશા કાર્ય કરી રહી છે અને રાજકોટ શહેરના વિકાસમાં પણ સહયોગ આપી રહી છે. વોર્ડ નં.૧૧માં ડામર પેવરનું કામ તથા રૂા.૪ કરોડના ખર્ચે નવા બગીચાનું આજ રોજ ખાતમુહૂર્ત કરી લોકોની સુખાકારીમાં વધારો થશે.

આ અવસરે મેયર ડૉ. પ્રદિપ ડવએ જણાવ્યું હતું કે, ૧૩૦૦૦ ચો.મી. ની જગ્યામાં રૂા.૪ કરોડના ખર્ચે સર્વશ્રેષ્ઠ બગીચો બનશે અને આ વિસ્તારના રહેવાસીઓને એક ફરવાલાયક નજરાણું મળશે. આ ઉપરાંત પ્રાથમિક સુવિધાના કામોની સાથે સાથે રૂા.૨૫ કરોડના ખર્ચે એક નવું ઈન્ડોર સ્ટેડિયમ પણ નિર્માણ પામનાર છે તેમજ આગામી સમયમાં નવી લાયબ્રેરી, નવી વોર્ડ ઓફીસ બનાવવાની પણ આગામી બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. આ અવસરે ડે.મેયર અને ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, કિરણબેન હરસોડા, કોર્પોરેટર મિતલબેન લાઠીયા, મગનભાઈ સોરઠીયા, પૂર્વ કોર્પોરેટર નરસિંહભાઈ કાકડીયા, કિશાન મોરચાના પ્રમુખ યોગરાજસિંહ જાડેજા, પ્રભારી પ્રવિણભાઈ ઠુંમર, પ્રમુખ રસિકભાઈ કાવઠીયા, મહામંત્રી મનસુખભાઈ વેકરીયા તેમજ ભાજપ અગ્રણી ધર્મેશભાઈ ડોડીયા, રૂપેશભાઈ ડોડીયા, મૌલિકભાઈ દેલવાડીયા, કંચનબેન મારડીયા, સિદ્ધરાજસિંહ જાડેજા, દિલીપભાઈ પટેલ, રાજાભાઈ જાડેજા, ભાવેશભાઈ વઘાસીયા, મહેશભાઈ રાઠોડ, યોગેન્દ્રસિંહ જાડેજા, ધીરૂભાઈ ચાવડા, રાજુભાઈ ગરચર, વિકીભાઈ રાઠોડ, રાજભા જાડેજા, પરસોતમભાઈ રાઠોડ તથા સોસાયટીના આગેવાનો ચેતનભાઈ હિરપરા, જીજ્ઞેશભાઈ, સ્મિતભાઈ સંતોકી, પ્રવિણભાઈ, નિલેશભાઈ, પરેશભાઈ, ઉમેશભાઈ, નયનભાઈ, હાર્દિકભાઈ, અશ્વિનભાઈ વગેરે ઉપસ્થિત રહેલ.

> "સરકારશ્રી દ્વારા પર્યાવરણની જાળવણી માટે ઘનિષ્ઠ વૃક્ષારોપણ પર ભાર મુકવામાં આવે છે. તેવી જ રીતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોના સ્વાસ્થ્યની ચિંતા સાથે વૃક્ષારોપણ અને ગાર્ડન નિર્માણ જેવા પગલાં લેવામાં આવે છે."



**- શ્રી ભાનુબેન બાબરીયા**
માનનીય કેબિનેટ મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, ગુજરાત



# વોર્ડ નં.૪માં ગાર્ડનનું લોકાર્પણ



" રાજકોટ મહાનગરપાલિકા શહેરીજનોને પાયાની મૂળભૂત ભૌતિક સુવિધાઓ આપવાની સાથોસાથ પર્યાવરણનું જતન થાય અને લોકોને હરવા-ફરવા તથા તેમના સ્વાસ્થ્યની કાળજી પણ લેવાય તે માટે બાગ-બગીચાઓનું પણ નિર્માણ કરે છે. "



**- શ્રી ઉદયભાઈ કાનગડ**
**માન. ધારાસભ્યશ્રી,**
**વિધાનસભા-૬૮,**
**રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૪માં ૫૦ ફૂટ રોડ પર બનાવવામાં આવેલ ગાર્ડનનું લોકાર્પણ વિધાનસભા-૬૮ રાજકોટ પૂર્વના યુવા ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે મેયર ડૉ.પ્રદિપ ડવની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ધવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, બાગ બગીચા ચેરમેન અનિતાબેન ગોસ્વામી, કોર્પોરેટર કંકુબેન ઉઘરેજા, નયનાબેન પેઢડીયા, પરેશભાઈ પીપળીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, વોર્ડ નં. ૪ના પ્રમુખ સી.ટી. પટેલ, મહામંત્રી કાનાભાઈ ઉઘરેજા, દિનેશભાઈ ચૌહાણ, પૂર્વ ડે.મેયર વલ્લભભાઈ દુધાત્રા, અશ્વિનભાઈ મોલિયા, તેમજ આગેવાન દિલીપભાઈ બોરીચા, મયુરભાઈ ભમર, હિતેષભાઈ ગોહિલ, રણજીતસિંહ જાડેજા, રાજેશ્રીબેન માલવિયા, નયનાબેન માળી, કિશનભાઈ માણસુરીયા, ભરતભાઈ લીંબાસીયા, સંજયભાઈ ઉઘરેજા, રસિકભાઈ પટેલ, પરેશભાઈ લીંબાસીયા, અજયભાઈ લોખિલ, વિનોદભાઈ પેઢડીયા, જીલુભાઈ ગરમર, જીવણભાઈ સવસેટા, રામભાઈ બિહારી, અમિતભાઈ બરાસરા, વિનોદભાઈ પેઢડીયા, અનિલભાઈ તલાવિયા, ગૌતમભાઈ ગોસ્વામી, લાભભાઈ કુગસીયા, ભરતભાઈ બારોટ, ઠાકરશીભાઈ અકબરી, સંજયભાઈ ગોસ્વામી, ઘનશ્યામભાઈ વાંક, રવિભાઈ ગોહિલ, રાજભાઈ ડાંગર, મલ્કેશભાઈ પરમાર, મુકેશભાઈ પંચાલ, નરેશભાઈ ચૌહાણ, રાજભાઈ ડાંગર, અતુલભાઈ ટોપિયા, જેસિંગભાઈ રાઠોડ, વિક્રમભાઈ ડાંગર, જનકભાઈ કુંગસીયા, મોન્ટુભાઈ વિસરીયા, ભરતભાઈ ભખોડીયા, અશ્વિનભાઈ ગોસાઈ, ઉષાબેન મહેતા, હંસાબેન વાળા, રાજુભાઈ મકવાણા વગેરે ઉપસ્થિત રહેલ. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને પોતપોતાના વિસ્તારમાં હરવા ફરવા માટે નાના મોટા ૧૫૮ બગીચાઓ, સિનિયર સિટિઝન પાર્ક, બાલક્રિડાંગણ બનાવાયેલ છે.

## ગાર્ડનમાં ઉપલબ્ધ સુવિધાઓ

ગાર્ડન પ્લોટનો કુલ ચો.મી. વિસ્તાર અંદાજ ૧૦,૬૦૦ ચો.મી. છે. **(૧) મહિલા ગાર્ડનઃ-** આ ગાર્ડનનો વિસ્તાર ૩૧૪૦ ચો.મી. છે. જેમા પેરીફેરી વોકિંગ ટ્રેક, લેન્ડસ્કેપિંગ ગાર્ડન, મેડિટેશન ઝોન, ગઝેબો (રેસ્ટીંગ પોઈન્ટ) લાન પ્લાપ, ફલાવર બેડ, ફિઝિકલ ફિટનેશ ઝોન વિગેરે જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે. આ ગાર્ડન મહીલાઓ અને બાળકો માટે અનામત રાખવામાં આવેલછે. **(૨) થીમ પાર્ક ગાર્ડનઃ-** આ ગાર્ડનનો અંદાજ વિસ્તાર ૭૪૫૦ ચો.મી. છે. આ ગાર્ડનમાં જુદી જુદી થીમ પ્રમાણેના કન્ટુર લેન્ડસ્કેપિંગ, થીમ હેઝ(ફ્લાવર બેડ ટાઈપ રોપાની વેરાયટી પ્રમાણેની ગોઠવણી), રોક ગાર્ડન, વાઈડ વોક વે, ઈન્ટરનલ વોક વે, મલ્ટી પ્લે ઈક્વિપમેન્ટ, ગઝેબો(રેસ્ટીંગ પોઈન્ટ), પર્યાવરણ જતનના સૂત્રો વિગેરે જેવી સુવિધાઓ છે.

આ બંને ગાર્ડન વિકસીત કરી ત્રણ વર્ષ નિભાવણી કરવાનું અંદાજ ખર્ચ રૂ. ૬૩,૦૦,૦૦૦/- છે. આ બંને ગાર્ડનમાં બાલક્રિડાંગણના સાધનો તથા ફિઝિકલ ફિટનેશના સાધનો મુકવાનો ખર્ચ ૨૦,૦૦,૦૦૦/ છે. કુલ ખર્ચ ૮૩,૦૦,૦૦૦/- થયેલ છે.









# વોર્ડ નં.૨માં ગીતગુર્જરી સોસાયટીમાં નવનિર્મિત વોર્ડ ઓફિસનું લોકાર્પણ






વોર્ડ નં.૨ માં ગીતગુર્જરી સોસાયટીમાં નવનિર્મિત વોર્ડ ઓફિસનું તા. ૬-૧-૨૦૨૩ના રોજ વિધાનસભા-૬૯ના ધારાસભ્યશ્રી ડૉ. દર્શિતાબેન શાહના વરદ્ હસ્તે લોકાર્પણ કરાયું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર શ્રી ડૉ. પ્રદિપભાઈ ડવ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર, શાશક પક્ષ નેતા શ્રી વિનુભાઈ ઘવા, સ્થાયી સમિતિ સભ્ય તથા વોર્ડ નં.૦૨ના કોર્પોરેટર મનિષભાઈ રાડીયા તથા જયમીનભાઈ ઠાકર તથા વોર્ડ નં.૦૨ના કોર્પોરેટર મીનાબા જાડેજા વોર્ડ નં.૨ના પ્રભારી મનુભાઈ વઘાસીયા, વોર્ડ નં.૦૨ના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, વોર્ડ નં.૦૨ના મહામંત્રી દશરથભાઈ વાળા તથા ભાવેશભાઈ ટોયટા, રાજકોટ શહેર ભાજપ મંત્રી દીપાબેન કાચા, પૂર્વ કોર્પોરેટર જસુમતીબેન વસાણી, ધર્મેન્દ્રભાઈ મીરાણી, અનિલભાઈ મકવાણા, વોર્ડ અગ્રણીશ્રી અજયસિંહ જાડેજા, ગુલાબસિંહ જાડેજા, જયસુખભાઈ પરમાર, કૌશિકભાઈ અઢીયા, જે.ડી.ઉપાધ્યાય, નિલેશભાઈ તેરૈયા, પૃથ્વીસિંહ વાળા, જોરાવરસિંહ ઝાલા, જયરાજસિંહ જાડેજા, જય પંડયા, જેન્તીભાઈ બુધેલીયા, વિક્રમસિંહ જાડેજા, કમલેશભાઈ રાઠોડ, નરેન્દ્રસિંહ ગોહીલ, પારસભાઈ સોલંકી, બાબુભાઈ પટેલ, એડવોકેટ જસ્મીનભાઈ, રાજુભાઈ વિડજા, અતુલભાઈ નથવાણી, મીતભાઈ ગાંધી, પુષ્પકભાઈ જૈન, દિલીપભાઈ રવાણી, ગોપાલભાઈ ભુવા, ભરતભાઈ કાઠી, સંજયભાઈ મિયાત્રા, જયભાઈ દવે, ધવલભાઈ કાચા, પંકજભાઈ જોશી, હાર્દિકભાઈ વોરા, રવિભાઈ ડઢાણીયા, મહિલા મોરચા વોર્ડ ૨ના પ્રમુખ દેવ્યાનીબેન રાવલ, મહામંત્રી પલ્વીબેન ચૌહાણ, હર્ષિદાબા કનોજીયા, સીમાબેન અગ્રવાલ, ભાવનાબેન ચતવાણી, માધવીબેન ઉપાધ્યાય, દુર્ગાબેન રાજયગુરૂ, અનસુયાબેન પરમાર, ભાવનાબેન પોપટ તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહેલ.

## નવનિર્મિત વોર્ડ ઓફિસથી લોકોની સુવિધામાં વધારો

વોર્ડ નં.૨માં રૂ.૫૫.૨૩ લાખના ખર્ચે નવનિર્મિત વોર્ડ ઓફિસનો બિલ્ટ અપ એરિયા ૪૨૦.૪૫ ચોમી. છે જેમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં વેઈટિંગ રૂમ, કેશ વિન્ડો, ટેક્ષ સ્ટાફ રૂમ, વોર્ડ ઓફિસર રૂમ, વોડ એન્જીનીયર રૂમ અને ટેકનિકલ સ્ટાફ રૂમ તેમજ ફર્સ્ટ ફ્લોર પર મીટિંગ હોલ, પેન્ટ્રી તથા એક રૂમ વિગેરે અદ્યતન સુવિધા આપવામાં આવેલ છે. આ અદ્યતન સુવિધાયુક્ત વોર્ડ ઓફિસને લીધે ગીત ગુજરી સોસાયટી, શ્રીજી નગર, અશોક સોસાયટી, ચંદ્ર નગર, હરી પાર્ક, નરશીનગર, જયગીત સોસાયટી, છોટુનગર, અલકાપુરી, વિગેરે વિસ્તારના રહેવાસીઓને આ વોર્ડ ઓફિસથી રાજકોટ મહાનગરપાલિકા લગત કામગીરીનો લાભાર્થીને લાભ મળી શકશે.

"રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોની સુખાકારીમાં વૃદ્ધિ કરવા માટે અનેકવિધ પ્રોજેક્ટ અને યોજનાઓ અમલમાં મુકવામાં આવે છે. સાથોસાથ લોકોને વહિવટી કામમાં સરળતા રહે તે માટે જે-તે વોર્ડમાં જ વોર્ડ ઓફિસ કાર્યરત છે, જ્યાં નાગરિકોને તેમના મહત્ત્વપૂર્ણ એવા તમામ કાર્યની સેવા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે."



**- ડૉ. દર્શિતાબેન શાહ**
**માન. ધારાસભ્યશ્રી,**
**વિધાનસભા-૬૯,**
**રાજકોટ**





# નવનિર્મિત પી.જે.એન. લાઈબ્રેરીનું લોકાર્પણ





તા.૦૮/૦૬/૨૦૨૩ના રોજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૭, શાળા નં.૨માં રૂ.૧.૨૫ કરોડના ખર્ચે નવિનીકરણ પામેલ શ્રીમતિ પ્રભાદેવી જે.નારાયણ લાઈબ્રેરીનું લોકાર્પણ વિધાનસભા-૭૦ના માન. ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળાના વરદ્ હસ્તે કરાયું. જ્યારે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી દ્વારા રીબીન કટ કરી લાઈબ્રેરીનું ઉદ્ઘાટન કરાયું. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને મેયર ડૉ. પ્રદિપ ડવ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ડે. મેયર કંચનબેન સિધ્ધપુરા, ઈ.ચા. કમિશનર શ્રી અનિલ ધામેલિયા, નાયબ કમિશનર ચેતન નંદાણી, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, કોર્પોરેટર દેવાંગભાઈ માંકડ, ડૉ. નેહલભાઈ શુક્લ, વર્ષાબેન પાંધી, વોર્ડના પ્રભારી પ્રતાપભાઈ વોરા, પ્રમુખ રમેશભાઈ દોમડીયા, મહામંત્રી અનિલભાઈ લીંબડ, રાજુભાઈ મુંધવા, સિટી એન્જી. એચ. એમ. કોટક, લાઈબ્રેરીયન આરદેશણા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કેનાલ રોડ પર આવેલ શ્રીમતી પ્રભાદેવી જે.નારાયણ પુસ્તકાલય ઘણા વર્ષો જુનું બિલ્ડીંગ હતું જેથી શાળા નં.૨ના બિલ્ડીંગનું રૂ.૧.૨૫ કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવેલ છે.જેમાં આશરે ૭૪૦ ચો.મી.નું આર.સી.સી.બાંધકામ ધરાવતી વિશાળ જગ્યામાં લાઈબ્રેરીનું નવનિર્માણ કરવામાં આવેલ છે.






**આ લાઈબ્રેરીમાં ૩૨૦૦૦ પુસ્તકો, ૭૦૦૦ મલ્ટી મીડિયા, ૧૫૦ મેગેઝિન, ૧૮ અખબારો, ૧૫૦૦ રમકડા, ગેઈમ્સ અને પઝલ્સ છે : ૪૫૦૦ જેટલા લોકો સભ્યપદ ધરાવે છે.**



"વાંચનપ્રેમી જનતાને સમૃધ્ધ સાહિત્ય સામગ્રી ઉપલબ્ધ થાય અને 'વાંચે ગુજરાત' અભિયાન પણ આગળ ધપે તે માટે રાજકોટ મહાનગરપાલિકા નવી નવી અદ્યતન લાઈબ્રેરી બનાવી યોગદાન આપે છે તે આનંદની વાત છે."

- શ્રી રમેશભાઈ ટીલાળા,
માન. ધારાસભ્યશ્રી, વિધાનસભા-૭૦

## લાઈબ્રેરીની સેવાઓ

- ચિલ્ડ્રન ટોયઝ લાઈબ્રેરી
- બાળ સાહિત સંગ્રહ
- સ્ટુડન્ટ સ્ટડી કોર્નર
- બહેનો માટે સાહિત્ય સંગ્રહ
- પુસ્તક આપ-લે સેવા
- વાઈફાઈ સેવા
- ઓનલાઈન પબ્લિક એક્સેસ
- કરન્ટ એક્સેસ સર્વિસ
- રેડી રેફરન્સ સર્વિસ
- જનરલ વાંચનાલય સેવા
- વિદ્યાર્થી વાંચનાલય સેવા (બહેનો તથા ભાઈઓ માટે અલગ વ્યવસ્થા)
- મેગેઝિન કલબ સેવા
- ડિજિટલ લાઈબ્રેરી સેવા
- ઈન્ટરનેટ સર્ચ સેવા

## લાઈબ્રેરીમાં પુસ્તકો અને મલ્ટિ મીડિયા

| પુસ્તકો | મલ્ટિ મીડિયા |
|---|---|
| નવલકથા | જનરલ |
| નવલિકા | ભાષાઓ |
| સાહિત્ય | સાયન્સ ટેકનોલોજી |
| ફિલોસોફી | મેડિકલ સાયન્સ(આરોગ્ય) |
| ધર્મ | રેસિપી કલાઓ |
| સામાજિક શાસ્ત્ર | મ્યુઝિક, ગીત |
| ભાષાઓ | બાળ ફિલ્મ, કાર્ટૂન |
| વિજ્ઞાન | ગુજરાતી સાહિત્ય |
| ટેકનોલોજી | ગુજરાતી નાટક |
| કલાઓ | ઈતિહાસ |
| ભૂગોળ | ભારતીય ઈતિહાસ |
| ઈતિહાસ | પ્રવાસ |
| જીવન ચરિત્ર | ભૂગોળ |
| બાળ સાહિત્ય | કોમ્પ્યુટર એજ્યુકેશન |
| સ્ત્રી વિષયક સાહિત્ય | ગુજરાતી, અંગ્રેજી, હિન્દી ફિલ્મ |
| સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી સાહિત્ય | ટી.વી.સિરિયલ |

# ભગવતીપરામાં નિર્માણ પામી રહેલ હાયર સેકન્ડરી સ્કૂલ




રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત હાઈસ્કૂલો તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં છાત્રોને પર્યાપ્ત સુવિધાઓ ઉપલબ્ધ બને તે માટે ક્રમશઃ શાળા બિલ્ડિંગના નવિનીકરણ કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત ભગવતીપરા હાયર સેકન્ડરી સ્કૂલ બિલ્ડિંગ ૨૯૦૦૦ ચો.મી.ના પ્લોટ એરિયામાં રમત ગમતના મેદાન સાથે ૩૧૬૦ ચો.મી. બિલ્ડિંગ એરિયામાં કુલ ૨૫૨૦ ચો.મી.ના બાંધકામમાં ૫૦ રૂમ તથા કેન્ટીન, બેડમિન્ટન કોર્ટ વગેરેનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે. જેનો ખર્ચ આશરે રૂ.૧૯૦૦.૦૦ લાખ થવા જાય છે. આ વિસ્તારના આશરે ૨૦૦૦ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણનો લાભ મળશે. આ બિલ્ડિંગમાં વિવિધ સુવિધાઓ આપવામાં આવેલ છે.

### સ્કૂલમાં ઉપલબ્ધ થનાર સુવિધાઓ

| | | |
|---|---|---|
| ક્લાસરૂમ -૨૯ | વોટર રૂમ -૪ | કેશ એકાઉન્ટ-૧ |
| લાઈબ્રેરી -૧ | સ્ટાફ રૂમ -૨ | કેન્ટીન રૂમ + કિચન -૧ |
| ઈ લાઈબ્રેરી -૧ | એક્ટિવિટી રૂમ -૨ | બેડમિંટન કોર્ટ -૧ |
| લેબ -૧ | ચિલ્ડ્રન ટોય રૂમ -૧ | ટેબલ ટેનિસ -૧ |
| કોમ્પ્યુટર લેબ - ૧ | કાઉન્સિલિંગ રૂમ -૧ | વોલીબોલ કોર્ટ -૧ |
| ટોઈલેટ -૪ | એડમિનિસ્ટ્રેશન રૂમ -૧ | કબડ્ડી ગ્રાઉન્ડ -૧ |
| મીટિંગ રૂમ -૧ | પ્રિન્સિપલ ઓફિસ -૧ | એથ્લેટિક ટ્રેક -૧ |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા અંગ્રેજી માધ્યમ શાળાઓમાં પ્રવેશ માટે ડ્રો યોજાયો



રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા રાજકોટની SNK ગૃપના અને JHP ફાઉન્ડેશનના સહયોગથી ચાલતી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં વર્ષ ૨૦૨૩-૨૪ માટે નર્સરીમાં પ્રવેશ માટે આજે તા.૦૪/૦૮/૨૦૨૩ના રોજ કાર્યક્રમ મેયર ડૉ. પ્રદિપ ડવના અધ્યક્ષ સ્થાને યોજાયો.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, ડેપ્યુટી મેયર કંચનબેન સિધ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વીરેન્દ્રસિંહ ઝાલા, માધવભાઈ દવે, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, કોર્પોરેટર ચેતનભાઈ સુરેજા, નીતિનભાઈ રામાણી, નિરૂભા વાઘેલા, ડૉ.દર્શનાબેન પંડ્યા, રસીલાબેન સાકરીયા, કંકુબેન ઉઘરેજા, દક્ષાબેન વસાણી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી કિરીટસિંહ પરમાર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નવનિયુક્ત સભ્ય શ્રી ઈશ્વરભાઈ જીતિયા, વિક્રમભાઈ પૂજારા, હિતેશભાઈ રાવલ, વિક્રમસિંહ જાડેજા, વિરમભાઈ સાંબડ, રસિકભાઈ બદ્રકિયા, પ્રવિણકુમાર નિમાવત, અજયભાઈ પરમાર, સુરેશભાઈ રાઘવાણી, જયદીપભાઈ જલુ, જગદીશભાઈ ભોજાણી, રાજેશભાઈ માંડલીયા, સંગીતાબેન છાયા, જાગૃતિબેન ભાણવડીયા તેમજ નર્સરીના પ્રવેશ માટેના લાભાર્થી બાળકો તેમજ વાલીઓ બહોળી સંખ્યામાં હાજર રહેલ.

# ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ની ઉજવણી
# મહાત્મા ગાંધી જયંતી નિમિતે ગાંધી ધૂન








બીજી ઓક્ટોબર મહાત્મા ગાંધી જયંતી તથા ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાતથા પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે મેયર ડૉ. પ્રદિપ ડવના અધ્યક્ષ સ્થાને ગાંધીધૂન કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ડે. મેયર ડો.દર્શિતાબેન શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી અમિત અરોરા, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી જીતુભાઈ કોઠારી, નરેન્દ્રસિંહ ઠાકુર, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અતુલભાઈ પંડિત, ડે. કમિશનર આશિષ કુમાર. ચેતન નંદાણી, એ.આર.સિંહ, શહેરના સ્વાતંત્ર્ય સેનાના પરિવારજનો, ગાંધીવાદીઓ, કોર્પોરેટરશ્રીઓ તથા શહેરના આગેવાનો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં મંચસ્થ મહાનુભાવો દ્વારા દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું, જયારે ડે. કમિશનર નંદાણી દ્વારા પુસ્તકો આપી મહાનુભાવોનું સન્માન કરવામાં આવેલ હતું. કાર્યક્રમના અંતે ડે. મેયર ડૉ. દર્શિતાબેન શાહ દ્વારા આભાર દર્શન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં જાણીતા કલાકાર આદિત્ય ગઢવી દ્વારા ગાંધીજીનું પ્રિય ભજન ‘વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે’, ઝવેરચંદ મેઘાણીની કૃતિ ‘શિવાજીનું હાલરડું’, ‘કસુંબીનો રંગ’ તથા ‘મન મોર બની થનગાટ કરે’ અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરની કૃતિ ‘એકલા ચલો એકલા ચલો’ સહિત અનેક ભજનો તથા ગીતો રજુ કરાયા હતા.

# પ્લોગિંગ રન, સાઈકલોથોન અને વોકેથોન કાર્યક્રમ યોજાયા











બીજી ઓક્ટોબર મહાત્મા ગાંધી જયંતી તથા “આઝાદી કા અમૃત મહોત્સવ” અંતર્ગત કલીન ઈન્ડિયા અભિયાન અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લોગિંગ રન, સાઈકલોથોન અને વોકેથોન કાર્યક્રમ મેયર ડૉ .પ્રદિપ ડવના અધ્યક્ષ સ્થાને યોજાયો. આ પ્રસંગે ડે. મેયર ડૉ. દર્શિતાબેન શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી અમિત અરોરા, સેનિટેશન સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, ચેતનભાઈ સુરેજા, ડે. કમિશનરશ્રી આશિષ કુમાર, ચેતન નંદાણી, એ. આર. સિંઘ, રાજકોટ સાઈકલ કલબના પ્રમુખ દિવ્યેશભાઈ જસાણી, ફાઉન્ડર દિવ્યેશ અઘેરા, સેક્રેટરી ઉર્વીશ સોલંકી, અને રાજકોટ રેન્ડોયર્સના વિજયભાઈ દોંગા, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના રિજયોનલ મેનેજર કે. પાર્થ સારથી નાયડુ, તથા તેમની ટીમ બીજી ઓક્ટોબરે સવારે ૦૬:૩૦ કલાકે શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી, રેસકોર્ષ ખાતે પ્લોગિંગ રન, સાઈકલોથોન અને વોકેથોન યોજાયો. જેમાં પદાધિકારીશ્રીઓ તથા કોર્પોરેટરશ્રીઓ, અધિકારીઓ, કર્મચારીઓ અને આ ત્રણેય ઈવેન્ટમાં ભાગ લેનાર શહેરીજનો ઉપસ્થિત રહ્યા.

સાઈકલોથોનમાં ૨૦૦ થી વધુ તેમજ વોકેથોનમાં ૧૫૦થી વધુ લોકોએ ભાગ લીધો તેમજ પ્લોગિંગ રનમાં ૨૦૦ થી વધુ લોકોએ ભાગ લીધેલ.

રોટરી ઈન્ટરનેશનલ કલબ દ્વારા રાજકોટ સાઈકલ કલબ અને રાજકોટ મહાનગરપાલિકાના સયુંકત ઉપક્રમે વર્ચ્યુઅલ સાયકલોથોન યોજવામાં આવેલ આ સાઈકલોથોનમાં ૨૨ થી વધુ દેશોમાંથી ૧૪ હજારથી વધુ લોકોએ ભાગ લીધેલ. આ યુનિટના કારણે વર્લ્ડ રેકોર્ડમાં નોંધણી થયેલ અને તેમનું પ્રમાણપત્ર આપવામાં આવેલ. સાઈકલ કલબના નિકેતા માટલીયા, નીતા મોટલા, પ્રશાંત કક્કડ તથા પ્રતિક સોનેજી દ્વારા મેયર ડૉ.પ્રદિપ ડવને આ પ્રમાણપત્ર અર્પણ કરાયેલ.

# PMSVANidhi યોજનાના લાભાર્થીઓ સાથે સાતથી વધુ સ્થળે ફેરિયાઓ સાથે સંવાદ યોજાયો

# રાજકોટમાં ૧૭૧૯૦ શેરી ફેરિયાઓને લોન મળી



તા.૧૧/૦૮/૨૦૨૩

ભારત સરકારશ્રી દ્વારા શેરી ફેરિયાઓ માટે PMSVANidhi (PM Street VendorsAtma NirbharNidhi) યોજના મારફત શેરી ફેરિયાઓ તેઓની આજીવિકા પુનઃ સ્થાપિત કરી આત્મનિર્ભર બને તે હેતુસર માન. વડાપ્રધાનશ્રી દ્વારા આ યોજના જાહેર કરવામાં આવેલ છે. જેમાં શેરી ફેરીયાઓને તેમનો વ્યવસાય પુનઃ શરૂ કરી શકે તે હેતુથી તબક્કાવાર વર્કીંગ કેપિટલ લોન સિક્યુરિટી વિના બેંકો મારફત આપવામાં આવે છે. સરકારશ્રીના માર્ગદશનમાં પી.એમ. સ્વનિધિ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને માનનીય મેયરશ્રી ડૉ.પ્રદિપ ડવ, માન.ડેપ્યુટી મેયરશ્રી કંચનબન સિધ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પુષ્કરભાઇ પટેલ, માન. કમિશનરશ્રી આનંદ પટેલ, નેતા, શાસક પક્ષ શ્રી વિનુભાઈ ઘવા, દંડક શ્રી સુરેન્દ્રસિંહ વાળા, ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે માનનીય મેયરશ્રી દ્વારા પ્રાસંગિક ઉદબોધનમાં જણાવેલ કે છેવાડા માનવી સુધી આ યોજનાનો લાભ મળે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે શહેરી શેરી ફેરિયાઓએ વધારે વ્યાજ ન ભરવું પડે તેમજ વ્યાજના ચક્કરમાં ન ફસાય અને ઓછા વ્યાજ દરે આ લોન પ્રાપ્ત થાય છે. સાથોસાથ પી.એમ સ્વનિધિ યોજનાની લોન મેળવેલ લાભાર્થીઓની આર્થિક સ્થિતિ સધ્ધર બને તે દિશામાં કામગીરી સાચા લાભાર્થીઓને લાભ મળે તે માટે થઇ રહી છે. આ પ્રસંગે માન.મેયરશ્રીએ લાભાર્થીઓ સાથે સંવાદ કરતા ફેરિયાઓ લોનથી તેમના પરિવારમાં થયેલ ઉન્નતીની વાતો જણાવતા ભાવુક બન્યા હતા. માન. કમિશનરશ્રીએ કહ્યું હતું કે, શહેરી શેરી ફેરિયાઓની આ લોન દ્વારા તેમની આજીવિકાનું ધોરણ ઉચું આવે તેવી માન. વડાપ્રધાનશ્રીની હૃદયની લાગણી છે. આ લોન યોજના સાથે સરકારશ્રીની અન્ય ૮ સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ પણ આપવામાં આવે છે. માન. ડેપ્યુટી મેયરશ્રીએ જણાવેલ કે દેશની તમામ મહિલાઓના સાર્વગિક વિકાસ માટે માન.વડાપ્રધાનશ્રી સતત ચિંતિત છે અને બહેનોના વિકાસ માટે હરહંમેશ પ્રયત્નશીલ છે. કાર્યક્રમની શરૂઆતમાં શાબ્દિક પ્રવચન સહાયક કમિશનરશ્રી વી.એસ.પજાપતિ દ્વારા કરવામાં આવેલ હતું.




આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દ્વારા શહેરી શેરી ફેરિયાઓ સાથે સંવાદ યોજવામાં આવેલ તથા મહાનુભાવોના હસ્તે શહેરી શેરી ફેરિયાઓને પરિચય બોર્ડનું વિતરણ કરવામાં આવેલ હતું તેમજ ગુજરાત રાજ્ય માટીકામ કલાકારી વોર્ડ દ્વારા આયોજિત બેગ મેકિંગની તાલીમ પામેલ બહેનોને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવેલ. જેમાં તા.૧૦-૦૮-૨૦૨૩ના રોજ રાજકોટ શહેરના અલગ અલગ ૬ વોર્ડોમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં રાજકોટ શહેરના કોર્પોરેટરો, આગેવાનો, કાર્યકતાઓ, વોર્ડ ઓફિસરો, વોર્ડ એન્જીનીયરો જોડાયા હતા. જેમાં અંદાજે ૧૬૮ શેહેરી શેરી ફેરીયાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ફેરિયાઓની તબક્કાવાર ઓનલાઇન અરજીઓ કરાવવાથી લઈને લોન મંજુર થાય ફેરિયાઓ ઓન બોર્ડીંગ થાય વધુને વધુ ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરતા થાય તે માટે પ્રયત્નો કરવામાં આવે છે. તથા દર ગુરુવારે માન. કમિશનર શ્રી આનંદ પટેલ, માન. નાયબ કમિશનર શ્રી સી.કે. નંદાણીના અધ્યક્ષ સ્થાને લીડ બેંક તથા તમામ બેંક રિજિયોનલ હેડ સાથે મીટિંગનું આયોજન કરી લાભાર્થીને સરળતાથી લોન મળે તે માટે સકારાત્મક પ્રયત્નો કરવામાં આવે છે.જેના ભાગરૂપે અત્યાર સુધી કુલ ૧૩૪૧૬ શેરી ફેરિયાઓને રૂ.૧૦,૦૦૦/-ની લોન, ૩૩૯૯ શેરી ફેરિયાઓને રૂ.૨૦,૦૦૦/-ની અને ૩૭૫ શેરી ફેરિયાઓને રૂ.૫૦,૦૦૦/-ની લોન આમ કુલ ૧૭૧૯૦ શેરી ફેરિયાઓને બેંકો મારફત લોન આપવામાં આવેલ છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોમ્યુનિટી ઓર્ગેનાઇઝર શ્રી ડી.આર.આગરીયા દ્વારા કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સહાયક કમિશનરશ્રી વી.એસ.પ્રજાપતિનાં માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ શાખા દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

રાજકોટ મહાનગરપાલિકા પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (PMSVANidhi) યોજના ભારત સરકારશ્રી દ્વારા COVID-19થી અસરગ્રસ્ત શેરી ફેરિયાઓ માટે PMSVANidhi (PM Street Vendors AtmaNirbhar Nidhi) યોજના થકી તેઓની આજીવિકા પુનઃસ્થાપિત કરી શકે તે હેતુથી વર્કિંગ કેપિટલ લોન મળી રહે તે માટે આ યોજના અમલીકૃત છે. આ યોજના હેઠળ પ્રથમ તબક્કામાં રૂ.૧૦,૦૦૦/- તથા પ્રથમ લોન પૂર્ણ થયેલ લાભાર્થીઓને બીજા તબક્કામાં રૂ.૨૦,૦૦૦/- સુધી અને ત્રીજા તબક્કામાં રૂ.૫૦,૦૦૦/- સુધી વર્કિંગ કેપિટલ લોન સિક્યુરિટી વિના બેંકો મારફત આપવામાં આવે છે. આ યોજના હેઠળ લોન મેળવનાર અને નિયમિત હપ્તા ભરનાર તમામ લાભાર્થીઓને વ્યાજમાં ૭% સબસિડીનો લાભ સરકારશ્રી તરફથી મળે છે. આ યોજના હેઠળ ઓનલાઇન ડિજિટલ ટ્રાન્જેક્શનને વેગ મળે તે હેતુથી લાભ લીધેલ લાભાર્થીઓને પ્રતિ ટ્રાન્જેક્શન રૂ.૧ મુજબ માસિક મહતમ રૂ.૧૦૦ કેશબેક આપવામાં આવે છે. જે અંતર્ગત કુલ રૂ.૭,૭૮,૬૫૩/-નું કેશબેક લાભાર્થીઓને આપવામાં આવેલ છે.

તેમજ 'સ્વનિધિ સે સમૃદ્ધિ' અંતર્ગત PMSVANidhi યોજનાના ૧૦૯૨૬ શેરી ફેરિયાઓ અને તેમના ૨૪,૮૪૯ પરિવારના સભ્યો એમ કુલ મળી ૩૫,૭૭૫ લાભાર્થીઓ માટે સરકારશ્રીની નીચે મુજબની વિવિધ યોજનાનો લાભ મળી રહે તે માટે સામાજિક આર્થિક મૂલ્યાંકનની ઓનલાઇન પ્રોફાઈલિંગ કામગીરી કરવામાં આવેલ છે.જેમાં ૧. પ્રધાનમંત્રી જનની સુરક્ષા યોજના. ૨. પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના. ૩. વન નેશન વન રેશન કાર્ડ. ૪. પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજના. ૫. પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના. ૬. પ્રધાનમંત્રી જન ધન યોજના. ૭. પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજના. ૮. મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓનું રજીસ્ટ્રેશન યોજનાનો સમાવેશ થાય છે.

રાજયના શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના માન.કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના વરદ્ હસ્તે

# ઈલેક્ટ્રિક બસનો શુભારંભ



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૮/૧૦/૨૦૨૧, શુક્રવારના રોજ રાજયના શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના માન. કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના વરદ્ હસ્તે જિલ્લા ગાર્ડન ખાતે શ્રી પૃથ્વીરાજ ચૌહાણ પ્રાથમિક શાળા નં.૪૮ના નવનિર્મિત બિલ્ડીંગનું લોકાર્પણ, ઇલેક્ટ્રિક બસનો શુભારંભ, EWS-1 અને MIG-1 આવાસોનો ફાળવણી ડ્રો મેયર શ્રી ડૉ. પ્રદિપ ડવના અધ્યક્ષ સ્થાને યોજાયેલ.

આ પ્રસંગે સાંસદ મોહનભાઈ કુંડારિયા, રાજ્ય સભાના સાંસદ રામભાઈ મોકરીયા, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ચેરમેન ધનસુખભાઈ ભંડેરી, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, બક્ષી પંચ મોરચા અધ્યક્ષ ઉદયભાઈ કાનગડ, ડે. મેયર ડૉ.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન અતુલભાઈ પંડિત, બાંધકામ સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ તથા હાઉસિંગ સમિતિ ચેરમેન વર્ષાબેન રાણપરા, પુર્વ મેયર ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, પુર્વ મેયર રક્ષાબેન બોળીયા, કોર્પોરેટર અને પુર્વ ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર, કિશોરભાઈ રાઠોડ, શહેર ભાજપ ઉપપ્રમુખ વીરેન્દ્રસિંહ ઝાલા, શહેર ભાજપ મંત્રી જ્યોત્સનાબેન હળવદીયા, કોર્પોરેટર વોર્ડ નં.૧૪ નિલેશભાઈ જલુ, ભારતીબેન મકવાણા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સભ્ય કિશોરભાઈ પરમાર, વોર્ડ નં.૧૪ના પ્રભારી હસુભાઈ ચોવટીયા, પ્રમુખ હરિભાઈ રાતડીયા, મહામંત્રી વિપુલભાઈ માખેલા, નરેન્દ્રભાઈ કુબાવત વિગેરે ઉપસ્થિત રહેલ.

મંત્રીશ્રીએ જણાવેલ કે, ‘‘ઘરનું ઘર’’ મળવું તે નાનીસૂની વાત નથી. ઘરનું ઘર થાય એટલે દીકરા દીકરીના વેવિશાળની શરૂઆત થાય. સરકાર દ્વારા પારદર્શક ડ્રો પધ્ધતિથી ગરીબોના અને ઘરવિહોણા લોકોના સ્વપ્નને સાકાર કરતા આવાસની ફાળવણી કરવામાં આવી રહી છે. રાજકોટમાં નવી ઈ-બસ શરૂ થઇ રહી છે ત્યારે રાજકોટ શહેર સ્માર્ટ સિટી બનવા ભણી વધુ એક કદમ માંડી રહ્યું છે. મારૂ સ્કેચ તૈયાર કરનાર બાળકોને અભિનંદન પાઠવું છુ અને તેમની કલાને બિરદાવુ છુ.

કાર્યક્રમમાં માન. શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના વરદ્ હસ્તે એવોર્ડ વિજેતા શિક્ષકો રાષ્ટ્રીય કક્ષાએ વનિતાબેન રાઠોડ, રાજ્ય કક્ષાએ ડૉ.સોનલબેન ફળદુ, જિલ્લા કક્ષાએ શિલ્પાબેન ડાભીનું સન્માન કરવામાં આવેલ તથા શાળાના વિદ્યાર્થીઓ દ્વારા માન.મંત્રીશ્રીને સ્કેચ ચિત્ર અર્પણ કરેલ.

શાળા નં.૪૮ના પૂર્વ વિદ્યાર્થી અને હાલમાં મેડિકલમાં અભ્યાસ કરતા રિદ્ધિ મકવાણા તથા મોહિત મકવાણાનું પણ સન્માન કરેલ. રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ તથા મ્યુનિ. કમિશનરશ્રી દ્વારા માન. શિક્ષણ મંત્રીશ્રીનું મોમેન્ટો તથા બુકે આપી, સ્વાગત કરવામાં આવેલ.

## પ્રા. શાળા નં.૪૮ના નવનિર્મિત બિલ્ડીંગનું લોકાર્પણ અને આવાસ ફાળવણી ડ્રો પણ યોજાયા








# પોલેન્ડના Katowice શહેરમાં યોજાયેલ ‘‘વર્લ્ડ અર્બન ફોરમ’’માં મેયર ડૉ. પ્રદિપ ડવે ભાગ લીધો

## રાજકોટ મહાનગરપાલિકાનો ક્લાઈમેટ રેઝિલિયન્ટ એકશન પ્લાન રજુ કર્યો




પોલેન્ડના Katowice શહેરમાં આયોજિત World Urban Forum-11માં, Swiss Agency for Development and Cooperation (SDC) દ્વારા સમર્થિત CapaCITIES પ્રોજેકટના પરિસંવાદ‘‘ટ્રાન્સફોર્મિંગ અવર સિટીઝ ફોર એ ક્લાઈમેટ રેઝિલિયન્ટ ફ્યુચર’’માં રાજકોટ મેયર ડૉ. પ્રદિપ ડવે શહેરમાં ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટે લેવાયેલ પગલાંઓ તેમજ રાજકોટ શહેરે આંતરરાષ્ટ્રીય સ્તરે મેળવેલ સિદ્ધિઓ વિષે માહિતી આપેલ. World Urban Forum ૧૧નું આયોજન UN-Habitat, પોલેન્ડના Ministry of Development Funds and Regional Policy તેમજ Municipal Office of Katowice દ્વારા કરવામાં આવેલ. Sustainable શહેરીકરણની વૈશ્વિક પરિષદ World Urban Forum-11માં ૧૭૦ દેશોમાંથી ૨૦,૦૦૦થી વધુ લોકોએ નોંધણી કરાવેલ. આ પરિષદના ૫ દિવસ દરમ્યાન વિશ્વના પ્રત્યેક ખૂણેથી આવેલ અનુભવી આગેવાનોએ ‘‘વધુ સારા શહેરી ભવિષ્ય માટે અમારા શહેરોનું પરિવર્તન’’ની થીમ પર વિવિધ પરિષદ તેમજ પરિસંવાદમાં પોતાના વિચારો અને સૂચનોને રજુ કરેલ.

World Urban Forum-11માં ભારત સરકારે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ અર્બન અફેર્સ(NIUA) સાથે ભાગીદારીમાં વિવિધ વિષયો ઉપર ચર્ચાઓનું આયોજન કરેલ, જેમાં ભારતના શહેરો થકી લેવાઈ રહેલ નવીન પગલાંઓને પરિષદ તેમજ પરિસંવાદ થકી રજુ કરવામાં આવેલ. જેનો મુખ્ય આધાર શહેરી આબોહવાના પડકારો અને તેને લગત કાર્યવાહી, આબોહવામાં સુધારો કરવા માટેની જરૂરી ક્રિયા માટેના ભંડોળ માટેના સહયોગી પ્રયાસો, શહેરી આયોજન અને ડિઝાઈનને પ્રત્યેક નાગરિક માટે સમાવિષ્ટ અને ટકાઉ બનાવવી અને તેના થકી શહેરોમાં અપેક્ષિત પરિવર્તનો પર પરામર્શ કરવાનો હતો જે માટે મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ(MoHUA) તેમજ અન્ય વિવિધ ઈન્સ્ટિટ્યુટના પ્રતિનિધિઓ પણ તા. ૨૬ જુનથી તા. ૩૦ જુન’૨૦૨૨ દરમ્યાન પોલેન્ડના Katowice શહેરમાં World Urban Forum-11માં હાજર રહેલ.

આ સંદર્ભમાં CapaCITIES પ્રોજેકટને એક સત્ર દરમ્યાન તેમનું કાર્ય દર્શાવવા માટે કહેવામાં આવેલ. CapaCITIES પ્રોજેકટ અંતર્ગત સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ એન્ડ કોઓપરેશન (SDC)દ્વારા ક્લાઈમેટ રેઝિલિયન્ટની દિશામાં કામ કરવા માટે કુલ ૮ શહેરોને સપોર્ટ મળી રહેલ છે. જેમાં ગુજરાત રાજ્યના ૩ શહેરો(અમદાવાદ, રાજકોટ તથા વડોદરા), તમિલનાડુ રાજ્યના ૩ શહેરો, રાજસ્થાન રાજ્યના ૧ શહેર તથા પશ્ચિમ બંગાળ રાજ્યમાંથી ૧ શહેરનો સમાવેશ કરવામાં આવેલ છે. રાજકોટ શહેર ૨૦૧૬થી CapaCITIES પ્રોજેકટનો ભાગ રહેલ છે અને રાજકોટમાં લેવાયેલ ક્લાઈમેટ રેઝિલિયન્ટ પ્રોજેક્ટ્સની નોંધ લઈને રાજકોટના મેયર ડૉ. પ્રદિપ ડવને ૩૦મી જુન, ૨૦૨૨ના રોજ પોલેન્ડના Katowice શહેરમાં આયોજિત World Urban Forum-11માં GoIના પેવેલિયનમાં રાજકોટ શહેરની સિદ્ધિઓ અને તે મેળવવા માટે શહેરમાં લેવાયેલ પગલાંઓ વિષે બોલવા માટે આમંત્રણ આપવામાં આવેલ. રાજકોટ મેયરશ્રી આ ફોરમમાં આમંત્રણ મેળવનાર ભારતના એક માત્ર મેયર હતા.

રાજકોટના માનનીય મેયર ડૉ. પ્રદિપ ડવ દ્વારા આ સત્રમાં શહેર માટે બનાવેલ ‘‘ક્લાઈમેટ રેઝિલિયન્ટ સિટી એકશન પ્લાન’’ તેમજ તેમાં સમાવિષ્ટ ગ્રીન હાઉસ ગેસ(GHG) એમિશન ઈન્વેન્ટરીને વિષે માહિતી આપેલ. મેયરશ્રીએ જણાવેલ કે, ગ્રીન હાઉસ ગેસ(GHG) એમિશન ઈન્વેન્ટરીને દર વર્ષે અપડેટ કરવામાં આવે છે અને શહેરમાં ગ્રીન હાઉસ ગેસ (GHG)નું ઉત્સર્જન ઓછું થાય તે માટે રેગ્યુલર પ્રોજેક્ટ પણ ઈમ્પ્લીમેન્ટ કરવામાં આવે છે. ક્રિટિકલ અર્બન સેક્ટર્સ જેવા કે, એનર્જી, ટ્રાન્સપોર્ટ, હાઉસિંગ, વેસ્ટ, વોટર તથા ડ્રેનેજ મેનેજમેન્ટ માટે કરવામાં આવી રહેલ કામગીરી વિષે તેમણે માહિતી આપેલ.

રાજકોટ શહેરે આંતરરાષ્ટ્રીય સ્તરે કરેલ કામગીરી અને તે થકી મેળવેલ પુરસ્કાર જેવા કે, One Planet City Challenge(OPCC)માં રાષ્ટ્રીય વિજેતા અને Global Covenant of Mayors for climate and energyમાં બધા બેજીસ મેળવનાર પ્રથમ શહેર હોઈ તે અંગે પણ વિગતવાર માહિતી આપેલ. મેયરશ્રીને ગ્રીન જોબ્સ વિષય પર એક અન્ય સંવાદમાં પણ વક્તા તરીકે આમંત્રણ મળેલ. મેયરશ્રીએ રાજકોટમાં NULM થકી મહિલાઓના SHGમાં થઈ રહેલ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ વિષે જણાવ્યું હતું. આ સાથે શહેર ઈલેક્ટ્રિક વાહનની દિશામાં આગળ વધતું હોય, આવનાર સમયમાં ઈલેક્ટ્રિક વાહન સેક્ટરમાં અનેક રોજગારીનું ઉત્સર્જન થશે એમ જણાવેલ.

આ ફોરમમાં રાજકોટ મેયરશ્રીએ Executive Director, UN (United Nations) - Habitat, Ms. Maimunah Mohd Sharif સાથે મુલાકાત કરી હતી. મેયરશ્રીએ તેઓને રાજકોટ શહેરમાં Sustainable Development માટે લેવાઈ રહેલ વિવિધ પ્રોજેક્ટ્સ વિશે સંક્ષિપ્ત માહિતી આપેલ. રાજકોટમા લેવાઈ રહેલ પગલાંઓની નોંધ લઈ, રાજકોટને UN Habitatના Sustainable Development Goals(SDG) Citiesમાં જોડાવવા આમંત્રણ પણ આપવામાં આવેલ છે. રાજકોટના મેયરશ્રીએ Global Covenant of Mayors (GCoM)ના કો-મેનેજિંગ ડાયરેક્ટર Piero Remitti અને Andy Deacon સાથે મુલાકાત કરેલ. રાજકોટને તેના ક્લાઈમેટ રેસિલિયન્ટ એકશન માટે GCoM તરફથી badges મળેલ છે, જે badges મેળવનાર તે ભારતનું એક માત્ર શહેર છે. આ badgesનો હેતુ GCoM પહેલમાં શહેરની સહભાગિતાના વિવિધ તબક્કાઓમાં(પ્રતિબદ્ધતા, આયોજન, અમલીકરણ અને દેખરેખ) સિદ્ધિ અને પ્રગતિને પુરસ્કાર આપવાનો છે, રાજકોટની આ સિદ્ધિ માટે તેમણે અભિનંદન પાઠવેલ.

# દિવાળી પર્વ નિમિત્તે ધનતેરસે આતશબાજી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઘણા વર્ષોથી દિવાળીના તહેવારો નિમિત્તે આતશબાજીનું આયોજન કરવામાં આવે છે. આતશબાજીમાં અવનવા ફટાકડાઓના કારણે આકાશમાં અવનવી રંગબેરંગી રંગોળી જોવા મળે છે. તા.૨૨/૧૦/૨૦૨૨ શનિવાર ધનતેરસના શુભ દિવસે સાંજે ૦૭:૦૦ કલાકે માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ, રેસકોર્ષ ખાતે આતશબાજીનુ આયોજન કરવામાંઆવેલ, જેનું ઉદઘાટન માન. સંસદ સભ્ય તથા ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં માન. સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી, માન. ગુજરાત પ્રદેશ ભા.જ.પ. મહામંત્રીશ્રી વિનોદભાઈ ચાવડા, રાજ્યના વાહન વ્યવહાર નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસના માન. મંત્રીશ્રી અરવિંદભાઈ રૈયાણીની ઉપસ્થિતિમાં યોજાયો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર ડૉ. પ્રદિપ ડવ ઉપસ્થિત રહેલ.









આ પ્રસંગે સાંસદ મોહનભાઈ કુંડારીયા, સાંસદ રામભાઈ મોકરીયા, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર ડૉ. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, કલેકટરશ્રી અરૂણ મહેશ બાબુ, પોલીસ કમિશનરશ્રી રાજુ ભાર્ગવ, મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, જીતુભાઈ કોઠારી, નરેન્દ્રસિંહ ઠાકુર, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા સહિત બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહેલ. રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને મ્યુનિ. કમિશનરશ્રીએ માન. સંસદ સભ્ય તથા ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલનું રામદરબારની પ્રતિકૃતિ આપી સ્વાગત કર્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ ભવ્ય આતશબાજી આકાશી રંગોળીમાં બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. હજારોની સંખ્યામાં હાજર રહી નાગરિકોએ શાનદાર આતશબાજી માણી હતી. આ આતશબાજીમાં અવનવા ફટાકડાઓ ફોડી, ડી.જે. સાથે સૌનું મનોરંજન કરવામાં આવ્યું હતું.



# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧લી મે, ૨૦૨૨ ગુજરાત રાજ્ય સ્થાપના દિનની ઉજવણી નિમિતે




## રાજકોટમાં ઈન્ડિયન આઈડોલના સિંગર્સનો કાર્યક્રમ યોજાયો



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧લી મે, ૨૦૨૨ ગુજરાત રાજ્ય સ્થાપના દિનની ઉજવણી નિમિતે કવિ શ્રી રમેશ પારેખ રંગદર્શન, રેસકોર્ષ ખાતે રિયાલિટી મ્યુઝિકલ શો ઈન્ડિયન આઈડોલના સુપ્રસિદ્ધ સિંગર્સ દ્વારા સપ્તરંગી સાંજનો કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય રાજ્યના માન. પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે કરાયું. આ પ્રસંગે રાજ્યના વાહન વ્યવહાર મંત્રીશ્રી અરવિંદભાઈ રૈયાણીની વિશેષ ઉપસ્થિતિ રહેલ. કાર્યક્રમના અદ્યક્ષ સ્થાને મેયર ડૉ. પ્રદિપ ડવ ઉપસ્થિત રહેલ.

આ અવસરે સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ બીનાબેન આચાર્ય, બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ ઉદયભાઈ કાનગડ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, રાજકોટ જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, રોમા માણેક, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પરેશભાઈ પીપળીયા તેમજ હજારોની સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમમાં રિયાલિટી મ્યુઝિકલ શો ઈન્ડિયન આઈડોલના સુપ્રસિદ્ધ સિંગરો પવનદિપ રાજન, અરુનીતા કાનજી લાલ, સાયલી કાંબલે, આશિષ કુલકર્ણી, સવાઈ ભાટ વગેરે દ્વારા મેરે દિલ યે બતાદે તું..., તેરી મીટી મેં મિલ જાવા..., ટીપ ટીપ બરસા પાની..., તેરી દીવાની..., પધારો મ્હારે દેશ..., એક લડકી કો દેખાતો..., લગ જા ગલે..., માઈ તેરી ચુનરિયા..., કૈસે હુઆ..., તેરી આંખો કે સિવા ઈસ દુનિયા મેં રખા ક્યા હે..., લાખો મિલે કોઈ ભી ના તુમસા મિલા..., યે દિલ તુમ બિન કહી લગતા નહી..., આઓ ના ગલે લગ જાઓના..., અજીબ દાસ્તા હે યે..., ચૌધરી કા ચાંદ હો..., એક મેં ઔર એક તું..., મહેંદી તે વાવી માળવે..., ચારચાર બંગળી વાળી ગાડી..., પિયા તું અબ તો આજા..., આફરીન..., ઉર્વશી..., મુકાબલા..., લંબી જુદાઈ... વગેરે ગીતોની રમઝટ બોલાવેલ અને શહેરીજનો પણ ઝૂમી ઉઠેલ.







# રાજકોટમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ યોજાયો




## ઈન્ડોનેશિયા, મલેશિયા, પોલેન્ડ, નેધરલેન્ડ અને સાઉથ આફ્રિકા સહિતના ૧૬ દેશોના તેમજ ભારતના વિવિધ રાજ્યોના કુલ ૯૯ પતંગબાજોએ ભાગ લીધો

રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન વિભાગના સંયુક્ત ઉપક્રમે તા.૧૨-૦૧-૨૦૨૩ના રોજ ધર્મેન્દ્રસિંહજી કોલેજના ગ્રાઉન્ડ ખાતે ‘‘આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૩’’ યોજાયો હતો. જેનું દીપ પ્રાગટ્ય રાજ્યસભાના માન. સંસદ સભ્યશ્રી રામભાઈ મોકરીયા તથા ઉપસ્થિત સૌ મહાનુભાવોના વરદ્ હસ્તે થયેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને માન. મેયર ડૉ. પ્રદિપ ડવ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંસદ સભ્ય-રાજકોટ માન.શ્રી મોહનભાઈ કુંડારીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણી, ધારાસભ્ય અને ડે. મેયર શ્રી ડૉ. દર્શિતાબેન શાહ, ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલ, નાયબ મ્યુનિસિપલ કમિશનર આશિષ કુમાર, શહેર ભાજપ મહામંત્રીશ્રીઓ શ્રી કિશોરભાઈ રાઠોડ, જીતુભાઈ કોઠારી, શાસક પક્ષ નેતા શ્રી વિનુભાઈ ઘવા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પરેશભાઈ પીપળીયા, વાઈસ ચેરમેન સંજયસિંહ રાણા તથા વિદેશથી આવેલા તથા દેશના જુદા જુદા રાજ્યોના પતંગબાજો અને નગરજનો ઉપસ્થિત રહેલ.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલે સૌનું શાબ્દિક સ્વાગત કરેલ, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પરેશભાઈ પીપળીયા, વાઈસ ચેરમેન સંજયસિંહ રાણાએ ઉપસ્થિત મહાનુભાવોનું પુસ્તક વડે તેમજ પતંગ મહોત્સવમાં પધારેલા દેશ વિદેશના પતંગબાજોનું બાળાઓએ કંકુ તિલક વડે સ્વાગત કરેલ. આ પતંગ મહોત્સવમાં ઈન્ડોનેશિયા, મલેશિયા, પોલેન્ડ, નેધરલેન્ડ અને સાઉથ આફ્રિકા સહિતના ૧૬ દેશોના ૪૧ કાઈટીસ્ટો (પતંગબાજો) તેમજ ભારતના રાજસ્થાન, સિક્કિમ, મધ્યપ્રદેશ, પોંડીચેરી, તેલંગણા કર્ણાટક અને ઓડીસા સહિતના ૭ રાજ્યોમાંથી ૧૮ તેમજ રાજકોટ સહિત ગુજરાતના એમ કુલ મળીને ૯૯ પતંગબાજોએ ભાગ લીધેલ. કાર્યક્રમના અંતે સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પરેશભાઈ પીપળીયાએ આભારવિધિ કરી હતી.



> “ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતને વધુને વધુ ગૌરવ પ્રાપ્ત થાય તે દિશામાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ભારત સરકારશ્રી સતત કાર્યરત છે. તેવી જ રીતે ગુજરાતમાં પણ વૈશ્વિક સ્તરના જુદા-જુદા પ્રકારના આયોજનો થઇ રહ્યા છે જેનાથી ગુજરાતનું ગૌરવ પણ વધી રહ્યું છે. ”



**- શ્રી રામભાઈ મોકરીયા**
**માનનીય સાંસદશ્રી, રાજ્યસભા**

## ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ દ્વારા સરાહના




# રાજકોટ મહાનગરપાલિકાની પાંચ આવાસ યોજનાઓને IGBC મોમેન્ટો એનાયત

### આવાસ યોજનામાં ઉર્જાના સામાન્ય ઉપયોગ માટે સોલાર PV સીસ્ટમ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, ઘરમાં આરામદાયક વાતાવરણ જાળવવા માટે બહારની બાજુએ કેવિટી વોલ



તારીખઃ ૨૨-૦૬-૨૦૨૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અત્યાર સુધીમાં વિવિધ આવાસ યોજનાઓ અંતર્ગત આશરે ૩૪,૦૦૦થી વધારે આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં સમાજના ઓછી આવક ધરાવતા તેમજ મધ્યમવર્ગીય સહીત દરેક વર્ગના લોકોને ધ્યાનમાં રાખીને EWS તથા LIG પ્રકારના આવાસો બનાવવામાં આવેલ છે. જેમાં પાણી, ડ્રેનેજ, સ્ટ્રીટલાઈટ વિગેરે જેવી જરૂરી તમામ આંતરમાળખાકીય સુવિધાઓ આપવામાં આવેલ છે. આવાસોની સાથે આંગણવાડી તેમજ શોપિંગ સેન્ટર પણ બનેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવતી આવાસ યોજનાઓમાં ગ્રીન બિલ્ડિંગ કોન્સેપ્ટને આધારિત આયોજન કરવામાં આવે છે. ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાએ બનાવેલ પાંચ આવાસ યોજનાઓને IGBC મોમેન્ટો એનાયત કરવામાં આવેલ છે. આ મોમેન્ટો મેયરશ્રી ડૉ. પ્રદિપ ડવ, ડે. મેયરશ્રી કંચનબેન સિધ્ધપુરા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ, શાસક પક્ષના નેતાશ્રી વિનુભાઈ ઘવાએ તા. ૨૧-૦૬-૨૦૨૩ના રોજ સ્વીકારેલ.

આવાસ યોજનામાં ઉર્જાના સામાન્ય ઉપયોગ માટે સોલાર PV સીસ્ટમ, વરસાદી પાણીના બચાવ માટે રેઈન વોટર હાર્વેસ્ટિંગ, ઘરમાં આરામદાયક વાતાવરણ જળવાઈ રહે તે માટે બહારની બાજુએ કેવિટી વોલ (પોલાણવાળી દિવાલ)ની સુવિધા, કોમન લાઈટિંગ માટે LED બલ્બનો ઉપયોગ, કન્સ્ટ્રકશન વેસ્ટને બાંધકામના જુદા જુદા પ્રકારમાં પુનઃઉપયોગની વ્યવસ્થા કરવામાં આવે છે. ચણતર માટે AAC બ્લોકસનો ઉપયોગ કરવામાં આવે છે. બિલ્ડિંગનું ઓરીએન્ટેશન ઉત્તર-દક્ષિણ દિશા તરફનું રાખવામાં આવેલ છે અને તમામ આવાસોમાં ક્રોસ વેન્ટીલેશન રાખેલ છે, જેથી આવાસમાં હવા ઉજાસ બની રહે. આ સુવિધાઓ સાથે બનાવવામાં આવેલ પાંચ આવાસ યોજનાઓને ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (IGBC) દ્વારા IGBC મોમેન્ટો આપવામાં આવેલ છે.

## કઈ-કઈ આવાસ યોજનાઓ સન્માનિત થઈ ?



અંબિકા ટાઉનશિપ પાસે સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં આવેલ EWS-II કેટેગરીની પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉનશિપ, સરદાર વલ્લભભાઈ પટેલ ટાઉનશિપ, સ્વામી વિવેકાનંદ ટાઉનશિપ તેમજ મવડી-પાળ રોડ પર સ્થિત LIG કેટેગરીની શિવ ટાઉનશિપ અને MIG કેટેગરીની મીરાબાઈ ટાઉનશિપને આ મોમેન્ટો પ્રાપ્ત થયેલ છે. આ પાંચેય આવાસ યોજનાઓમાં કુલ ૧૫૩૪ લાભાર્થીઓ રહે છે.

# રાજકોટમાં હરવા ફરવા માટે નવા રમણીય સ્થળો



## આજી ડેમ પાસે નિર્માણ પામ્યું ‘રામવન’ અર્બન ફોરેસ્ટ

## અટલ સરોવરને આખરી ઓપ



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા થોડા સમય પૂર્વે જ લોકોને હરવા-ફરવા માટે આજી ડેમ પાસે રામવન અર્બન ફોરેસ્ટ બનાવવામાં આવેલ છે. પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર એવું આ સ્થળ લોકોમાં ખૂબ જ પ્રિય બન્યું છે ત્યારે હવે લોકોને ટૂંક સમયમાં જ હરવા ફરવા માટે વધુ એક ખૂબસુરત સ્થળની ભેટ મળવા જઇ રહી છે. આ સ્થળ છે સ્માર્ટ સિટી એરિયામાં નિર્માણ પામેલ અટલ સરોવર. આ પ્રોજેક્ટનું આગામી થોડા સમયમાં જ લોકાર્પણ કરવામાં આવી શકે છે. રામવનની માફક અટલ સરોવર પણ લોકોમાં એટલી જ ચાહના પ્રાપ્ત કરશે તેવી રાજકોટ મહાનગરપાલિકાને આશા છે.

રૂ.૧૩૬ કરોડના ખર્ચે (૧૫ વર્ષના OM અને રેવન્યુ શેરિંગ સાથે) નિર્માણ પામેલ અટલ સરોવર પ્રોજેક્ટ ૧,૦૦,૦૦૦ ચો.મી. વિસ્તારમાં વોટર બોડીનો વિકાસ તેમજ ૨,૦૦,૦૦૦ ચોરસ મીટર જમીનમાં પેરિફેરલ ડેવલપમેન્ટ છે. જેમાં આર્કિટેક્ચરલ ફીચર્સ જેમ કે પ્રોમેનેડ, ચિલ્ડ્રન પ્લે એરિયા, ટ્રાફિક ગાર્ડન, સિનિયર સિટિઝન ગાર્ડન, ઓપન જીમ, ગઝેબો, ૪૨ ગ્રામ હટ, ફ્લાવર બેડ, બોટનિકલ ગાર્ડન, સોલાર ક્લોક, સુપર ટ્રી, એન્ટ્રન્સ પ્લાઝા, વ્યુઇંગ ડેક, ભુલભુલામણી ગાર્ડન, CI આધારિત ગ્રીલ કમ્પાઉન્ડ વોલ, ટ્રેલીઝ, ટેનસાઈલ કેનોપી, એમ્ફીથિયેટર, પાર્ટી પ્લોટ વગેરે છે. મનોરંજન સુવિધાઓમાં ફેરિઝ વ્હીલ, ટોય ટ્રેન,





ફ્લોટિંગ જેટી, બોટિંગ, ફાઉન્ટેન આધારિત લાઇટ એન્ડ સાઉન્ડ શો, ૭૦ મીટર અને ૪૦ મીટર ઊંચાઈનો ફ્લેગ માસ્ટ વગેરેનો સમાવેશ છે. મૂળભૂત સુવિધાઓમાં ૭ ટોયલેટ બ્લોક, સિક્યોરિટી કેબિન, ડસ્ટ બિન, ૧ ઓપન ફૂડ કોર્ટ, ૧ ક્લોઝ ફૂડ કોર્ટ, સાયકલ ટ્રેક, જોગિંગ ટ્રેક, અપર અને લોઅર પ્રોમેનેડ, જનરલ પાથવે, ૨ પાર્કિંગ સ્ટ્રક્ચર, ફ્રેમવાળા એન્ટ્રી એક્ઝિટ ગેટ, કમ્પાઉન્ડ વોલ, ઇનલેટ સ્ટ્રક્ચર, આઉટલેટ સ્ટ્રક્ચર વગેરેનો સમાવેશ થાય છે.